અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

01 FEBRUARY-2026 SUNDAY | Vol. : 17 | Issue : 210 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

'ભીખ માગતી વખતે શરમથી માથું ઝૂકી જાય છે':PM શાહબાઝે પાકિસ્તાનની પોલ ખોલી, કહ્યું- લોન અમારા આત્મસન્માન પર બહુ મોટો બોજ, કોમ્પ્રોમાઇઝ કરવું પડે છે

4

ભારત અને ઈયુ વચ્ચેનાં કરારથી આમ જનતાને શું ફાયદો થશે?? એ પ્રશ્ન વિચારવાં જેવો ખરો!

6

'સિકંદર'ની નિષ્ફળતા પર રશ્મિકા મંદાનાએ મૌન તોડ્યું

7

ચાંદીમાં ₹1.10 લાખથી વધુનો કડાકો, ₹2.91 પર પહોંચી : સોનું પણ 20,000 રૂપિયા સસ્તું થયું, કારણ પ્રોફિટ બુકિંગ

## મી સુનેત્રા અજિત પવાર...: અજિતના નિધનના ચોથા દિવસે સુનેત્રા પવાર બન્યા મહારાષ્ટ્રનાં પ્રથમ મહિલા Dy.CM

**મહારાષ્ટ્ર, તા.31**

અજિત પવારના પત્ની સુનેત્રા પવાર શનિવારે મહારાષ્ટ્રના પ્રથમ મહિલા ડેપ્યુટી સીએમ બન્યા. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે લોકભવનમાં સુનેત્રાને શપથ લેવડાવ્યા. શપથગ્રહણ સમારોહ અંદાજે 12 મિનિટ સુધી ચાલ્યો. શરદ પવારની આ સમારોહમાં સૂચક હાજરી રહી. આ અગાઉ દિવસ દરમિયાન NCP ધારાસભ્ય દળ અને વિધાન પરિષદના સભ્યોની વિધાન ભવનમાં બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં સુનેત્રાને પાર્ટીના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ડેપ્યુટી CMના શપથ લેતા પહેલા સુનેત્રાએ રાજ્યસભાના સાંસદ પદેથી રાજીનામું આપી દીધું હતું. અજિત પવારનું ચાર દિવસ પહેલા 28 જાન્યુઆરીએ બારામતીમાં પ્લેન ક્રેશમાં નિધન થયા બાદ ડેપ્યુટી CM પદ ખાલી પડ્યું હતું. પીએમએ X પર લખ્યું, સુનેત્રા પવારજીને મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી તરીકે પોતાનો કાર્યકાળ શરૂ કરવા બદલ ખૂબ-ખૂબ શુભેચ્છાઓ. તેઓ આ જવાબદારી સંભાળનારા પ્રથમ મહિલા છે. મને વિશ્વાસ છે કે તેઓ રાજ્યના લોકોના કલ્યાણ માટે કામ કરશે અને સ્વર્ગસ્થ અજિત દાદાના વિઝનને પૂર્ણ કરશે. મુંબઈમાં સુનેત્રા પવારના શપથ ગ્રહણ સમારોહ વચ્ચે, સાંસદ સુપ્રિયા સુલે અજિત પવારના માતા આશાતાઈ પવારને મળવા માટે કાટેવાડી પહોંચ્યા. સુનેત્રા પવારને NCP ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કર્યા બાદ NCP નેતાઓએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે મુલાકાત કરી. મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી છગન ભુજબળે જણાવ્યું હતું કે, સુનેત્રા પવારને NCP ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે. હવે અમે મુખ્યમંત્રીને મળીશું, સુનેત્રા પવાર મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ બનશે. પાર્થ પવારે બારામતીમાં શરદ પવારના ઘરે જઈને તેમને મનાવ્યા. પાર્થે



સુપ્રિયા સુલે સાથે પણ વાત કરી. શરદ પવારને પાર્થ પવારે શપથ ગ્રહણ સમારોહમાં આમંત્રણ આપ્યું છે. જોકે, શરદ પવાર કાર્યક્રમમાં હાજર રહેશે કે નહીં, તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. એનસીપીના તમામ ધારાસભ્યોને સાંજે 4.30 વાગ્યે રાજભવનના લોકભવનમાં બોલાવવામાં આવ્યા છે. અહીં સુનેત્રા પવાર સાંજે 5 વાગ્યે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. આ પ્રસંગે સુનેત્રા પવારના પરિવારના સભ્યો પણ હાજર રહેશે. મહારાષ્ટ્રના રાજભવનમાં છેલ્લો શપથ ગ્રહણ સમારોહ 5 ડિસેમ્બર, 2024ના રોજ યોજાયો હતો, જ્યારે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને અજિત પવારે શપથ લીધા હતા. હવે, 13 મહિના અને 26 દિવસ પછી, અજિતના પત્ની સુનેત્રા એ જ રાજભવનમાં શપથ ગ્રહણ સમારોહનું આયોજન કરાયું છે. નાયબ મુખ્યમંત્રી પદના શપથ લેતા પહેલા પવારે રાજ્યસભા સાંસદ પદેથી રાજીનામું આપ્યું. તેઓ 18 જૂન, 2024ના રોજ રાજ્યસભા સાંસદ બન્યા હતા. આ રાજીનામું જરૂરી છે કારણ કે બંધારણની કલમ 190(1) હેઠળ, કોઈપણ વ્યક્તિ એક સાથે કેન્દ્રીય સંસદ (રાજ્યસભા) અને રાજ્ય સરકારમાં મંત્રી પદ સંભાળી શકતી નથી. શિવસેનાના નેતા સંજય નિરૂપમે કહ્યું, 'આ NCPનો આંતરિક મામલો છે. બધા ધારાસભ્યો અને NCP નેતૃત્વ માનતા હતા કે અજિત દાદાના અવસાનથી સર્જાયેલી ખાલી જગ્યા તાત્કાલિક ભરવી જોઈએ.' મારું માનવું છે કે આ દૃષ્ટિકોણનો આદર કરવો જોઈએ અને તેના પર બિનજરૂરી વિવાદ ન હોવો જોઈએ. NCPના બે જૂથોના સંભવિત વિલીનીકરણના અહેવાલો અંગે તેમણે કહ્યું, 'બંને NCPનું વિલીનીકરણ તેમનો આંતરિક મામલો છે. આપણે આ વિષય પર વધુ કંઈ કહેવું જોઈએ નહીં.'

## શાહે કહ્યું- બંગાળમાં SIRથી ઘૂસણખોરો બહાર થશે:જે રહી જશે તેમને ભાજપના CM કાઢી મુકશે

**બંગાળ, તા.31**

ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળના નોર્થ પરગણામાં કહ્યું કે, મમતા સરકાર ઘૂસણખોરોને સંરક્ષણ આપી રહી છે. બંગાળના લોકો TMCને ઉખાડી ફેંકશે. તેમની વિદાયનો સમય આવી ગયો છે. મમતાજીને CAAનો જેટલો વિરોધ કરવો હોય તેટલો કરી લે. મતદાર યાદીમાંથી ઘૂસણખોરોને કાઢવા જ પડશે. જે બાકીના ઘૂસણખોરો રહી જશે તેમને ભાજપના સીએમ આવીને કાઢી મુકશે. વર્ષ 2026 TMCને 'ટાટા, બાય-બાય' કહેવાનું વર્ષ છે. વર્ષ 2026 TMCને 'ટાટા, બાય-બાય' કહેવાનું વર્ષ છે. TMC તો સામ્યવાદીઓથી પણ આગળ નીકળી ગઈ છે. જ્યારે હું પહેલા આવ્યો હતો, ત્યારે મેં કહ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં ભારે બહુમતીથી BJP ની સરકાર બનશે. તે સમયે મમતા બેનર્જી મારી મજાક ઉડાવી રહ્યા હતા. પરંતુ જ્યારે ભગવાન રામે રામ સેતુ બનાવ્યો હતો, ત્યારે રાવણે પણ આ જ રીતે તેમની મજાક ઉડાવી હતી. 2024 માં ત્રણ દાયકા પછી પહેલીવાર મોદી સતત ત્રીજીવાર આ દેશના વડાપ્રધાન બન્યા છે. 24માં જ અમે આંધ્ર પ્રદેશમાં સરકાર બનાવી. અમે ઓડિશામાં સરકાર બનાવી.



અરુણાચલમાં ત્રીજીવાર સરકાર બનાવી. 2025 માં હરિયાણા, મહારાષ્ટ્ર અને દિલ્હીમાં 30 વર્ષ પછી સરકાર બનાવી અને 25 ના અંત સુધીમાં બિહારમાં પણ પ્રચંડ બહુમતી સાથે ભાજપ અને NDA ની સરકાર બની. જેટલા પણ લોકો આઝાદીના સંઘર્ષમાં શહીદ થયા, જેમને ફાંસીના માંચડે લટકાવવામાં આવ્યા તેમનો છેલ્લો શબ્દ પણ વંદે માતરમ્ જ હતો. મોદી સરકારે વંદે માતરમ્ના 150 વર્ષ પૂરા દેશમાં ઉજવવાનો નિર્ણય લીધો છે. પણ કમનસીબી જુઓ કે વંદે માતરમનો ઉદ્ભવ બંગાળની ધરતી પરથી થયો, બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજીએ કર્યું. તે જ વંદે માતરમ પર જ્યારે સંસદમાં ચર્ચા થઈ રહી હતી, ત્યારે મમતા બેનર્જીના સાંસદો તે ચર્ચાનો વિરોધ કરી રહ્યા હતા. આનંદપુરમાં લાગેલી આગ કોઈ અકસ્માત નથી. 25 લોકોના જીવ ગયા છે, અને 27 લોકો ગુમ છે. આ ઘટના શા માટે બની? આ મોમો ફેક્ટરીમાં કોના પૈસા લાગેલા છે? મોમો ફેક્ટરીના માલિક કોણ છે? આનંદપુર ગોડાઉનમાં લાગેલી આગ ચીસો પાડીને કહી રહી છે કે તેમાં મમતા બેનર્જીના લોકો સામેલ છે. જો મમતા બેનર્જી તેને છુપાવવા માંગે છે, પરંતુ એપ્રિલ પછી, જ્યારે ભાજપ સરકાર આવશે, ત્યારે અમે આ આગના દોષિતોને પકડી પકડીને જેલમાં ધકેલીશું. ખરેખરમાં 26 જાન્યુઆરીએ આનંદપુરમાં એક ફેક્ટરીમાં આગ લાગવાથી 25 લોકોના મોત થયા હતા.

## વધુ બે ટાંકી બની જીવતો બોમ્બ? પાણી બહાર નીકળ્યું : સુરતમાં જેની ટાંકી ધરાશાયી થઇ હતી એ જ કંપની બનાવી રહી છે આ ટાંકીઓ, અધિકારીનો બચાવ: લીકેજ નહીં, ક્ષાર છે

**સુરત, તા.31**

9 જાન્યુઆરી, 2026ના રોજ સુરતના કામરેજ તાલુકાના ગાયપગલા ગામમાં લોકોને તાપીનું શુદ્ધ પાણી મળી રહે એ માટે 21 કરોડના ખર્ચે ટાંકી બનાવવામાં આવી હતી. નવીનક્કોર ટાંકીની ટ્રાયલ કરવા માટે પાણી ઉપર ચડાવવામાં આવ્યું અને અડધીપડધી ભરાઈ ત્યાં તો કડડડભૂસ થઈને તૂટી પડી હતી. આ હલકી ગુણવત્તાવાળી ટાંકી બનાવનારી 'જયંતી સુપર' કંપની દ્વારા મહેસાણામાં બે ટાંકી બનાવાઈ છે. આ બન્ને ટાંકીમાં તિરાડ પડવાની અને પાણી લીકેજ થતું હોવાની ફરિયાદો ઊભી થઈ છે. આ મામલે પૂર્વ કોર્પોરેટરે જણાવ્યું હતું કે સુરત જેવી ઘટના ન બને એ માટે કાળજી




લેવી જરૂરી. ઉલ્લેખનીય છે કે અમૃત 2.0 યોજના હેઠળ 120 કરોડનો પ્રોજેક્ટ મહેસાણા શહેરમાં 'અમૃત 2.0' યોજના અંતર્ગત અંદાજે રૂ.120 કરોડના ખર્ચે પાણીપુરવઠાનાં કામો ચાલી રહ્યાં છે. આ કામગીરીનો કોન્ટ્રેક્ટ વિવાદાસ્પદ 'જયંતી સુપર' કંપનીને સોંપવામાં આવ્યો છે. આ મામલે પૂર્વ કોર્પોરેટર જનક બ્રહ્મભટ્ટે તંત્ર અને કંપની પર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે મહેસાણામાં જે નવી ટાંકીઓ બની રહી છે એમાં અત્યારથી જ તિરાડો અને ભેજ-ભીનાશ દેખાવા લાગ્યાં છે. સુરત જેવી હોનારત મહેસાણામાં ન સર્જાય એ માટે આ કામગીરીની તાત્કાલિક તપાસ થવી જોઈએ.

## ઉત્તરાખંડના કાલાપાનીમાં પારો માઈનસ 35°:આંખમાં આંસુ થીજી જાય છે તો પણ જવાનોનું પેટ્રોલિંગ ચાલુ

**દિલ્હી, તા.31**

દેશના ઉત્તરીય વિસ્તારોમાં ફરી એકવાર ઠંડી પાછી ફરી છે. સવારે રાજધાની દિલ્હી, ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ, ચંદીગઢ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને હિમાચલના ઘણા જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ છવાયેલું રહ્યું. ઉત્તર પ્રદેશના 4 જિલ્લાઓ, મધ્ય પ્રદેશના 5 જિલ્લાઓ, પંજાબના 4 જિલ્લાઓ, હરિયાણાના 3 જિલ્લાઓ સહિત રાજસ્થાન, બિહાર, દિલ્હીમાં શનિવારે સવારનું તાપમાન 4 થી 8 ડિગ્રીની વચ્ચે રહ્યું. જોકે, જમ્મુ-કાશ્મીર અને ઉત્તરાખંડના ઊંચાઈવાળા પહાડી વિસ્તારોમાં આજે પણ હિમવર્ષા થઈ. ઉત્તરાખંડના પિથોરાગઢમાં ભારત-નેપાળ-ચીન બોર્ડર પાસે તાપમાન માઈનસ 35 ચાલી રહ્યું છે. અહીં એટલી ઠંડી છે કે થોડીવાર બહાર રહેવાથી આંખના આંસુ પણ થીજી જાય છે. કાલાપાની વિસ્તારમાં સશસ્ત્ર સીમા બળના જવાનો સ્પેશિયલ ચશ્મા પહેરીને ચીન બોર્ડર પર પેટ્રોલિંગ કરી રહ્યા છે. અહીં નદીઓ, નાળાઓ અને ઝરણાં થીજી ગયા છે. 23 જાન્યુઆરી પછી થયેલી ભારે હિમવર્ષાને કારણે નળ અને ઝરણાનું પાણી થીજી ગયું છે. જવાનોને પીવા અને રસોઈ બનાવવા માટે બરફને ઓગાળવો પડી રહ્યો છે. જમ્મુ-કાશ્મીરમાં તીવ્ર શિયાળાનો 40 દિવસનો તબક્કો, જેને ચિલ્લઈ કલાં કહેવાય છે, તે 30 જાન્યુઆરીએ સમાપ્ત થયો. આ સાથે જ જમ્મુ-કાશ્મીરના ઘણા વિસ્તારોમાં રાત્રિના લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે. શુક્રવારે શ્રીનગરનું તાપમાન 0C થી વધીને 1.30C થયું. ગુરુવારે રાત્રે તે -0.6C હતું.

## સુરતમાં 10 દિવસની માસૂમનો 'સોદો' 1કરવાનો પ્રયાસ:બે મહિલાઓ મહારાષ્ટ્રથી બાળકીને લાવી

**અમદાવાદ, તા.31**

અમદાવાદમાંથી બાળ તસ્કરીનો પર્દાફાશ થયા બાદ હવે સુરતમાં પણ 10 દિવસની બાળકીની તસ્કરીનો મામલો સામે આવ્યો છે. મહારાષ્ટ્રના સંભાજીનગરથી માત્ર 10 દિવસની બાળકીને સુરત લાવી વેચવાનો પ્રયાસ કરી રહેલી 2 મહિલાઓને પોલીસે ઝડપી પાડી છે. બેથી અઢી લાખ રૂપિયામાં માસૂમ બાળકીનો સોદો કરવાનો પ્લાન હતો. મહિલાઓ દ્વારા અલગ અલગ વ્યકિતઓને મોબાઈલ પર બાળકીના ફોટોગ્રાફ મોકલવામાં આવ્યા હતા. બંને મહિલાઓ મહારાષ્ટ્રથી કોની પાસેથી બાળકી લાવ્યા તેની તપાસ હાલ ચાલી રહી છે. આ પહેલા પણ



આ રીતે કોઈ બાળકનો સોદો કરાયો છે કે નહીં તે દિશામાં પણ પોલીસે તપાસ શરૂ કરી છે. ક્રાઈમ બ્રાંચના ઈન્સ્પેક્ટર જાડેજા, પીએસઆઈ પઢિયાર અને તેમની ટીમને એક ચોક્કસ હકીકત મળી હતી કે, સુરતના વેડરોડ વિસ્તારમાં 2 મહિલાઓ એક નવજાત બાળકીને ક્યાંકથી લાવી છે અને તેને સુરત શહેરમાં કોઈ ગ્રાહકને વેચવા માટે પ્રયત્નો કરી રહી છે. આ ગંભીર ગુનાની જાણ થતા જ પોલીસે 30/01/2026 ના રોજ વેડરોડ સ્થિત વિશ્રામનગર સોસાયટીના રાંદલ પાર્ક એપાર્ટમેન્ટમાં પ્લોટ નંબર 196, 197 માં આવેલ ફ્લેટ

## દાવો- રાજસ્થાનની સાધ્વીનું ઇન્જેક્શનથી મૃત્યુ થયું:પિતા બોલ્યા- તેમના અંતિમ શબ્દો હતા 'મને ન્યાય અપાવજો'

**રાજસ્થાન, તા.31**

આ રાજસ્થાનના કથાવાચક સાધ્વી પ્રેમ બાઈસા (ઉં.વ.23)ના પિતા વીરમનાથ (ગુરુજી)નું કહેવું છે. તેમના મતે, ખોટા ઈન્જેક્શનને કારણે બાઈસાનો જીવ ગયો. સમગ્ર ઘટનાક્રમમાં સવાલોના ઘેરામાં આવેલા પિતા વીરમનાથે શુક્રવારે ભાસ્કર ડિજિટલ સાથે ખાસ વાતચીત કરી. તેમણે દાવો કર્યો કે પ્રેમ બાઈસાએ અંતિમ સમયે તેમને કહ્યું હતું કે "ગુરુજી, મને ન્યાય અપાવજો." આ જ ઉદ્દેશ્યથી 4 કલાક પછી સોશિયલ મીડિયા (ઈન્સ્ટાગ્રામ) પર મેં જ પોસ્ટ મુકાવી હતી. ખરેખર, કથાવાચક સાધ્વી પ્રેમ બાઈસાનું બુધવારે (28 જાન્યુઆરી) શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું હતું. શુક્રવારે (30 જાન્યુઆરી) બાલોતરાના પરેઉ ગામમાં આશ્રમમાં સંત પરંપરા અનુસાર સમાધિ આપવામાં આવી. વીરમલાથે જણાવ્યું કે 27 જાન્યુઆરીની રાત્રે અજમેરથી જોધપુર પરત ફર્યા હતા. 28 જાન્યુઆરીની સવારે પ્રેમ બાઈસાને ગળામાં ખરાશ અને શરદીની ફરિયાદ હતી. 31 જાન્યુઆરીએ અજમેર અને ફેબ્રુઆરીમાં ચંદીગઢ અને અજમેરમાં મોટા ધાર્મિક કાર્યક્રમો પ્રસ્તાવિત હતા. આમાંથી એક કાર્યક્રમમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ આવવાના હતા. આ દરમિયાન અજમેરથી પરત ફર્યા બાદ બાઈસાના ગળામાં કફની સમસ્યા વધી ગઈ, તો સારવાર માટે કમ્પાઉન્ડર દેવીલાલ સિંહને બોલાવ્યો હતો. પહેલા પણ એકવાર તે જ કમ્પાઉન્ડર આવ્યો હતો, પરંતુ ત્યારે તેણે ફક્ત દવાઓ આપી હતી. આ વખતે તેણે ઈન્જેક્શન લગાવ્યું. પરંતુ જેવો ઈન્જેક્શન આપવામાં આવ્યો, 30 સેકન્ડમાં બાઈસાની હાલત બગડી ગઈ. તેઓ ચીસો પાડવા લાગ્યા અને તેમને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. તેમના મોં અને નાકમાંથી કફ નીકળવા લાગ્યો. ગેટ સુધી પહોંચતા પહોંચતા તેઓ બેહોશ થઈ ગયા હતા. વીરમભાઈના જણાવ્યા અનુસાર, કમ્પાઉન્ડર સાથે ફોન પર વાત કરતા તેણે ઈન્જેક્શનને "નોર્મલ" ગણાવ્યો હતો.



# એકતરફી પ્રેમમાં પાગલ શખસે પ્રેમિકાની માતા-ભાઈનું અપહરણ કર્યું : રાજકોટ યુનિવર્સિટી પોલીસે ચારેય આરોપીની ત્રંબા પાસેથી ધરપકડ કરી

### જનકપુરીના ક્વાર્ટરની બાજુમાં આવેલ મહાદેવના મંદિર પાસે જતા એક અજાણ્યા વ્યક્તિને પુછતા જાણવા મળ્યું કે એક એર્ટીગા કારમાં એક બહેન તથા છોકરાને બળજબરીથી બે વ્યકિતઓ ગાડીમા બેસાડીને લઇ ગયા છે.








**રાજકોટ, તા.31**

રાજકોટ શહેરના સાધુ વાસવાણી રોડ ઉપરથી માતા અને પુત્રનું એકતરફી પ્રેમમાં પાગલ શખસે કારમાં અપહરણ કરી લેતા બનાવ અંગે યુનિવર્સિટી પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી પોલીસે તાત્કાલિક અલગ અલગ ટીમો બનાવી ગણતરીની કલાકોમાં બંને માતા-પુત્રને ત્રંબા નજીકથી છોડાવી અપહરણ કરનાર ચાર શખસોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, પોલીસ તપાસમાં આરોપી પ્રેમી બાબુ ઉર્ફે કૃણાલ મીઠારની પ્રેમિકાના લગ્ન પરિવારજનો દ્વારા બીજે નક્કી કરી દેવામાં આવતા રોષે ભરાયેલ પ્રેમીએ પ્રેમિકાની માતા અને તેના ભાઈનું કારમાં અપહરણ કરી લઇ ગયો હતો. જેમાં તેને તેના મિત્રોએ પણ સાથ આપ્યો હતો. હાલ પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી અપહરણની ફરિયાદમાં પોલીસે તાત્કાલિક અલગ અલગ ટીમો બનાવી આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન ભાવનગર રોડ પર ત્રંબા નજીકથી આર્ટીગા કાર મળી આવી હતી. જોકે, તેમાં આરોપી કે માતા-પુત્ર મળી આવ્યા ન હતા. દરમિયાન જાણવા મળ્યું હતું કે, આરોપી કાર બદલાવી પરત રાજકોટ તરફ ભાગ્યાં છે ત્યારે ફરી પોલીસે તેનો પીછો કરતાં ભાવનગર રોડ પરથી આરોપીને આંતરી માતા-પુત્રને મુક્ત કરાવ્યાં હતા અને આરોપી બાબુ ઉર્ફે કૃણાલ માલા મિઠાર (ઉ.વ.29), ભરત જીવા કલોત્રા (ઉ.વ.30), અલ્પેશ ઠાકોર (ઉ.વ.20) અને જયદિપ લીંબાસીયા (ઉ.વ.24)ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સાધુ વાસવાણી રોડ પર રહેતાં 55 વર્ષીય પ્રૌઢે યુનિવર્સિટી પોલીસમાં બાબુ ઉર્ફે કૃણાલ અને તેના મિત્રો વિરુદ્ધ અપહરણની ફરિયાદ નોંધાવી હતી. જેમા જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રીના 8 વાગ્યાની આસપાસ તેઓ ટીફીન લઈ કે.કે.વી હોલ પાસે આવેલ બ્લીંકીટના સ્ટોર ખાતે નોકરી પર જતા હતા ત્યારે અગાઉ પાડોશમાં રહેતો બાબુ ઉર્ફે કુણાલ જેને મારી દીકરી સાથે પ્રેમ સંબંધ હતો. મારી દીકરીના અમદાવાદ લગ્ન કરાવી દીધા હતા. જેથી કુણાલ તથા તેનો મિત્ર ભરત કુણાલની સફેદ કલરની આર્ટીગા ગાડી લઈ તેમની પાછળ આવતા હતા, જેમાં કુણાલ ગાડી ચલાવતો હતો જેથી તેઓ સાધુવાસવાણી રોડ પર ગંગોત્રી ડેરી પાસે આવેલી મૈયાભાઈની ચાની હોટલે ઉભા રહી ગયા હતા. આરોપીઓ ફોવ્હીલર લઈ સામેની બાજુ ઉભા હતા જેથી પ્રૌઢે પત્નીને ફોન કર્યો હતો કે આપણો જુનો પાડોશી કુણાલ તથા તેનો મિત્ર ભરત બંને તેની કાર લઈ મારી પાછળ પાછળ આવે છે. બાદમાં પત્ની મૈયાભાઈની હોટેલ ખાતે આવ્યા હતા અને પાછળથી દીકરો પણ ત્યાં આવ્યો હતો. થોડીવાર પછી આરોપીઓ કાર લઈને જતા રહ્યા હતાં જેથી પત્ની તથા દીકરાને ઘરે મોકલી દીધા હતા અને પોતે ત્યાથી બ્લીંકીટના સ્ટોર નોકરી પર જતા રહ્યા હતા. બાદમાં 9.15 વાગ્યે પત્નીને ફોન કર્યો હતો પરંતુ પત્નીએ ફોન ઉપાડ્યો ન હતો જેથી તે ઘરે પહોંચી દીકરીને પૂછતાં તેને જણાવ્યું કે, મમ્મી તથા ભાઈ બંને ઘરે આવ્યા નથી જેથી આસપાસમાં તપાસ કરી હતી. જનકપુરીના ક્વાર્ટરની બાજુમાં આવેલ મહાદેવના મંદિર પાસે જતા એક અજાણ્યા વ્યક્તિને પુછતા જાણવા મળ્યું કે એક એર્ટીગા કારમાં એક બહેન તથા છોકરાને બળજબરીથી બે વ્યકિતઓ ગાડીમા બેસાડીને લઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે, આરોપી કુણાલને ફરિયાદીની દીકરી સાથે લગ્ન કરવા હોય અને દીકરીના લગ્ન કરાવવા ન હોય અને તેણીના લગ્ન અમદાવાદ ખાતે કરાવતા કુણાલએ ઉશ્કેરાઈ માતા પુત્રને બળજબરીથી ગાડીમા બેસાડી અપહરણ કરી નાસી છૂટ્યો હતો. હાલ પોલીસે આરોપીઓ પાસેથી એક અર્ટિગા કાર અને એક ઓરા કાર કબ્જે કરી રિમાન્ડ મેળવવા તપાસ તજવીજ હાથ ધરી છે. આરોપી બાબુ ઉર્ફે કૃણાલ વિરુદ્ધ અગાઉ વર્ષ 2016માં પોક્સો સહીત કલમ હેઠળ ગઢડા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાઈ ચુકી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

# ચોટીલા પાસેની બે હોટલમાં ચાલતો દેહવ્યાપારનો ધંધો:નાયબ કલેક્ટરે ડમી ગ્રાહકો મોકલી રેડ કરી

## વ્યક્તિ દીઠ રૂ.1 હજાર વસૂલતા; હોટલના માલિકોને નોટિસ ફટકારી

**ચોટીલા, તા.31**



યાત્રાધામ ચોટીલાની બાજુમાં આવેલી કેટલીક હોટેલોમાં દેહવ્યાપારનો ધંધો ચાલતો હોવાની માહિતી મળતા જ નાયબ કલેક્ટરે ડમી ગ્રાહક મોકલી રેડ કરી હતી. જેમાં બે હોટલમાં દેહવ્યાપારની પ્રવૃતિ થતી હોવાનું સામે આવ્યું હતું. જેથી આ બન્ને હોટલના માલિકોને નોટિસ ફટકારવામાં આવી હતી. આ અંગે વિગતવાર જોઈએ તો ચોટીલાના નાયબ કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ એચ.ટી. મકવાણાને ચોટીલા યાત્રાધામની આસપાસની હોટલોમાં દેહવ્યાપારની પ્રવૃતિ ચાલતી હોવાની વિશ્વસનીય માહિતી મળી હતી. આ પ્રવૃત્તિ યાત્રિકો અને નાગરિકોની ભાવનાઓ અને આસ્થાને ઠેસ પહોંચાડી રહી હતી. આ માહિતીની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, તેની ખરાઈ કરવા માટે અધિકૃત ટીમ અને ડમી ગ્રાહકોને વિવિધ હોટલોમાં મોકલવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન, બે હોટલોમાં દેહવ્યાપાર જેવી ગંભીર, ગેરકાયદેસર અને અનૈતિક પ્રવૃત્તિઓ ખુલ્લેઆમ ચાલતી હોવાનું માલુમ પડ્યું હતું. આ પ્રવૃત્તિ હેઠળ એક વ્યક્તિ દીઠ રૂ. 1000 વસૂલ કરવામાં આવતા હતા. ચોટીલાની સીટી પેલેસ હોટલ કે જેના માલિક છે દેવાભાઈ ભીખાભાઈ આલ તેમજ બાલાજી હોટલ કે જેના માલિક છે ગભરૂભાઈ ભોજભાઈ કાઠી દરબાર. આ બન્ને હોટલો આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી હોવાનું સામે આવ્યું છે. ખાનગી રાહે મોકલેલી અધિકૃત ટીમ અને ગ્રાહકો દ્વારા કરાયેલી અચાનક તપાસમાં આ બંને હોટલોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલતી હોવાનું સામે આવ્યું હતું. તેથી, Immoral Traffic (Prevention) Act, 1956 (અનૈતિક વેપાર (નિવારણ) અધિનિયમ 1956) ની કલમ 18 (1) હેઠળ મળેલી સત્તાની રૂએ બંને હોટલના માલિકોને દેહવ્યાપારની પ્રવૃતિઓ બંધ કરવા અને હોટલો સીલ કરવા માટે ક્લોઝર નોટિસ ફટકારીને નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વહીવટીતંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, જો ચોટીલા ડિવિઝનમાં આવી કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલુ હોય અથવા તેમના ધ્યાનમાં આવે, તો તેઓ ખાનગી રાહે માહિતી આપી શકે છે. આ અંગે ચોટીલા નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણાએ જણાવ્યું હતું કે, રાજ્યની અંદર અનૈતિક વેપાર નિવારણ અધિનિયમ 1956 મુજબ દેહવ્યાપાર પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આવા અનૈતિક વેપાર કરવો એ ગુનો બને છે. આજથી 15 દિવસ પહેલા અમોને વિશ્વસનીય અને આધારભૂત સૂત્રો પાસેથી માહિતી મળી હતી કે, ચોટીલા યાત્રાધામની આજુબાજુ આવેલી હોટલ અને નેશનલ હાઈવે 47 પર આવેલી અમુક હોટલોની અંદર આવી અનૈતિક વેપાર પ્રવૃતિઓ ચાલે છે. આ ખુબ જ ગંભીર મામલો હોય અને ચોટીલા એ એક પવિત્ર યાત્રાધામ હોય તેમજ નાગરિકો અને યાત્રિકોની ભાવના અને આસ્થાને ઠેસ પહોંચે તેવી કોઈ પણ પ્રવૃતિઓ ચલાવી લેવાય નહીં. એને ધ્યાનમાં રાખીને અમે અધિકૃત ટીમો બનાવી ચોટીલામાં ગ્રાહકોની વ્યવસ્થા કરી અને જુદી જુદી હોટલોની અંદર આ ટીમોને અને ગ્રાહકોને મોકલ્યા હતા.

# 66 વર્ષીય વૃદ્ધે એન્ટિક ખજાનાનું અનોખું મ્યુઝિયમ બનાવ્યું

### વિવિધ પ્રકારના કોઇન્સ, બ્રિટિશકાળના દસ્તાવેજો, 100 વર્ષની ટપાલ ટિકિટોનો સંગ્રહ, ફાર્મહાઉસમાં અનેક પ્રકારનાં ફળોનું વાવેતર

**સુરેન્દ્રનગર, તા.31**



સુરેન્દ્રનગર જિલ્લામાં પાટડી તાલુકાના માલણપૂર ગામમાં 66 વર્ષીય વૃદ્ધે એક અનોખુ મ્યુઝિયમ બનાવ્યું છે. મુઘલ કાળના, રજવાડાના અને પૌરાણિક સિક્કાઓ સાથે તાંબા પિતળ તેમજ જર્મન સિલ્વરની જૂની એન્ટીક ચીજોનો સંગ્રહ જોવા મળે છે, સાથે બે વીઘા જમીનમાં પોતાનું ફાર્મ હાઉસ બનાવ્યું છે. જેમાં જામફળ, આંબળા, ચિકુ, દાડમ, લીંબુ, બોર સહીત અંજીર, ઈલાયચી, લાલ ચંદનના છોડ વચ્ચે અબોલ પક્ષીઓનો ક્લરવ સાંભળવા મળે છે. 66 વર્ષના નિવૃત શિક્ષક હિંમત પનારા પોતાની પત્ની પ્રભાબેન પનારા સાથે કુદરતના સાનિધ્યમાં પ્રકૃતિ સાથે દુર્લભ સંસ્કૃતિનો અનોખો સંગમ વચ્ચે પોતાનું નિવૃત જીવન ગાળે છે. હિંમત પનારાએ પોતાના ફાર્મમાં જામફળના 500 ઝાડ, આંબાના 30 ઝાડ, 30 ચીકુના ઝાડ, 30 દાડમના ઝાડ, 30 લીંબુના ઝાડ, 30 બોરના ઝાડનું વાવેતર કર્યું છે. આ ઉપરાંત વિવિધ પ્રકારના ફળોના વૃક્ષોની જાતો જેમાં 7 રાયણ, 7 સંતરા, 7 મોસંબી, 7 સીતાફળ, 7 અંજીર, 20 નાળિયેરી, 7 આંબલા, 3 સેતુર, 3 ગુંદો, 3 તજ, 5 ઈલાયચી, 5 તજપત્તા (તમાલપત્ર), 3 સફરજન, 5 લાલ ચંદન, 2 ગોરસ આંબલી, 2 લક્ષ્મણ ફળ, 2 રામફળ, 2 હનુમાનફળ, 10 જાંબુડા સફળતા પૂર્વક ઉગાડ્યા છે. હિંમત પનારા કહે છે કે, ફાર્મ હાઉસમાં 50 ટકા ફળો અમારા પક્ષીઓ માટે હોય છે. પહેલા અહીં પક્ષીઓની સંખ્યા શૂન્ય હતી. અત્યારે ફાર્મ હાઉસમાં વિવિધ 20થી વધુ પ્રકારના 800થી 1000 જેટલા પક્ષીઓ આવે છે. હિંમત પનારાએ પોતાના નાનપણના શોખને આગળ વધારતા વિવિધ પ્રકારના એન્ટીક કોઈન્સનો સંગ્રહ જેમાં મુઘલ કાળના સિક્કાઓ, રજવાડાના સિક્કાઓ, પૌરાણિક સિક્કાઓ, બ્રિટિશ કાળના સિક્કાઓ, બ્રિટિશ ઈન્ડિયાના સિક્કાઓ જેમાં લગભગ 14મી સદીથી 2000ની સદીના તમામ દેશી અને વિદેશી સિક્કાઓનો અનોખો સંગ્રહ કર્યો છે. સાથે એમણે તાંબા, પિતળ તથા જર્મન સિલ્વરની જૂની એન્ટીક ચીજોનો સંગ્રહ કર્યો છે, જેમાં રમકડાં, દીવા, મૂર્તિઓ, જૂના રસોડા સેટ, ટીફીનો, તાંબા કુંડીઓ, અત્તરદાનીઓ, જર્મન સિલ્વરના જગ, કીટલીઓ (ટી-સેટ), ડીનર સેટ, બાળકોને રમવાના રમકડા, બેડા, ડોલ, મીનીચેયર, કોતરણીવાળા લોટા, ઘડા, જળઝારી, વિવિધ જાતની પાનદાની, પિત્તળના વજનદાર રમકડાં, હાથી, ઘોડા, ઉંટ, હથિયારો, નૃત્ય કરતી મૂર્તિઓ, પોટ્રીશિલ્પો, ગાંધીજી, સરદાર, મીરાંબાઈ, રવિન્દ્રનાથ ટાગોર, તમામ ડિઝાઈનના આદિવાસીના ઘરેણાં, ઓલ્ડ ઓર્નામેન્ટ્સ, તલવારની મુઠ, હુક્કા, તોલવાના નાના મોટા ત્રાજવાઓ પિત્તળના 10 ગ્રામથી 10 કિલો સુધીના બાટ જેવા લગભગ 4,000થી વધુ એન્ટીક પીસોનો દુર્લભ સંગ્રહ એમની પાસે છે.

# સુરેન્દ્રનગરમાંથી દોઢ કરોડનો દારૂ ઝડપાયો : હરિયાણાથી ગુજરાતમાં દારૂ પહોંચતા જ SMC ત્રાટકી

**સુરેન્દ્રનગર, તા.31**



ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે સુરેન્દ્રનગર જિલ્લાના માલવણ ગામ નજીક આવેલી આલીશાન હોટલમાં પાર્ક કરેલી ટ્રકમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. હરિયાણાથી ટ્રકમાં કવરિંગ પ્લાયબોર્ડની આડમાં દારૂની 33,816 બોટલ સંતાડી ગુજરાતમાં ઘૂસાડવામાં આવી રહ્યો હતો ત્યારે જ SMC ત્રાટકી હતી. પોલીસે દોઢ કરોડના દારૂ સાથે ડ્રાઈવરની ધરપકડ કરી છે. SMC દ્વારા 30 જાન્યુઆરી, 2026ના રોજ કરાયેલા આ દરોડામાં રૂ. 1,50,48,800ની કિંમતની દારૂની 33,816 બોટલ મળી આવી હતી. આ દારૂ હરિયાણાના જુંડલ તેમજ જટવારમાં લિકર પ્રાઈવેટ લિમિટેડ તેમજ ઓએસિસ કોમર્શિયલ પ્રાં.લિમિટેડમાં બનાવવામાં આવ્યો હતો. આ દારૂ હરિયાણાથી ટ્રકમાં કવરિંગ પ્લાયબોર્ડની આડમાં ભરી ગુજરાતમાં ઘૂસાડવામાં આવ્યો હતો. જોકે, આ ટ્રક સુરેન્દ્રનગરના માલવણ ગામ નજીકની હોટલમાં પાર્ક કરવામાં આવ્યો હતો. જ્યાં SMCની ટીમે દરોડો પાડી દારૂ સાથે ટ્રક ચાલકને ઝડપી પાડ્યો હતો. દારૂ ઉપરાંત, પોલીસે રૂ. 15,00,000ની કિંમતનો એક ટર્બો ટ્રક, રૂ. 5,000નો એક મોબાઈલ ફોન અને રૂ. 3,00,000ની કિંમતના કવરિંગ પ્લાયબોર્ડ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આમ, કુલ રૂ. 1,68,53,800નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ કેસમાં પોલીસે ઓરૈયા (ઉત્તર પ્રદેશ)ના રહેવાસી ટ્રક ચાલક સત્યેન્દ્ર પાલ બલવીરસિંગની ધરપકડ કરી છે. આ ઉપરાંત, દારૂના રિસીવર તરીકે સુરેન્દ્રનગરના ગેડિયા ગામના બિલકીસબાનુ હનીફખાન મલેક અને ઈસ્માઈલખાન બિસ્મીલાખાન મલેક, ઝેઝરી ગામના અકીબખાન ઈલમખાન મલેક તેમજ દારૂના સપ્લાયર તરીકે ઉદયપુર, રાજસ્થાનના પ્રીતમસિંગ સહિત ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

# 'અમને બધાને મારી નાખો, પછી વિકાસ કરો':રાજકોટમાં મોટેપાયે ડિમોલિશનના ડરથી રહીશો રડી પડ્યા

**રાજકોટ, તા.31**





રાજકોટ જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા જંગલેશ્વર સહિત આસપાસની 7 જેટલી સોસાયટીના 1358 પરિવારોને ડિમોલિશન માટેની ફાઈનલ નોટિસ આપવામાં આવી છે. અસરગ્રસ્તોએ તાજેતરમાં મોટી સંખ્યામાં કલેક્ટર કચેરીએ દોડી જઈને ઉગ્ર રજૂઆતો કરી હતી. રૂ. 400 કરોડની કિંમતની અંદાજે 1.05 લાખ ચો. મીટર જગ્યા ખાલી કરવાની નોટિસ મળતાં અનેક પરિવારો ચિંતામાં મુકાઈ ગયા છે. અહીંના લોકોની વ્યથા જાણવા જંગલેશ્વરમાં પહોંચ્યું હતું. અમે રાધાકૃષ્ણ સોસાયટીનાં વેલનાથજી મંદિરે પહોંચ્યા ત્યારે અહીં મહિલાઓ સહિત 50 જેટલા લોકો એકઠા થયા હતા. ડિમોલિશનની નોટિસ મળતાં જ આશરો છીનવાઈ જવાની ભીતિમાં ગરીબ પરિવારો જોવા મળ્યા હતા. સ્થાનિકોએ તંત્ર સહિત નેતાઓ સામે પણ આક્રોશ ઠાલવ્યો હતો. અનેકે તો ઘરમાં રાંધ્યું પણ નહોતું. જ્યાં જુઓ ત્યાં લોકો એકત્ર થઈને હવે શું થશે? ક્યાં જઈશું? જેવી ચર્ચા કરતા જોવા મળ્યા હતા. દિવ્ય ભાસ્કર સમક્ષ પોતાની વ્યથા વર્ણવતાં એક મહિલા તો રડી પડી હતી. અન્ય વૃદ્ધાએ કહ્યું હતું કે અમને બધાને મારી નાખે અને પછી મકાનો પાડીને જે વિકાસકામો કરવાં હોય એ કરે. તો વેલનાથજી મંદિરના મહંતે કહ્યું કે હજારો લોકોને આશરો આપતા મંદિરને પણ આ લોકોએ છોડ્યું નથી, તેણે પણ તોડી પાડવા નોટિસ આપી છે. રાધાકૃષ્ણ નગરના વેલનાથજી મંદિરમાં છેલ્લાં 50 વર્ષથી વસવાટ કરતા મહંત મનુભાઈ ધેણોજાએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું કે જ્યારે તેઓ અહીં રહેવા આવ્યા ત્યારે આ વિસ્તારમાં છૂટાછવાયાં જ મકાનો હતાં. સમય જતાં વસતિ વધી અને લોકોની સુવિધા માટે આશરે 35 વર્ષ પહેલાં તમામ સમાજના લોકોએ સાથે મળી વેલનાથજી મંદિરનું નિર્માણ કર્યું હતું. મંદિર પાછળનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે મધ્યમ અને ગરીબવર્ગના લોકો, જેઓ મોંઘા વાડીના ભાડા ખર્ચી શકતા નથી, તેઓ પોતાના પ્રસંગો અને જમણવાર અહીં યોજી શકે છે. આ મંદિરમાં લગ્ન કે અન્ય સામાજિક પ્રસંગો માટે 40 કે 50,000 જેવું મોટું ભાડું વસૂલવામાં આવતું નથી. માત્ર વાસણ, લાઈટ અને પાણીના ખર્ચ પેટે નજીવી રકમ લઈને લોકોને પ્રસંગો કરવાની મંજૂરી આપવામાં આવે છે, જેથી ગરીબ લોકો પણ પોતાનાં દીકરા-દીકરીનાં લગ્ન સારી રીતે કરી શકે છે, જોકે તંત્રએ કોરોના સહિતના કપરા સમયમાં હજારોને આશરો આપનારા આ મંદિરને પણ છોડ્યું નથી. એનું પણ ડિમોલિશન કરવાની નોટિસ આપવામાં આવી છે. મહંતના જણાવ્યા મુજબ, આ ડિમોલિશન માટે હુસેની ચોકથી લઈને નાડોદા સુધીના વિસ્તારમાં આશરે 3500થી 4000 જેટલા લોકોને નોટિસ ફટકારવામાં આવી છે. તંત્ર દ્વારા આશરે 1300 મકાનો તોડી પાડવાની વાત કરવામાં આવી રહી છે, પરંતુ હકીકતમાં 4000 જેટલા લોકોને નોટિસ આપવામાં આવી છે. એના કારણે આશરે 1.5થી 2 લાખ જેટલા લોકોની વસતિ પ્રભાવિત થઈ શકે એમ છે. આટલી મોટી સંખ્યામાં લોકોને ઘરબાર વગરના કરવાના તંત્રના નિર્ણય સામે સ્થાનિકોમાં ભારે અજંપો વ્યાપેલો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# 'ભીખ માગતી વખતે શરમથી માથું ઝૂકી જાય છે':PM શાહબાઝે પાકિસ્તાનની પોલ ખોલી, કહ્યું- લોન અમારા આત્મસન્માન પર બહુ મોટો બોજ, કોમ્પ્રોમાઈઝ કરવું પડે છે

**ઈસ્લામાબાદ, તા.31**

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝે વિદેશી દેવાં પર દેશની વધતી નિર્ભરતા અંગે નારાજગી વ્યક્ત કરી છે. ન્યૂઝ એજન્સી ANI મુજબ, શાહબાઝે શુક્રવારે સ્વીકાર્યું હતું કે દેશની ખરાબ આર્થિક સ્થિતિને કારણે તેમને વારંવાર વિદેશપ્રવાસે જઈને લોન માગવી પડી હતી. પાકિસ્તાની વડાપ્રધાન રાજધાની ઈસ્લામાબાદમાં બિઝનેસ લીડર્સને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું, 'હું તમને કહેવા માગું છું કે જ્યારે ફિલ્ડ માર્શલ અસિમ મુનીર અને હું દુનિયાભરમાં પૈસા માગવા જઈએ છીએ ત્યારે અમને શરમ આવે છે.' શાહબાઝે વધુમાં કહ્યું કે લોન લેવી એ અમારા આત્મસન્માન પર બહુ મોટો બોજ છે. ઘણીવાર અમારે કોમ્પ્રોમાઈઝ કરવું પડે છે. ઘણીવાર અમે તેમની શરતોને 'ના' પણ નથી કહી શકતા. શહબાઝે એમ પણ કહ્યું હતું કે દેવાંનો બોજ દેશની ઈજ્જત પર ભારે પડી રહ્યો છે અને હવે વૈકલ્પિક આર્થિક રસ્તાઓ શોધવાની જરૂર છે. તેમનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પાકિસ્તાન IMF પાસેથી મદદ અને જૂનાં દેવાંને રોલઓવર (આગળ વધારવા) કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

પીએમ શહબાઝના નિવેદન પરથી સ્પષ્ટ છે કે પાકિસ્તાન ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે અને આંતરરાષ્ટ્રીય મદદ પર ખૂબ નિર્ભર બની ગયું છે. શહબાઝે ચીનને "દરેક મોસમનો મિત્ર" ગણાવ્યો અને કહ્યું કે સાઉદી અરેબિયા, યુએઈ અને કતારે પણ સારા-ખરાબ દરેક સમયે પાકિસ્તાનનો સાથ આપ્યો છે.

પાકિસ્તાનની અર્થવ્યવસ્થા આ જ દેશોના સહારે ટકી રહી છે. આ જ દેશો વિદેશી મુદ્રા ભંડારને સંભાળવામાં અને ચુકવણી સંતુલન સંકટથી બચાવવામાં મદદ કરી રહ્યા છે. વડાપ્રધાને દેશમાં વધતી ગરીબી અને બેરોજગારી પર પણ ચિંતા વ્યક્ત કરી. તેમણે સ્વીકાર્યું કે રિસર્ચ, ડેવલપમેન્ટ અને ઈનોવેશન પર પૂરતું કામ થયું નથી.

પાકિસ્તાનમાં ગરીબી વધીને વસતિના લગભગ 45% સુધી પહોંચી ગઈ છે. એનું કારણ મોંઘવારી, પૂર અને આર્થિક અસ્થિરતા છે. બેરોજગારી દર લગભગ 7.1% થઈ ગયો છે અને 80 લાખથી વધુ લોકો બેરોજગાર છે. 2018માં જ્યાં 21.9% લોકો ગરીબી રેખા નીચે હતા, હવે આ આંકડો લગભગ 45% જણાવવામાં આવી રહ્યો છે. અત્યંત ગરીબી 4.9%થી વધીને 16.5% સુધી પહોંચી ગઈ છે. પાકિસ્તાનની નિકાસ હજુ પણ કાપડ ઉદ્યોગ પર નિર્ભર છે. સોફ્ટવેર, કૃષિ અને પશુપાલનમાં સંભાવના છે, પરંતુ માળખાકીય નબળાઈઓ અને ઓછી ઉત્પાદકતા વિકાસમાં અવરોધરૂપ છે. દેશ પર કુલ



સરકારી દેવું માર્ચ 2025 સુધીમાં 76,000 અબજ રૂપિયાથી વધુ થઈ ગયું છે, જે ચાર વર્ષમાં લગભગ બમણું થઈ ગયું છે. પાકિસ્તાન દેવું ચૂકવવા અને ડિફોલ્ટથી બચવા માટે વારંવાર IMF અને ચીન પર નિર્ભર છે. બેરોજગારી દર લગભગ 7.1% થઈ ગયો છે અને 80 લાખથી વધુ લોકો બેરોજગાર છે. 2018માં જ્યાં 21.9% લોકો ગરીબી રેખા નીચે હતા, હવે આ આંકડો લગભગ 45% જણાવવામાં આવી રહ્યો છે. અત્યંત ગરીબી 4.9%થી વધીને 16.5% સુધી પહોંચી ગઈ છે. પાકિસ્તાનની નિકાસ હજુ પણ કાપડ ઉદ્યોગ પર નિર્ભર છે. સોફ્ટવેર, કૃષિ અને પશુપાલનમાં સંભાવના છે, પરંતુ માળખાકીય નબળાઈઓ અને ઓછી ઉત્પાદકતા વિકાસમાં અવરોધરૂપ છે. દેશ પર કુલ સરકારી દેવું માર્ચ 2025 સુધીમાં 76,000 અબજ રૂપિયાથી વધુ થઈ ગયું છે, જે ચાર વર્ષમાં લગભગ બમણું થઈ ગયું છે. પાકિસ્તાન દેવું ચૂકવવા અને ડિફોલ્ટથી બચવા માટે વારંવાર IMF અને ચીન પર નિર્ભર છે. ચીને પાકિસ્તાનને રાહત આપવા માટે તેની લોન ચૂકવવાની સમયમર્યાદા લંબાવી દીધી છે. વર્ષ 2024-25માં આ મદદ લગભગ 4 અબજ ડોલરની હોવાનું મનાય છે. આ ઉપરાંત ચીને પાકિસ્તાનમાં વીજળી પરિયોજનાઓ, રસ્તાઓ, બંદરો અને અન્ય માળખાકીય કાર્યોમાં 60 અબજ ડોલરથી વધુનું રોકાણ કર્યું છે. સાઉદી અરેબિયાએ ડિસેમ્બર 2024માં પાકિસ્તાનની સેન્ટ્રલ બેંકમાં 3 અબજ ડોલર જમા કરાવ્યા. ત્યાર બાદ વર્ષ 2025માં પાકિસ્તાનને લગભગ 1.2 અબજ ડોલરનું તેલ ઉધાર પર આપવામાં આવ્યું, જેથી તાત્કાલિક ચુકવણીનું દબાણ ન આવે. સાઉદી અરેબિયાએ ખાણકામ, ખેતી અને સૂચના ટેકનોલોજીના ક્ષેત્રમાં 5થી 25 અબજ ડોલર સુધીનું રોકાણ કરવાના સંકેતો પણ આપ્યા છે.

UAEએ પાકિસ્તાનને 2 અબજ ડોલરની લોન ચૂકવવા માટે મુદત આપી હતી

સંયુક્ત આરબ અમીરાત (UAE)એ 2025ની શરૂઆતમાં પાકિસ્તાનની 2 અબજ ડોલરની લોન ચૂકવવાની સમયમર્યાદા લંબાવી દીધી હતી, સાથે જ વીજળી, બંદરોના સંચાલન અને ગંદા પાણીના શુદ્ધીકરણના પ્રોજેક્ટ્સમાં 10થી 25 અબજ ડોલરનું રોકાણ કરવાનું વચન આપ્યું છે.

કતારે પાકિસ્તાનમાં 3 અબજ ડોલરના રોકાણને અમલમાં મૂકવા માટે કરાર કર્યો છે. આ રોકાણ ઉડ્ડયન, ખેતી અને પર્યટન સંબંધિત ક્ષેત્રોમાં થશે. કતાર પાકિસ્તાનને ગેસ સપ્લાય કરનારો પણ એક મોટો દેશ છે.

આ બધા દેશોની મદદથી જ આ સમયે પાકિસ્તાનની અર્થવ્યવસ્થા કોઈક રીતે ચાલી રહી છે. આ મદદ ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર અને વિશેષ રોકાણ સુવિધા પરિષદ જેવા સરકારી માળખાં દ્વારા આપવામાં આવી રહી છે, જે આ સમયે પાકિસ્તાનની આર્થિક કરોડરજ્જુ બની રહ્યા છે.

જેલમાં બંધ ઈમરાન આંધળા થઈ જશે!:CRVO નામની બીમારી, તાત્કાલિક સારવારની જરૂર; પાક. સરકારે કહ્યું- જેલમાં જ સારવાર કરીશું, પરિવારે કહ્યું- સારી હોસ્પિટલમાં સર્જરી થાય

જેલમાં બંધ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના સ્વાસ્થ્યને લઈને તેમની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI) એ ગંભીર ચેતવણી આપી છે. પાર્ટીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર નિવેદન જારી કરીને કહ્યું છે કે જો ઈમરાન ખાનને તાત્કાલિક અને યોગ્ય સારવાર ન મળી, તો તેમની એક આંખની રોશની કાયમી ધોરણે જઈ શકે છે અને તેઓ અંધ પણ થઈ શકે છે.

# એપ્સટિન ફાઈલ્સમાં ભારતીય ફિલ્મ-ડિરેક્ટર મીરા નાયરનું નામ : યૌન ગુનેગારના ઘરે પાર્ટીમાં ગયાં હતાં

**યુએસ, તા.31**

યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે શુક્રવારે મોડીરાત્રે એપ્સટિન સેક્સ સ્કેન્ડલ સંબંધિત નવી ફાઈલો જાહેર કરી, જેમાં જેફરી એપ્સટિનના કેટલાક ઈ-મેલનો ખુલાસો થયો. અમેરિકન મીડિયા ન્યૂયોર્ક પોસ્ટ અનુસાર, જાણીતાં ભારતીય ફિલ્મ-દિગ્દર્શક મીરા નાયરનું નામ પણ ફાઈલોમાં સામે આવ્યું છે. મીરા નાયર સંબંધિત ઈ-મેલ 21 ઓક્ટોબર, 2009ના રોજ અમેરિકન ફિલ્મ પબ્લિસિસ્ટ પેગી સીગલે એપ્સટિનને મોકલ્યો હતો. એમાં પેગી સિગલે લખ્યું છે કે તે ગિસ્લિન મેક્સવેલ (એપ્સટિનની ગર્લફ્રેન્ડ અને દોષિત ગુનેગાર)ના મેનહટન ટાઉનહાઉસમાં પાર્ટી પછી હમણાં જ પાછી આવી હતી. મીરા નાયર ન્યૂયોર્ક શહેરના મેયર ઝોહરાન મમદાનીની માતા છે. મેક્સવેલે મીરા નાયરની ફિલ્મની રિલીઝની ઉજવણી માટે એક પાર્ટીનું આયોજન કર્યું હતું. મેક્સવેલના ઘરે યોજાયેલી પાર્ટી મીરા નાયરની 2009ની ફિલ્મ 'અમેલિયા' સાથે જોડાયેલી હતી,



જેમાં હિલેરી સ્વેન્કે એવિએટર એમેલિયા ઈયરહાર્ટ અને રિચાર્ડ ગેરે તેના પતિ જ્યોર્જ પુટનમ તરીકે અભિનય કર્યો હતો. ઈ-મેલમાં, સીગલે કહ્યું કે પાર્ટીમાં ભૂતપૂર્વ યુએસ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન, એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ અને મીરા નાયર સહિત ઘણી અગ્રણી હસ્તીઓ હાજર હતી. આ ઈ-મેલ શુક્રવારે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ દ્વારા બહાર પાડવામાં આવેલી નવી ફાઈલોનો એક ભાગ છે. આ ફાઈલો 2012 અને 2013 દરમિયાન ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્ક અને એપ્સટિન વચ્ચેના ઈમેલ એક્સચેન્જનો ખુલાસો કરે છે. એપ્સટિને મસ્કને ઘણી વખત તેમના પ્રાઈવેટ આઈલેન્ડ પર આમંત્રણ આપ્યું હતું. આ ઈમેઈલ દર્શાવે છે કે એપ્સટિનને મસ્ક સાથે પ્રવાસની તારીખો, હેલિકોપ્ટરની વ્યવસ્થા અને ત્યાં યોજાનારી પાર્ટીઓ અંગે ચર્ચા કરી હતી. એપ્સટિને 2012માં ક્રિસમસ માટે મસ્કને ટાપુ પર આમંત્રણ આપ્યું હતું, જોકે મસ્કે ના પાડી દીધી.

# હોલીવુડ અભિનેત્રીએ મુઘલ બેગમ નૂરજહાંનો તાજમહેલ નેકલેસ પહેર્યો : 74 કરોડ કિંમત

**લોસ એન્જલસ, તા.31**

હોલીવુડ અભિનેત્રી માર્ગોટ રોબી તેમની આગામી ફિલ્મ વુથરિંગ હાઈટ્સના પ્રચાર માટે બુધવારે રેડ કાર્પેટ પર ગ્લેમરસ લુકમાં જોવા મળી. આમાં તેમના સહ-અભિનેતા જેકબ એલોર્ડી પણ સામેલ હતા. લોસ એન્જલસના ટીસીએલ ચાઈનીઝ થિયેટરમાં ફિલ્મના વર્લ્ડ પ્રીમિયર પર માર્ગોટે એક ભવ્ય ગાઉન પહેર્યું. આ લુક ખૂબ જ સુંદર અને વિન્ટેજ સ્ટાઈલનો હતો, પરંતુ ખરી હેડલાઈન્સ તેમના નેકલેસે બનાવી. માર્ગોટે મુઘલ બેગમ નૂરજહાંનો ઐતિહાસિક તાજમહેલ ડાયમંડ નેકલેસ પહેર્યો. આ 69.42 કેરેટનો હાર્ટ શેપનો ટેબલ-કટ ડાયમંડ છે અને તેને ગોલ્ડ અને રૂબીથી બનેલી કાર્ટિયર ચેઈનમાં સેટ કરવામાં આવ્યો છે. આ નેકલેસની કિંમત લગભગ 8 મિલિયન ડોલર (લગભગ 74 કરોડ રૂપિયા) જણાવવામાં આવી રહી છે. આ નેકલેસ 54 વર્ષ પહેલા, 1972માં અમેરિકન અભિનેત્રી એલિઝાબેથ ટેલરના પાંચમા પતિ રિચાર્ડ બર્ટને તેમના 40મા જન્મદિવસ પર ભેટ



આપ્યો હતો. તાજમહેલ ડાયમંડની અસલી કહાણી વધુ રોચક છે. આ દિલના આકારનો ડાયમંડ 17મી સદીનો છે, જેના પર ફારસી ભાષામાં 'પ્રેમ હંમેશા રહે છે' લખેલું છે અને નૂરજહાંનું નામ પણ કોતરવામાં આવ્યું છે. તેને મુઘલ સમ્રાટ શાહ જહાંગીરે પોતાની પત્ની નૂરજહાંને ભેટ આપ્યો હતો. બાદમાં તે તેમના પુત્ર શાહજહાં પાસે પહોંચ્યો, જેમણે તેને પોતાની પત્ની મુમતાઝ મહેલને આપ્યો. મુમતાઝના મૃત્યુ પછી શાહજહાંએ તાજમહેલ બનાવ્યો, જેના કારણે આ ડાયમંડને તાજમહેલ ડાયમંડ કહેવામાં આવવા લાગ્યો. નૂરજહાં મુઘલ સામ્રાજ્યની સૌથી શક્તિશાળી અને પ્રભાવશાળી બેગમ હતા. તેમણે 1611માં મુઘલ સમ્રાટ જહાંગીર સાથે લગ્ન કર્યા (આ તેમની 20મી પત્ની હતા). જહાંગીરે તેમને પહેલા નૂર મહેલ (મહેલની રોશની) અને બાદમાં નૂરજહાં (દુનિયાની રોશની)નો ખિતાબ આપ્યો. તે મુઘલ ઈતિહાસમાં એકમાત્ર એવી બેગમ હતી જેના નામ પર સિક્કા બનાવવામાં આવ્યા, ફરમાન જારી કરવામાં આવ્યા અને તેણે દરબારમાં જહાંગીર સાથે બેસીને શાસન ચલાવ્યું. નૂરજહાં મુઘલ દરબારમાં ફેશન અને સ્ટાઈલની રાણી માનવામાં આવતા હતા. તેમણે પોતે ડિઝાઈનર તરીકે કામ કર્યું અને ઘણા નવા ફેશન ટ્રેન્ડ શરૂ કર્યા. તેમણે નૂરમહલી ડ્રેસ જેવા ખાસ પોશાકો ડિઝાઈન કર્યા, જે હળવા, ફ્લોરલ પેટર્નવાળા કોટન અને મલમલમાંથી બનેલા હતા. તેમણે બદલા કિનારી, પંચતોલિયા (પાંચ રંગોવાળા ઝીણા કાપડ) અને દુદામી જેવા નવા ટેક્સટાઈલ અને ફેબ્રિક્સને લોકપ્રિય બનાવ્યા. તે પરફ્યુમ બનાવવામાં માહિર હતા અને અત્રિ જહાંગીરી નામનું પોતાનું ખાસ અત્તર બનાવતા હતા, જે ગુલાબના તેલમાંથી તૈયાર થતું હતું. તેની સ્ટાઈલમાં ફારસી, મુઘલ અને સેન્ટ્રલ એશિયન પ્રભાવનું મિશ્રણ હતું. નૂરજહાં મુઘલ ઈતિહાસની સૌથી ધનિક અને સ્વતંત્ર રીતે સમૃદ્ધ બેગમોમાંના એક હતા. નૂરજહાં 1645માં લાહોરમાં મૃત્યુ પામી અને જહાંગીરના મકબરા પાસે દફનાવવામાં આવી છે. તેની વિરાસત આજે પણ મુઘલ કલા, ફેશન અને મહિલાઓની શક્તિનું ઉદાહરણ છે. ઘણી સદીઓ પછી, 20મી સદીમાં આ હીરો અલગ-અલગ હાથોમાંથી પસાર થતો રહ્યો અને આખરે 1971માં ફ્રેન્ચ લક્ઝરી બ્રાન્ડ કાર્ટિયરે તેને ખરીદી લીધો. કાર્ટિયરે તેને સુંદર રીતે રી-ડિઝાઈન કર્યો. હીરાને જેડમાં માઉન્ટ કર્યો, લાલ રૂબી અને નાના કટ ડાયમંડ્સ સાથે સજાવ્યો અને એક ગોલ્ડ-રૂબી ચેઈન બનાવી જે મૂળ ભારતીય સિલ્ક કોર્ડ જેવી લાગે છે. ચેઈનમાં રોન્ડેલ્સ, એડજસ્ટેબલ સ્લાઈડ અને પાછળ ટેસલ્સ છે, જે તેને વધુ ભવ્ય બનાવે છે. 1972માં હોલીવુડ સ્ટાર રિચાર્ડ બર્ટન એલિઝાબેથ ટેલર માટે ભેટ શોધી રહ્યા હતા. તેમણે આ નેકલેસ એરપોર્ટ પર જોયો અને ગુપ્ત રીતે ખરીદી લીધો. તેમણે તે એલિઝાબેથને સરપ્રાઈઝ તરીકે આપ્યો. એલિઝાબેથે તેને ખૂબ પસંદ કર્યો અને તે તેમના જ્વેલરી કલેક્શનનો સૌથી ખાસ પીસ બની ગયો.

# બલુચિસ્તાનમાં એકસાથે 12 સ્થળોએ બલુચોનો હુમલો : 10 પોલીસકર્મીનાં મોત, ડેપ્યુટી કમિશનર કિડનેપ; PM શાહબાઝ બોલ્યા- આની પાછળ ભારત

**પાકિસ્તાન, તા.31**

પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં શનિવારે બલુચ લિબરેશન આર્મી (BLA)એ એકસાથે 12 સ્થળોએ હુમલા કર્યા. ન્યૂઝ એજન્સી AFP અનુસાર, હુમલામાં ઓછામાં ઓછા 10 સુરક્ષાકર્મીઓના મોત થયા છે. જ્યારે, પાકિસ્તાની સુરક્ષા દળોની જવાબી કાર્યવાહીમાં 37 લડવૈયાઓ પણ માર્યા ગયા. એક સુરક્ષા અધિકારીએ જણાવ્યું કે બલુચ વિદ્રોહીઓએ ક્વેટા, પસની, મસ્તુંગ, નુશ્કી અને ગ્વાદર જિલ્લામાં શનિવારે સવારે 12થી વધુ સ્થળોએ એકસાથે હુમલા કર્યા. રાજધાની ક્વેટામાં ઓછામાં ઓછા ચાર પોલીસકર્મીઓ માર્યા ગયા. જોકે, તે સ્પષ્ટ થઈ શક્યું નથી કે આ ચાર પોલીસકર્મીઓ તે 10 સુરક્ષાકર્મીઓમાં સામેલ છે કે નહીં. ક્વેટાના એક વરિષ્ઠ અધિકારીએ એમ પણ જણાવ્યું કે લડવૈયાઓએ નુશ્કી જિલ્લાના ડેપ્યુટી કમિશનરનું અપહરણ કરી લીધું છે. BLAએ તેને 'ઓપરેશન હેરોફ' નામ આપ્યું છે. હુમલા બાદ પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફે નિવેદન જારી કરીને દાવો કર્યો કે આ હુમલાઓ પાછળ ભારતનો હાથ છે. આ હુમલાઓની જવાબદારી બલૂચ લિબરેશન આર્મીએ લીધી છે. સંગઠને કહ્યું કે તેણે સૈન્ય ઠેકાણાઓ, પોલીસ અને પ્રશાસનિક અધિકારીઓને નિશાન બનાવ્યા. સાથે જ એવો પણ



દાવો કર્યો કે મુખ્ય હાઈવે બંધ કરવામાં આવ્યા, જેથી સેનાની કાર્યવાહીમાં અવરોધ ઊભો કરી શકાય. BLA લડવૈયાઓએ સોશિયલ મીડિયા પર એક વીડિયો જાહેર કરીને દાવો કર્યો છે કે તેમણે ક્વેટાના એક બજાર વિસ્તાર પર કબજો કરી લીધો છે. ક્વેટામાં AFPના એક પત્રકારે જણાવ્યું કે શહેરમાં અનેક ધમાકાના અવાજો સંભળાયા. સમગ્ર શહેરમાં ભારે સુરક્ષા તૈનાત કરી દેવામાં આવી, મુખ્ય રસ્તાઓ સૂમસામ રહ્યા અને વેપાર ઠપ થઈ ગયો. 38 વર્ષીય ખાનગી કર્મચારી અબ્દુલ વલીએ જણાવ્યું, "સવારથી સતત ધડાકા થઈ રહ્યા છે." તેમની માતા હોસ્પિટલમાં દાખલ છે અને તેમને લોહીની જરૂર હતી. તેમણે કહ્યું, "પોલીસ અમારા પર બંદૂક તાકે છે અને કહે છે કે પાછા જાઓ, નહીં તો મારીશું. આવા સંજોગોમાં અમે શું કરીએ?" આ હુમલા એવા સમયે થયા છે જ્યારે એક દિવસ પહેલા જ સેનાએ દાવો કર્યો હતો કે તેણે બલૂચિસ્તાનમાં બે અલગ-અલગ અભિયાનોમાં 41 વિદ્રોહીઓને ઠાર કર્યા છે. પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે નિવેદન જારી કરીને દાવો કર્યો કે આ હુમલાઓને નિષ્ફળ બનાવવામાં આવ્યા છે. તેમણે આ માટે સુરક્ષા દળોની પ્રશંસા પણ કરી. તેમણે કહ્યું કે તેમને અને સમગ્ર દેશને તેમના શહીદો પર ગર્વ છે. સાથે જ તેમણે આ હુમલાઓ પાછળ ભારતનો હાથ હોવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે દેશમાંથી આતંકવાદ સંપૂર્ણપણે ખતમ ન થાય ત્યાં સુધી આ લડાઈ ચાલુ રહેશે.

# દાવો-કેનેડાના દુશ્મનોને મળ્યા અમેરિકાના અધિકારીઓ : અલ્બર્ટાને આઝાદ દેશ બનાવવાના પ્રયાસમાં અલગતાવાદીઓ

**કેનેડા, તા.31**

કેનેડા અને અમેરિકાના સંબંધોમાં એક નવો વિવાદ શરૂ થયો છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકાના અધિકારીઓએ કેનેડાના આલ્બર્ટા પ્રાંતને અલગ દેશ બનાવવાની માંગ કરી રહેલા અલગતાવાદી જૂથના નેતાઓ સાથે મુલાકાત કરી. ફાઈનાન્સિયલ ટાઈમ્સના રિપોર્ટ મુજબ, ગયા વર્ષે એપ્રિલથી અત્યાર સુધી અમેરિકી વિદેશ વિભાગના અધિકારીઓ ત્રણ વખત આલ્બર્ટાના અલગતાવાદી નેતાઓને મળ્યા છે. આ નેતાઓ આલ્બર્ટાને કેનેડાથી અલગ કરીને એક સ્વતંત્ર દેશ બનાવવાની હિમાયત કરી રહ્યા છે. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ ગુરુવારે જણાવ્યું હતું કે તેમણે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ફોન કરીને કેનેડાની સાર્વભૌમત્વનું સન્માન કરવા જણાવ્યું હતું. કાર્નીએ કહ્યું કે તેમને આશા છે કે અમેરિકી પ્રશાસન કેનેડાના આંતરિક મામલાઓમાં દખલ નહીં કરે. કેનેડાથી આઝાદીની માંગ કરી રહેલા આ જૂથનું નામ આલ્બર્ટા પ્રોસ્પરિટી પ્રોજેક્ટ (APP) છે. આ સંગઠન આલ્બર્ટાની આઝાદી માટે જનમત સંગ્રહ (રેફરન્ડમ) કરાવવાની માંગ કરી રહ્યું છે. APPના નેતા અને સહ-સ્થાપક જેફ્રી રથે આલ્બર્ટાની આઝાદી માટે અમેરિકા પાસેથી 500 મિલિયન ડોલરની મદદ માંગી



છે. તેમણે 23 જાન્યુઆરીએ X પર પોસ્ટ કરીને જણાવ્યું કે તેઓ આવતા મહિને અમેરિકી ટ્રેઝરી વિભાગના અધિકારીઓ સાથે મુલાકાત કરશે. આ દરમિયાન અમેરિકા પાસેથી આ રકમને લોન તરીકે માંગવામાં આવશે. BBC સાથેની વાતચીતમાં જેફ્રીએ જણાવ્યું કે આલ્બર્ટા આઝાદ થશે ત્યારે આ પૈસાનો ઉપયોગ કરવામાં આવશે. આલ્બર્ટા પશ્ચિમી કેનેડાનો તેલ-સમૃદ્ધ પ્રાંત છે. તેની વસ્તી લગભગ 50 લાખ છે. CNNના રિપોર્ટ અનુસાર અહીં કેનેડાના કુલ ક્રૂડ ઓઈલ ઉત્પાદનનો લગભગ 84% હિસ્સો નીકળે છે. આ પ્રાંત લાંબા સમયથી પોતાને એનર્જી પ્રાંત" તરીકે જોતો રહ્યો છે. અલગતાવાદીઓનું કહેવું છે કે કેનેડા સરકારની આબોહવા નીતિઓ આલ્બર્ટાના તેલ ઉદ્યોગને નુકસાન પહોંચાડી રહી છે. તેમનો આરોપ છે કે આલ્બર્ટામાંથી સરકારને ભારે ટેક્સ મળે છે, જ્યારે બદલામાં રાજ્યને ઓછી આર્થિક સહાય મળે છે. રિપોર્ટ મુજબ આલ્બર્ટામાં લોકો પરંપરાવાદી છે.

# અમેરિકામાં સસ્તી દવાઓ માટે ટ્રમ્પ વેબસાઈટ લોન્ચ કરશે : 800% સુધી ખર્ચ ઘટશે

**અમેરિકા તા.31**

ટ્રમ્પ વહીવટીતંત્ર આ મહિને 'ટ્રમ્પ Rx' નામની એક નવી સરકારી વેબસાઈટ લોન્ચ કરવા જઈ રહ્યું છે. આ પ્લેટફોર્મ દ્વારા દર્દીઓ દવા કંપનીઓ પાસેથી સીધા ઓછા ભાવે દવાઓ ખરીદી શકશે. વહીવટીતંત્રનો દાવો છે કે આ પહેલથી અમેરિકામાં લોકોના દવા ખર્ચમાં 800% સુધીનો ઘટાડો થશે. અમેરિકન રેડિયો NPRના રિપોર્ટ મુજબ, ટ્રમ્પ વહીવટીતંત્રે ગયા વર્ષે સપ્ટેમ્બરથી અત્યાર સુધી 16 મોટી દવા કંપનીઓ સાથે કરારો કર્યા છે. આ કરારોને 'મોસ્ટ ફેવર્ડ નેશન (MFN)' ડીલ્સ કહેવામાં આવ્યા. બદલામાં, દવા કંપનીઓને 3 વર્ષ સુધી આયાતી દવાઓ પર ટેરિફમાંથી મુક્તિ મળશે. આ યોજના ચૂંટણીના વચનો અને 'અમેરિકા ફર્સ્ટ' હેલ્થ પોલિસી સાથે સંકળાયેલી માનવામાં આવે છે. ટ્રમ્પનું કહેવું છે કે અન્ય ધનિક દેશો અમેરિકામાં બનેલી દવાઓ ઓછી કિંમતે ખરીદે છે, જ્યારે અમેરિકનોને તેના માટે ત્રણ ગણી વધુ કિંમત ચૂકવવી પડે છે. આ કાર્યક્રમ સુનિશ્ચિત કરશે કે દવા કંપનીઓ તે જ ભાવે દવાઓ વેચે જે બાકીના દેશોમાં મળી રહી છે. અમેરિકન કંપનીઓ દવાઓના રિસર્ચ, ટેસ્ટિંગ, ફેક્ટરી પાછળ કરોડો-અબજો રૂપિયા ખર્ચે છે. દુનિયાભરમાં આ દવા વેચાય છે. અમેરિકામાં આ દવા ખૂબ મોંઘી છે, જ્યારે યુરોપ, કેનેડા, જાપાન જેવા શ્રીમંત દેશોમાં તે જ દવા ખૂબ સસ્તી મળે છે. ખરેખરમાં, તે દેશોની સરકાર ઓછી કિંમતે દવા ખરીદવાની માંગ કરે છે અને જો તેમ ન કરવામાં આવે તો ડીલ રોકવાનું જોખમ રહે છે. બજાર ગુમાવવાના ડરથી કંપનીઓ ઓછી કિંમતે દવાઓ પૂરી પાડે છે. ટ્રમ્પનું માનવું છે કે અમેરિકન લોકોના



પૈસાથી જ નવી દવાઓ બને છે. વિદેશી દેશો ઓછા પૈસા આપીને તેનો ફાયદો ઉઠાવે છે. ટ્રમ્પના મતે તેઓ અમેરિકાની મહેનત પર 'ફ્રી રાઈડ' કરે છે. તેથી, આ MFN પ્રોગ્રામમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે હવે અમેરિકામાં પણ દવાની કિંમત સૌથી ઓછી હશે જે કોઈ શ્રીમંત દેશમાં મળે છે. કંપનીઓને કહેવામાં આવ્યું કે અમેરિકાને પણ તે જ સસ્તી ડીલ આપો. આનાથી વિદેશી દેશોને પણ વધુ કિંમત ચૂકવવી પડશે, જેમ કે બ્રિટન સાથે થયેલા કરારમાં નવી દવાઓની કિંમત 25% વધારવામાં આવી છે. અમેરિકન દર્દીઓને દવાઓ સસ્તી મળશે, કંપનીઓના વધારાના પૈસા અમેરિકા પાછા આવશે અને દેશમાં દવા બનાવવાનું કામ વધશે. ટ્રમ્પRxની સૌથી મોટી વાત એ છે કે તેમાં સરકાર દવાઓની કિંમત નક્કી કરવામાં સીધો હસ્તક્ષેપ કરવા માંગે છે. અત્યાર સુધી અમેરિકામાં દવા કંપનીઓ પોતાની નવી દવાઓની કિંમતો જાતે નક્કી કરે છે. જો ટ્રમ્પRx લાગુ પડે છે, તો દવાઓની કિંમત સરકાર નક્કી કરશે. દવા કંપનીઓને ડર છે કે તેનાથી તેમનો નફો સીધો ઘટી જશે. બીજું મોટું કારણ એ છે કે ટ્રમ્પRx હેઠળ અમેરિકા, વિદેશોમાં વેચાતી સસ્તી દવાઓની કિંમતને આધાર બનાવી શકે છે. એટલે કે જો એ જ દવા યુરોપ કે કેનેડામાં સસ્તી હોય, તો અમેરિકામાં પણ મોંઘી વેચી શકાશે નહીં. કંપનીઓને આ મોડેલ પસંદ નથી, કારણ કે અમેરિકા અત્યાર સુધી તેમનું સૌથી મોટું અને સૌથી નફાકારક બજાર રહ્યું છે. બીજો એક ડર એ છે કે જો સરકાર કિંમતો પર નિયંત્રણ લગાવવાનું શરૂ કરશે, તો ભવિષ્યમાં નવી દવાઓ પર રોકાણ ઘટી શકે છે. દવા કંપનીઓ કહે છે કે રિસર્ચ અને નવી દવાઓના વિકાસમાં અબજો ડોલર લાગે છે. તેમને ડર છે કે જો ઓછો નફો થશે, તો રોકાણકારો પાછા હટી શકે છે અને તેમનો બિઝનેસ મોડેલ બગડી શકે છે. ટ્રમ્પRx ને લઈને આ સવાલ ઉઠી રહ્યો છે કે શું સરકારને ખાનગી કંપનીઓની કિંમતો નક્કી કરવાનો અધિકાર છે. કંપનીઓને લાગે છે કે જો યોજના લાગુ પડશે, તો તેમને કોર્ટમાં લાંબી કાનૂની લડાઈ લડવી પડશે.

## તંત્રી લેખ

# મૂછને આંકડા, બ્લેકફિલ્મવાળી બ્રેઝા અને નકલી પોલીસનો રોફ

મૂંછને આંકડાવાળી, બ્લેકફિલ્મવાળી બ્લેક કલરની બ્રેજા કાર લઈને આણંદની બજારમાં ફરીને પોતે પોલીસ જવાન હોવાનું જણાવીને રોફ જમાવતા નકલી પોલીસ કોન્ટેબલને અસલી પોલીસે ઝડપી પાડ્યો છે. નકલી પોલીસ બનીને ફરતા યુવકનો રોફ એટલો બધો હતો કે અસલી પોલીસ પહોંચી તોય પોતે પોલીસમાં હોવાનું જણાવીને રોફ જમાવ્યો હતો અને આટલાથી ઓછું હોય એમ એની પાસે રહેલું આઈકાર્ડ પણ બતાવ્યું હતું, જોકે અસલી પોલીસે યુવકને ક્યાં ફરજ બજાવે છે એવું પૂછતાં આખો ભાંડો ફૂટી ગયો હતો. ઘટનાની વિગતે વાત કરીએ તો... ગઈકાલે સાંજના સમયે આણંદ ટાઉન પોલીસને બાતમી મળી હતી કે શહેરના તુલસી ગરનાળા નજીક આકાશ ટાઉનશિપ તરફના રોડ પર (GJ-23-CJ-8843) નંબરની કાળા કાચ અને કાળા કલરની બ્રેઝા ગાડીમાં એક શખસ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી રહ્યો છે, જોકે તે પોલીસ નથી. તેની પાસે બનાવટી પોલીસ આઈડી અને પોલીસ લખેલી પ્લેટ પણ છે. અસલી પોલીસ સામે પણ પોતે પોલીસમાં હોવાનો દાવો કર્યો, બાતમીના આધારે પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યાં બાતમી મુજબની ગાડી પાર્ક કરેલી હતી અને એમાં એક વ્યક્તિ બેઠેલી હતી. પોલીસે તેની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ સુરેન્દ્રસિંહ ભરતસિંહ લુહાર (રહે. રઘુકુળ સોસાયટી, મોગર, તા.આણંદ) જણાવ્યું હતું અને પોતે પોલીસમાં હોવાનો દાવો કરી પેન્ટના ખિસ્સામાંથી ગુજરાત પોલીસનું આઈડી કાર્ડ બતાવ્યું હતું. ફરજના સ્થળ વિશે પૂછતાં આરોપીની પોલ ખૂલી, જોકે પોલીસે ફરજના સ્થળ વિશે પૂછપરછ કરતાં સુરેન્દ્રસિંહ ભાંગી પડ્યો હતો અને તેણે કબૂલ્યું હતું કે આ પોલીસ આઈડી કાર્ડ બનાવટી છે. પોલીસે તેની અટકાયત કરી તલાશી લેતાં તેના ખિસ્સામાંથી બે મોબાઈલ ફોન તેમજ મીડિયાનું આઈડી કાર્ડ મળ્યાં હતાં.ગાડીમાંથી પોલીસ લખેલી નેમપ્લેટ પણ મળી, વધુમાં તેની ગાડીમાંથી લાલ તથા વાદળી કલરના રેડિયમ પટ્ટાવાળી અંગ્રેજીમાં 'પોલીસ' લખેલી પ્લેટ પણ મળી આવી હતી, જે પોલીસે જપ્ત કરી છે. પકડાયેલા સુરેન્દ્રસિંહ ભરતસિંહ લુહાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 204, 205, 336(2), 340(2) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.નકલી આઈકાર્ડ પર ફોટો પણ હતો, સુરેન્દ્રસિંહ પાસેથી મળેલું બનાવટી પોલીસ આઈડી. કાર્ડમાં ઓળખપત્ર નંબર 961 અને ઈસ્યુ તારીખ 28/05/2014 દર્શાવવામાં આવી હતી. કાર્ડધારકનું નામ સુરેન્દ્રસિંહ ભરતસિંહ અને હોદ્દો 'પોલીસ કોન્સ્ટેબલ' એમ અંગ્રેજી ભાષામાં લખેલું હતું તેમજ કાર્ડ પર સુરેન્દ્રસિંહનો ફોટો પણ હતો. 'હું ક્રાઈમ બ્રાન્ચમાં છું, તારી પર કેસ થયો છે' ત્રણેક દિવસ અગાઉ રાજકોટમાં નકલી પોલીસ બની લોકોને લૂંટી લેતા શખસે એક જગ્યાએ 20 હજારનો તોડ કરતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો, જોકે નકલી પોલીસ બનીને ગયેલા શખસને અસલી પોલીસે પીછો કરી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ શખસ પર અગાઉ 5-5 વખત નકલી પોલીસ બની તોડ કરવાના કેસમાં એક વખત પાસા હેઠળ પણ ધકેલાઈ ચૂક્યો હતો. આમ છતાં ફરી જેલમાંથી બહાર આવી પોલીસના નામે લૂંટ ચલાવતાં આખરે પોલીસે તેને છઠ્ઠી વખત ઝડપી પાડી કાયદાનું ભાન કરાવ્યું હતું.

# ભારત અને ઈયુ વચ્ચેનાં કરારથી આમ જનતાને શું ફાયદો થશે?? એ પ્રશ્ન વિચારવાં જેવો ખરો!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

છેલ્લાં એક વીકનાં સમાચારમાં એક દુ:ખદ છે, કે મહારાષ્ટ્રનાં ડેપ્યુટી સી એમ અજીત પવારનું પ્લેન ક્રેશમાં મૃત્યુ! એ આઈ ની મદદથી એમેઝોન 16000 કર્મચારી ઓની છટણી કરશે. શંકરાચાર્ય અને યોગી સરકાર વચ્ચેનાં વિવાદમાં ભાજપનાં વરિષ્ઠ નેતા ઉમા ભારતીએ નિવેદન કર્યું કે, સરકારને શંકરાચાર્ય હોવાનાં પુરાવા માંગવાનો અધિકાર નથી. સીંગતેલમાં એક જ દિવસમાં ડબ્બે રૂપિયા 80 નો વધારો, અને અઠવાડિયામાં રૂપિયા 300 નો વધારો. વિશ્વમાં મહાસત્તાઓની રાજકીય ગરમી વચ્ચે કુદરતનો કોલ્ડ પ્લે! રશિયામાં સમગ્ર ટાવર બરફથી થીજી ગયું. અમેરિકામાં નુડલ્સ પણ બરફ થઈ ગયાં, આમ રશિયા યુરોપ અને અમેરિકા સુધી હાડ થીજવતી ઠંડીનો કેર. તાલીબાન શાસકોનું વધુ એક અમાનવીય પગલું અફઘાનિસ્તાનમાં ગુલામી પ્રથા કાયદેસર, ગુનો કરવાં છતાં મૌલવીઓને સજા નહીં. નવસારીનાં આતંકી યુવાન પાસેથી દેશની આનને નુકશાન કર્તા સામાન જપ્ત.અરિજિત સિંહ ની સિગિંગ છોડવાની જાહેરાતથી એનો ચાહક વર્ગ નારાજ. પણ સારાં સારાં અને મુખ્ય કહી શકાય એવાં સમાચારમાં રંગેચંગે દેશની ગરિમા વધારતા ભારતના 77 માં પ્રજાસત્તાક દિનની ઉજવણી થઈ, અને ભારતના દરેક રાજ્ય અને શહેરમાં પણ પ્રજાસત્તાક દિનની ઉજવણી થઈ. લાલ કિલ્લામાં મુખ્ય અતિથિ યુરોપિયન યુનિયનના નેતા ઉર્સુલા વોન ડેર લેયન અને ઓન્ટેનિયોઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું, અને અંતે 27/1/2026 ના મંગળવારે ભારત અને ઈયુ વચ્ચે મધર ઓફ ડિલ થઈ, જેમાં આપણાં વડાપ્રધાનનું કહેવું છે, કે વૈશ્વિક અશાંતિ વચ્ચે 27 દેશનાં સંગઠન સાથે ભારતનાં ઐતિહાસિક કરાર ! ભારતનો 93% સામાન ડ્યુટી ફ્રી થશે,જ્યારે યુરોપિયન યુનિયન નાં 90% સામાન પર ઈમ્પોર્ટ ડ્યુટી સમાપ્ત થઈ જશે.

બંને પક્ષે કુલ 13 કરાર થયાં, આ ડિલથી ભારતમાં ઓડી, મર્સિડીઝ, બીએમડબલ્યુ, લેમ્બર્ગિની, જેવી કાર તથા ઈલેક્ટ્રોનિક ઉપકરણો, કેમિકલ અને દારુ સસ્તા થશે, એમણે કહ્યું કે ઓટોમોબાઈલ્સ પર ટેરિફ તબક્કાવાર નાબુદ કરશે. કરાર મુજબ વિશ્વનાં બે મોટા અર્થતંત્ર સાથે મૈત્રીનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. નો ડાઉટ ન્યુ ઈન્ડિયાની નજરે આને જ વિકાસ કહેવાય છે, અને આંતરરાષ્ટ્રીય સ્તરે ફાયદો થશે જ, પરંતુ આ ડિલથી જે વસ્તુઓ પરનો ટેરિફ ઘટશે એનાથી સામાન્ય થી સામાન્ય માનવીને ફાયદો થશે? શું મોંઘવારી ઘટશે? રોજગારી વધશે? આમ માનવીનું જીવન સરળ બનશે? એ પણ એક વિચારવા જેવી બાબત છે. ભારતની અધધધ વસ્તીમાં હાઈ ઈન્કમ વાળો કેટલો વર્ગ છે? અને ભારતની ઈકોનોમીમાં આવાં કરારથી કેટલો ફાયદો થશે! એવું એક સરેરાશ વિશ્લેષણ કરવામાં આવે તો બહુ ઓછાં લોકોને આ ડિલની વૈભવી કારમાં ટેરિફનો ફાયદો થશે. બીજું આ ડિલથી ઈલેક્ટ્રોનિક ઉપકરણો સસ્તા થશે! મેન્યુઅલ વર્ક હજી પણ ઘટશે, તો આમ પણ આજની યુવાની મહેનતનો માર્ગ ભૂલતી જાય છે! અને લગભગ દરેકને વ્હાઈટ કોલર જોબ જોઈએ છે, તો યુવાનોમાં આળસ અને પ્રમાદનો વધારો થશે! વધુ લોકો



બેરોજગાર થશે! આ ઉપરાંત દારુ સસ્તો થશે! અને આમપણ ટીવી અને વેબ સિરીઝને કારણે દેશ વ્યસનનાં ભરડામાં જ છે! આંતરરાષ્ટ્રીય બજારમાંથી કરોડોનું ડ્રગ્સ આપણાં યુવાનોને દિશાહીન કરવા માટે ઠલવાય જ છે! અને હવે તો ખુલ્લેઆમ સસ્તો માલ મળશે, એટલે એક અંદાજ મુજબ દેશમાં હજી પણ લૂંટફાટ, મર્ડર, અને બલાત્કાર જેવી અનૈતિકતા અને ભ્રષ્ટાચાર વધશે!

એટલે એવું કહેવાનો મતલબ બિલકુલ નથી કે ભારતનો વિકાસ થયો નથી, ભારતે ઘણે મોરચે જીત હાંસલ કરી છે, અને વિશ્વની સૌથી મોટી ચાર આર્થિક વ્યવસ્થામાં એનું નામ આવી ગયું છે, એ કોઈ નાનીમોટી વાત નથી. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત નામના મેળવી ચૂક્યું છે, ઓપરેશન સિંદૂર થી આપણે જોયું કે સરહદો પણ ડિફેન્સ સિસ્ટમને કારણે સુરક્ષિત થતી જાય છે. અન્ય દેશ વચ્ચે વિવાદોમાં સમાધાન કરવામાં તેમજ દેશને વિકાસની હરણફાળ જેવી પ્રગતિ કરાવવા માટે ભારતનાં પ્રધાનમંત્રીનું નામ વિશ્વમાં લોકપ્રિય થતું જાય છે. વિશ્વ પણ શાંતિને માર્ગે આગળ વધે એટલે વસુધૈવ કુટુંબ જેવી ઉચ્ચ ભાવના સાથે એને જોડવામાં આવ્યું છે. વેપારિકરણ માટે આવું વિઝન બહું જરુરી અને સ્પષ્ટ છે, પણ આટલી મોટી વસ્તી ધરાવતા દેશનો આંતરિક વિકાસ પણ બહુ જરૂરી છે! પણ વિકાસ કોને કહીશું? છેક છેવાડાના માનવી સુધી ટેકનોલોજી પહોંચી એને? કે પછી કોઈ ભૂખ્યું ન રહે એને! અથવા તો આસાનીથી એની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરી શકે એને? ભારતનો એક એક નાગરિક શારિરીક સ્વસ્થ રહી શકે, એ માટે એની આર્થિક સ્થિતિ સુધારવી જોઈએ, અને એની માટે બજેટની ફાળવણી આમ જનતાનાં ફાયદા માટે હોવી જોઈએ! ઉપરની બધી વાત છોડો કારણ કે આવાં નિર્ણયો એટલે કે કરાર કંઈ એમનેમ તુક્કા બાજીમાં લેવાતા નથી! એમાં કેટલાય મોટા મોટા અર્થશાસ્ત્રી ઓનો મત લીધો હોય, કેટલીય સંભવિત ચર્ચા વિચારણા થઈ હોય, અને પછી લાંબેગાળે ફાયદાકારક હોય તો જ લેવામાં આવે, એટલે આ કરારને વખોડવાની વાત નથી. પરંતુ ભારતનાં એક નાગરિક તરીકે સામાન્ય માનવીથી થોડું ઉપર જઈ એક નવું સમીકરણ માંડીને વિચારીને આ કરાર સફળ થવાની 50% અને 50% નિષ્ફળ થવાની સંભાવના છે, એમ ધારીએ તો ફાયદામાં પણ નુકશાન છે! એટલે કે ટેરિફ ડ્યુટી નીકળી નીકળી ને કેટલી બાદ થાય ! અને એમ અંતે તો આ બધી મોંઘી મોંઘી ઈમ્પોર્ટ ગાડીઓ ખરીદશે તો ધનવાન જ ! એટલે હિટ એન્ડ રનના કેસ વધશે! બીજી રીતે વિચારીએ તો આવી ગાડીઓ જેટલી વધુ વેચાય એટલાં નાણાં તો વિદેશી અર્થતંત્રમાં જ જશે! અને જે તે દેશની અર્થ વ્યવસ્થાને આ આ આર્થિક લાભ થશે. ટૂંકમાં આ કરારથી ભારતની સામાન્ય જનતાને એવો કોઈ લાભ થશે નહીં! હા ગ્રીન હાઉસનાં ઉત્સર્જિત વાયુ ઘટાડવા માટેની 500 મિલિયન ડોલરની મદદથી પ્રદૂષણની માત્રા ઘટી શકે. ચાલું સરકારનાં વડાપ્રધાનનું વિઝન છે કે, 2040/45 આસપાસ તો ભારતને મહાસત્તા તરીકે સિદ્ધ કરી જ દેવું છે, અને ભારત વિશ્વમાં મહાસત્તા થશે જ, એમાં કોઈ શંકાને સ્થાન નથી! પણ એની માટે એકલી સરકાર કામ કરે એટલું પર્યાપ્ત નથી, ભારતના પ્રત્યેક નાગરિકને એની માટે કોઈ ને કોઈ રીતે યોગદાન દેવું પડશે. ભારતીય નાગરિકો એ દેશને ઉપર લાવવાં થોડા નાના મોટા સંકલ્પ કરવા પડશે, એટલે શોખ કે સ્ટેટસ માટે વિદેશી અર્થતંત્રને સહાય થાય એવી વસ્તુઓ વાપરવી નહીં, અને શોખ માટે કે ઘર વપરાશ માટે સ્વદેશીનો આગ્રહ રાખવો. બીજું થોડીવારની ખુશી માટે જીંદગી વેરવિખેર થઈ જાય એવાં વ્યસનથી મુક્ત થવું પડશે! કારણ કે આગળ જતાં રોગમાં જકડાઈએ તો જીંદગીભરની કમાણી ખર્ચાઈ જાય. બંને ત્યાં સુધી આવકના પ્રમાણમાં ખર્ચ ની જોવાઈ રાખવી, જેથી કરીને દેવું થાય નહીં, અને માનસિક તાણથી બચી શકાય. સૌથી મહત્વની વાત એ છે કે અનીતિ અને ભ્રષ્ટાચારથી દૂર રહી નીતિ, ઈમાનદારી, અને પ્રમાણિકતા પૂર્વક જીવવું! ભારતીય સંસ્કૃતિની ગરિમા બની રહે, અને આવનારી પેઢી એનું ઉદાહરણ લઈ શકે એવું જીવન જીવવું.તો સરકાર એની રીતે ભારતના વિકાસને સાધે અને ભારતનો પ્રત્યેક નાગરિક એની રીતે પોતાના દેશને ઉપર ઉઠાવવામાં કે એનું આર્થિકતંત્ર મજબૂત બનાવવા સંકલપ્તિ થાય તો જ ભારત ભવિષ્યમાં મહાસત્તા બનશે. જય હિન્દ.

## 15 એપ્રિલ સુધી સાબરમતી રેલવે સ્ટેશન પર નવા પ્રવેશ તથા નિકાસ દ્વાર ની વ્યવસ્થા




અમદાવાદ, તા. 06

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના સાબરમતી સ્ટેશનના પુનર્વિકાસનું કાર્ય ઝડપી ગતિએ પ્રગતિ પર છે. સાબરમતી બીજી (ધરમનગર સાઇડ) તરફની નવી સ્ટેશન બિલ્ડિંગનું નિર્માણ લગભગ પૂર્ણ થઈ ગયું છે જ્યારે અન્ય પુનર્વિકાસ કાર્યો પ્રગતિ પર છે. યાત્રીઓની સુવિધા તથા ટ્રાફિક વ્યવસ્થાને સુચારુ રાખવાના ઉદ્દેશ્યથી 15 એપ્રિલ, 2026 સુધી આગમન તથા પ્રસ્થાન માટે નવા પ્રવેશ અને નિકાસ દ્વાર તેમજ પિક-અપ અને ડ્રોપની વ્યવસ્થા કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ છે:

1. પ્રસ્થાન કરનાર યાત્રીઓ માટે પ્રવેશ અને નિકાસ વ્યવસ્થા

પ્રવેશ દ્વાર: યાત્રીઓના વાહનોનો પ્રવેશ એમએમટીએસ બિલ્ડિંગ (બુલેટ ટ્રેન સ્ટેશન) નજીકથી કરવામાં આવી રહ્યો છે. (ડાયગ્રામમાં દર્શાવેલી ગ્રીન લાઇન મુજબ) યાત્રી નવનિર્મિત સ્ટેશન બિલ્ડિંગમાં પ્રવેશ કરીને લિફ્ટ, એસ્કેલેટર તથા સીડીઓના માધ્યમથી સેકન્ડ ફ્લોર પરથી તમામ પ્લેટફોર્મ પર જઈ શકે છે. યાત્રીઓને ડ્રોપ કરવા આવતા વાહનો જૂના પ્રવેશ દ્વાર મારફતે બહાર નીકળી શકે છે. પ્રસ્થાન કરનાર યાત્રીઓ માટે પ્રવેશ અને નિકાસ વ્યવસ્થા પ્રવેશ દ્વાર: યાત્રીઓના વાહનોનો પ્રવેશ એમએમટીએસ બિલ્ડિંગ (બુલેટ ટ્રેન સ્ટેશન) નજીકથી કરવામાં આવી રહ્યો છે. (ડાયગ્રામમાં દર્શાવેલી ગ્રીન લાઇન મુજબ) યાત્રી નવનિર્મિત સ્ટેશન બિલ્ડિંગમાં પ્રવેશ કરીને લિફ્ટ, એસ્કેલેટર તથા સીડીઓના માધ્યમથી સેકન્ડ ફ્લોર પરથી તમામ પ્લેટફોર્મ પર જઈ શકે છે. યાત્રીઓને ડ્રોપ કરવા આવતા વાહનો જૂના પ્રવેશ દ્વાર મારફતે બહાર નીકળી શકે છે.

2. આગમન કરનારા મુસાફરો માટે નિકાસ તથા પિક-અપ વ્યવસ્થા

3. નિકાસ દ્વાર : મહેસાણા સાઇડ ફૂટ ઓવર બ્રિજની નજીકથી નિકાસની વ્યવસ્થા કરવામાં આવી છે. (ડાયગ્રામમાં દર્શાવેલી પર્પલ લાઇન મુજબ) આ જ સ્થાન પર યાત્રીઓ માટે પિક-અપ ઝોન પણ બનાવવામાં આવ્યો છે.

3. પાર્કિંગ સુવિધા

યાત્રીઓની સુવિધા માટે નિકાસ દ્વાર નજીક બે સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

4. પ્લેટફોર્મ કનેક્ટિવિટી

દરેક પ્લેટફોર્મ (PF-1 થી PF-7) બંને ફૂટ ઓવર બ્રિજથી કનેક્ટેડ છે. (હાલમાં PF-2 અને PF-3 પરથી ટ્રેનોનું સંચાલન પુનર્નિર્માણ કાર્યના કારણે બંધ છે)

5. નવનિર્મિત સ્ટેશન બિલ્ડિંગમાં યાત્રી સુવિધાઓ

ગ્રાઉન્ડ ફ્લોર: અનારક્ષિત ટિકિટ બુકિંગ (UTS)

ફર્સ્ટ ફ્લોર: આરક્ષિત ટિકિટ બુકિંગ (PRS)

સેકન્ડ ફ્લોર: પ્રતીક્ષાલય

તમામ યાત્રીઓને વિનંતી છે કે તેઓ નવી ટ્રાફિક વ્યવસ્થા, સંકેતચિહ્નો તેમજ રેલવે, આરપીએફ અને રેલકર્મચારીઓ દ્વારા આપવામાં આવતાં સૂચનોનું પાલન કરે.

# જીવનમાં કઈ મળે કે ન મળે, પણ કોઈના આશીર્વાદ અને દુઆ મળી જાયને ત્યારે જીવન બદલી નાખે છે.



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે આપણે આ ચિંતનાત્મક લેખ માં જોઈએતો એક સાધુજંગલમાં શાંતિથી,એકાંતમાં રહેતા હતા અને ભગવાનને પ્રાપ્ત કરવા માટે ધ્યાનમાં મગ્ન હતા. એક દિવસ, એક વેપારી ત્યાંથી પસાર થયો અને તેણે સાધુની ઝૂંપડીમાં એક રાત આરામ કર્યો.વેપારી સાધુના સ્વભાવ અને સેવાથી ખૂબ જ ખુશ થયો,અને જતા પહેલા તેણે સાધુને એક સુંદર ધાબળો દાનમાં આપ્યો. સાધુને તે ધાબળો ખૂબ જ આકર્ષક લાગ્યો.તે વારંવાર તેને સ્પર્શ કરતો અને પ્રશંસા કરતો રહ્યો. તેણે આટલો સુંદર અને નરમ ધાબળો પહેલાં ક્યારેય જોયો ન હતો. હવે તે તેને હંમેશા પોતાની નજર સમક્ષ રાખતો હતો પરિણામે,સાધુનો ધાબળા પ્રત્યેનો લગાવ દિવસેને દિવસે વધુ મજબૂત થતો ગયો.તેને સતત ચિંતા રહેતી હતીકે તે બગડીજશે કે ગંદો થઈ જશે, અથવા કોઈ તેને ચોરી લેશે.સમય જતાં,એવો પરિવર્તન આવ્યો કે ધાબળાએ ભગવાન પ્રત્યેની ભક્તિ,પ્રેમ અને સ્નેહનું સ્થાન લઈ લીધું. આખરે, ધાબળા પ્રત્યેના લગાવના પરિણામે,જ્યારે તેના મૃત્યુનો સમય નજીક આવ્યો,ત્યારે તેનો છેલ્લો વિચાર ધાબળાનો હતો. આ કારણે, ભગવાનને ખૂબ પ્રેમ કરતો સાધુ,પરંતુ ધાબળો પરમાત્મા પ્રત્યેના તેમના તીવ્ર લગાવને કારણે,ભગવાન તેમના જીવનમાં અને હૃદયમાં ગૌણબની ગયા હતા,અને ધાબળો હવે તેમની પ્રથમ પ્રાથમિકતા બની ગયો હતો. તેમના મૃત્યુ સમયે પણ ધાબળાનો વિચાર જ તેમના મનમાં આવતો હતો.જેમભગવાન કૃષ્ણે ગીતાના શ્લોક૮.૫માં કહ્યું હતું, 'જે કોઈ મૃત્યુ સમયે, શરીર છોડતી વખતે ફક્ત મને જ યાદ કરે છે, તે મને અને મારા સ્વભાવને પ્રાપ્ત કરે છે.' આમાં કોઈ શંકા નથી.પરંતુ સંન્યાસી ભગવાન કરતાં એક સાંસારિક વસ્તુ ધાબળા સાથે વધુ જોડાયેલો હતો.આખરે, તેમના મૃત્યુ સમયે તેમને તે જ વસ્તુનો વિચાર આવ્યો.પરિણામે, સંન્યાસી તેના આગલા જન્મમાં એક પતંગિયા (પતંગિયા ને કપડાં પહેરાવે છે)તરીકે પુનર્જન્મપામ્યો. અને આગામી સો જીવન સુધી, સંન્યાસી એ જ પતંગિયા તરીકે પુનર્જન્મ પામતો રહ્યો,જ્યાં સુધી જંતુઓ દ્વારા ધાબળો સંપૂર્ણપણે નાશ પામ્યો નહીં. યશોદા એમ કહેતાં નથી કે, મારે ગરીબોને દાન કરવું છે.જીવ ઈશ્વરનો દીકરો છે.જીવ ઈશ્વરનો અંશ છે. જે ઈશ્વરનો દીકરો છે તેને ગરીબ કહો તો ઈશ્વર ખોટું નહીં લાગે?નમ્ર થઈને,આંખ નીચે કરીને દાન આપો!આવનારના હૃદયમાં પણ પરમાત્મા વસેલા છે,એમ સમજી ને આપો. તેથી યશોદા કહે છેકે, મારે એક એકની પૂજા કરવી છે. એકએકનું સન્માન કરવું છે.કનૈયા ના પ્રાગટ્યનાદિવસે યશોદાજી ગોપીઓને ભેટઆપવા લાગેલા ત્યારે ગોપીઓએ કહેલુંકે આજે તો અમારે કનૈયાનેઆપવાનું હોય, લેવાનું નહીં,એટલે તે દિવસે કોઈ એ લીધું નથી.લેવાની ઈચ્છા હોય ત્યાં મોહ છે.આપવાની ઈચ્છા હોય ત્યાં પ્રેમ છે.એટલે યશોદા કહે છેકે,મારે સર્વની પૂજા કરવી છે. યશોદાએ આખા ગામને આમંત્રણ આપ્યું.નંદજીએ કહ્યું કે તું બિલકુલ સંકોચ કરતી નહીં. છૂટે હાથે વાપરજે!જીવનમાં એક સમય એવો આવે છેકે,જ્યારે ભાગ્ય અનુકૂળ હોય છે એવા ભાગ્યોદય વખતે ખૂબ વાપરજો પ્રેમથી ખૂબ દાન કરજો સંકોચ રાખશો નહીં.



ગરીબોનું,બ્રાહ્મણનું સન્માન થાય ત્યારે પ્રભુને આનંદ થાય છે.જેને ધન આપે છે તેની પાસે પ્રભુ આશા રાખે છેકે,બીજા ઓને પણ આમ આપે.ભાગ્ય પ્રતિકૂળ થતાં ધર્મ રાજા યુધિષ્ઠિર પણ દરિદ્ર થઈ વનમાં ફરતા હતા, તો સાધારણ મનુષ્યની વાત શું? માટે ભાગ્ય અનુકૂળ હોય ત્યારે પુણ્યકર્મમાં કચાશ ન રાખવી. યશોદાએ વિચાર કર્યો કે,આ કનૈયો સૂઈ જાય તો મારાથી બધાનું સન્માન થઈ શકે,કનૈયો જાગે તો ગોદમાં રાખી બેસવું પડે.

કનૈયો જાગતો હતો,પણ મારા સૂવાથી માને આનંદ મળતો હોય તો હું સૂઈ જાઉં. એમ વિચારી તેણે આંખો બંધ કરી દીધી. ભગવાનને નાટક કરતાં બહુ આવડે છે. એટલે તો એનું નામ નટવર પડ્યું છે.શંકરાચાર્યજી કહે છેકે,ઈશ્વર નિષ્ક્રિય છે,પણ માયા ને કારણે તેમાં ક્રિયાનો આરોપ થાયછે. ઈશ્વરમાં ક્રિયા થઈ શકતી નથી. દૃષ્ટાંત તરીકે,ગાડી મુંબઈના સ્ટેશને આવે એટલે કહે છેકે, મુંબઈ આવ્યું પણ મુંબઈ ગયું નથી અને આવ્યું નથી. તેમ ઈશ્વર ક્રિયા કરતા નથી, લીલા કરે છે. લીલામાં સ્વાર્થ ન હોવાથી તે લીલા આનંદરૂપ છે.ક્રિયા અને લીલાનો તફાવત રાખવાનો છે. જેની પાછળ કર્તૃત્વનું અભિમાન છે.સુખી થવાની ભાવના છે તે ક્રિયા અને જે ક્રિયા પાછળ કર્તૃત્વનું અભિમાન નથી, ફક્ત બીજાને સુખી કરવાની ભાવના છે તે લીલા. જીવની તે બધી ક્રિયા, ભગવાનની તે સઘળી લીલા. યશોદાજી વિચારે છેકે,આખુંગામ મારે ત્યાં આવવાનું છે.તે લાલાનું પારણું ઘરની બહાર ગાડા હેઠળ રાખું તો ઘરમાં જગ્યા વધારે થાય યશોદાજીએ શ્રીકૃષ્ણનું પારણું આંગણામાં ગાડાની નીચે રાખ્યું અને ગાડામાં દહીં,દૂધ વગેરે રાખ્યાં.યશોદા એક એક ગોપીનું સન્માન કરે છે. ગોપીઓ હૃદયથી આશીર્વાદ આપે છે અને પોકારે છે, બાલકૃષ્ણ લાલ કી જય હો. વ્રજવાસીઓ સન્માનમાં યશોદા તન્મય છે.આ બાજુ શ્રીકૃષ્ણ જાગ્યા.મા ક્યાં છે? મા ઉત્સવ કરે છે અને મને અહીં ગાડા નીચે રાખ્યો છે!ઉત્સવને દિવસે ભગવાનને ભૂલી જાઓ એ કેમ ચાલે? યશોદા આજે શ્રીકૃષ્ણને ભૂલ્યાં એટલે વિપત્તિ આવી.જ્યાં સુધી કાંઈક અપેક્ષા છે ત્યાં સુધી વ્યવહાર છૂટતો નથી. વ્યવહાર કરવો તે ગુનો નથી પણ વ્યવહાર માં ભગવાનને ભૂલી જવાએ ગુનો છે.ધંધો કરવો એ પાપ નથી,પણ ધંધો કરતાં ભગવાનને ભૂલી જવા એ પાપ છે.વેપારી દુકાનમાં ભગવાનની પૂજા કરે છે, પરંતુ ગ્રાહક વસ્તુ લેવા આવે એટલે તરત તે ભગવાનને ભૂલી જાય છે અને ગ્રાહકને તે ઈશ્વરની સન્મુખ છેતરે છે. પાંચ રૂપિયાની ચીજ પચીસમાં આપે, છતાં ગ્રાહકને કહે કે, તમે મારા મિત્ર છો એટલે પડતર ભાવે માલ તમને આપું છું. લેનારો હરખાય છે,પણ પડતર ભાવનો અર્થ તે સમજતો નથી. પડતર ભાવ એટલે તું પડવાનો અને હું તરવાનો! તું પડ હું તરું. વેપારી દષ્ટિએ પડતર ભાવનો આ અર્થ છે. આજે આપણે અહીં અટકીએ અસ્તુ. કનૈયો જાગતો હતો,પણ મારા સૂવાથી માને આનંદ મળતો હોય તો હું સૂઈ જાઉં. એમ વિચારી તેણે આંખો બંધ કરી દીધી. ભગવાનને નાટક કરતાં બહુ આવડે છે. એટલે તો એનું નામ નટવર પડ્યું છે.શંકરાચાર્યજી કહે છેકે,ઈશ્વર નિષ્ક્રિય છે,પણ માયા ને કારણે તેમાં ક્રિયાનો આરોપ થાયછે.ઈશ્વરમાં ક્રિયા થઈ શકતી નથી.દૃષ્ટાંત તરીકે,ગાડી મુંબઈના સ્ટેશને આવે એટલે કહે છેકે, મુંબઈ આવ્યું પણ મુંબઈ ગયું નથી અને આવ્યું નથી. તેમ ઈશ્વર ક્રિયા કરતા નથી, લીલા કરે છે. લીલામાં સ્વાર્થ ન હોવાથી તે લીલા આનંદરૂપ છે.ક્રિયા અને લીલાનો તફાવત રાખવાનો છે. જેની પાછળ કર્તૃત્વનું અભિમાન છે.સુખી થવાની ભાવના છે તે ક્રિયા અને જે ક્રિયા પાછળ કર્તૃત્વનું અભિમાન નથી, ફક્ત બીજાને સુખી કરવાની ભાવના છે તે લીલા. જીવની તે બધી ક્રિયા, ભગવાનની તે સઘળી લીલા. યશોદાજી વિચારે છેકે,આખુંગામ મારે ત્યાં આવવાનું છે.તે લાલાનું પારણું ઘરની બહાર ગાડા હેઠળ રાખું તો ઘરમાં જગ્યા વધારે થાય યશોદાજીએ શ્રીકૃષ્ણનું પારણું આંગણામાં ગાડાની નીચે રાખ્યું અને ગાડામાં દહીં,દૂધ વગેરે રાખ્યાં.યશોદા એક એક ગોપીનું સન્માન કરે છે. ગોપીઓ હૃદયથી આશીર્વાદ આપે છે અને પોકારે છે, બાલકૃષ્ણ લાલ કી જય હો. વ્રજવાસીઓ સન્માનમાં યશોદા તન્મય છે.આ બાજુ શ્રીકૃષ્ણ જાગ્યા.મા ક્યાં છે? મા ઉત્સવ કરે છે અને મને અહીં ગાડા નીચે રાખ્યો છે!ઉત્સવને દિવસે ભગવાનને ભૂલી જાઓ એ કેમ ચાલે? યશોદા આજે શ્રીકૃષ્ણને ભૂલ્યાં એટલે વિપત્તિ આવી.જ્યાં સુધી કાંઈક અપેક્ષા છે ત્યાં સુધી વ્યવહાર છૂટતો નથી. વ્યવહાર કરવો તે ગુનો નથી પણ વ્યવહાર માં ભગવાનને ભૂલી જવાએ ગુનો છે.ધંધો કરવો એ પાપ નથી,પણ ધંધો કરતાં ભગવાનને ભૂલી જવા એ પાપ છે.વેપારી દુકાનમાં ભગવાનની પૂજા કરે છે, પરંતુ ગ્રાહક વસ્તુ લેવા આવે એટલે તરત તે ભગવાનને ભૂલી જાય છે અને ગ્રાહકને તે ઈશ્વરની સન્મુખ છેતરે છે. પાંચ રૂપિયાની ચીજ પચીસમાં આપે, છતાં ગ્રાહકને કહે કે, તમે મારા મિત્ર છો એટલે પડતર ભાવે માલ તમને આપું છું. લેનારો હરખાય છે,પણ પડતર ભાવનો અર્થ તે સમજતો નથી. પડતર ભાવ એટલે તું પડવાનો અને હું તરવાનો! તું પડ હું તરું. વેપારી દષ્ટિએ પડતર ભાવનો આ અર્થ છે. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# કોઈકામએકલાહાથેકરીશકાતુંનથી.હવેસાથેમળીનેસહભાગિતાથી કામ કરવાનો જમાનો છે: મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી

**અમદાવાદ, તા. 31**

ભારત સરકારના ભૂમિ સંસાધન વિભાગ, બી.એન. યુગાન્ધર ગ્રામીણ અધ્યયન કેન્દ્ર(BNYCRS) , લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય પ્રશાસન એકેડેમી(LBSNAA), મસુરી અને ગુજરાતના સેન્ટર ઓફ એક્સેલેન્સ ઈન લેન્ડ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ (CoE)ના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે, કલેક્ટરશ્રીઓ અને મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ માટે NAKSHA પ્રોગ્રામના બે દિવસીય તાલીમ સહ વર્કશોપના આજના બીજા અને અંતિમ દિવસે, ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી ડૉ. શ્રીમતી જયંતિ રવિએ, દેશનાં વિવિધ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાંથી ગુજરાત આવેલા, કુલ 170 અધિકારીઓને ખાસ સંબોધન કરતા જણાવ્યું હતું કે, NAKSHAને સફળ બનાવવા માટે પારદર્શકતા, પ્રામાણિકતા, જ્ઞાન, આંતરિક સમજણ અને કો- ઓર્ડિનેશન ખૂબ જરૂરી છે. કોઈ કામ એકલા હાથે કરી શકાતું નથી. કોમ્પિટિશનનો સમય નથી રહ્યો, હવે સાથે મળીને સહભાગિતાથી કામ કરવાનો જમાનો છે. બધાને સાથે રાખીને આગળ વધવાનું છે. આપણો દેશ વિવિધ ભાષા વિવિધ લોકોનો બનેલો છે. અલગ અલગ જગ્યાના, અલગ અલગ પ્રોબ્લેમ્સ છે, એના ઉકેલ પણ અલગ અલગ હોઈ શકે છે. લોકોના પ્રોબ્લેમ્સ વિશે પણ વિચારવું પડે. સરકારમાં લોકોનો વિશ્વાસ જળવાઈ રહે તે જરૂરી છે. સરકારે પણ ક્યારેક સમય સાથે પોલિસી ચેન્જ કરવાની જરૂર હોય છે. આ માટે ઈન્ટર ડિપાર્ટમેન્ટલ કો-ઓર્ડિનેશન ખૂબ મહત્ત્વનું છે. કોઈ કામ એકલા હાથે કરી શકાતું નથી. લોકો સરકારમાં વિશ્વાસ રાખે તો કામ વધુ સરળ બનશે. NAKSHA અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે અધિકારીઓએ IEC પ્રવૃત્તિ કરવી ખૂબ જરૂરી છે.

તેમણે અધિકારીઓનો જુસ્સો વધારતા જણાવ્યું હતું કે, કામ કરશો તો સમસ્યા તો આવશે પણ સતત નવું શીખવાની પ્રોસેસ, તમને પ્રોબ્લેમ્સના સોલ્યુશન તરફ લઈ જશે. લોકોને પણ પોતાના કોર્ટ કેસ, પરિવાર વચ્ચેનો વિખવાદ, સંઘર્ષ ઘણું હોય છે, આથી લોકોની નાડ પારખીને કામ કરવું પડે. સોફ્ટવેર, નવી ટેકનોલોજી, નિયમો, મૂળભૂત સિદ્ધાંતો વગેરે અંગે શહેરોનાં લોકોને સમજાવવું પડે. ક્યારેક લોકો આવી બાબતોથી અજાણ હોય છે. આવી તાલીમ સહ વર્કશોપ એકબીજા સાથેની ચર્ચા અને શીખવાનો અવસર આપે છે.

તેમણે અધિકારીઓને પૂરતા આત્મવિશ્વાસ અને ખુલ્લા મન સાથે ફિલ્ડમાં ગ્રાઉન્ડ પર લીડર તરીકે હિંમતથી જવા માટે અનુરોધ કર્યો હતો.

ગુજરાતના મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી ડૉ. જયંતિ રવિએ LBSNAA, BNYCRS, CoE in LAMના અધિકારીઓને NAKSHAનો તાલીમ સહ વર્કશોપ યોજવા માટે અભિનંદન આપ્યા હતા.

NAKSHA પ્રોગ્રામના બે દિવસીય તાલીમ સહ વર્કશોપમાં સમાપન સમયે, ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી ડૉ. જયંતિ રવિ વિવિધ રાજ્યોના ગ્રુપ પ્રેઝન્ટેશન અને ચર્ચામાં જોડાયા હતા. આ અવસરે આસામ સરકારના સરવે વિભાગના એડિશનલ ડાયરેક્ટર સુશ્રી તન્વી અહમદે NAKSHA ના અમલીકરણ માટે, આસામ રાજ્યમાં કરવામાં આવેલી IECની બેસ્ટ પ્રેક્ટિસીસ અને જન જાગૃતિના પોતાના અનુભવો વર્ણવ્યા હતા. કર્ણાટક સરકારના મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી રાજેન્દ્રકુમાર કટારિયાએ, કર્ણાટકમાં NAKSHAના સિટી સર્વેના અનુભવો અને આયોજન અંગેનો પોતાનો રાજ્ય અનુભવ સહભાગીઓને જણાવ્યો હતો.

વર્કશોપના અંતે સહભાગીઓએ NAKSHAના અમલ અંગેની ચર્ચામાં સ્ટેટસ, ચેલેંજીસ અને સોલ્યુશન અંગેના પોતાના વિચારો રજૂ કર્યા હતા.

તાલીમાર્થીઓને સરવે ઓફ ઈન્ડિયા, ગુજરાત ડાયરેક્ટોરેટના સરવે અધિકારીઓ દ્વારા ETS અને DGPSથી મિલકતોના Ground Truthing માટેની હેન્ડ્સ ઓન તાલીમ પણ આપવામાં આવી હતી.

દેશના આંધ્રપ્રદેશ, છત્તીસગઢ ,ગોવા, ગુજરાત, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કેરાલા, તમિલનાડુ અને પુડુચેરીમાંથી આવેલા 70 અધિકારી અને ગુજરાતના લેન્ડ રેકોર્ડ વિભાગ સાથે સંકળાયેલા કુલ 100 અધિકારીઓને, અધિક મુખ્ય સચિવશ્રીના હસ્તે મોમેન્ટો અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા અને ગ્રુપ ફોટો પણ લેવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ભારત સરકારના ગ્રામીણ મંત્રાલયના ભૂમિ સંસાધન વિભાગના ડાયરેક્ટર શ્રી શ્યામ કુમાર, LBSNAAના ડેપ્યુટી ડાયરેક્ટર (IAS) શ્રી રાજેશ મીના, ગુજરાતના સેટલમેન્ટ કમિશનર અને લેન્ડ રેકોર્ડના ડાયરેક્ટર શ્રી બી.એ.શાહ (IAS), NAKSHA સાથે સંકળાયેલા અધિકારીઓ, ગાંધીનગરના કલેક્ટર શ્રી મેહુલ દવે, CoE in LAM અને DISRAના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શહીદ દિને નડિયાદની દિકરી વિધિ જાદવની શહીદોને શ્રદ્ધાંજલિ

**નડિયાદ, તા. 31**

દેશની રક્ષા માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરનારા બહાદૂર સૈનિકોના હિતોની રક્ષા કરવાની જવાબદારી પણ સહિયારી છે. કોઈને કોઈ રીતે દેશની રક્ષા કરવા કાજે ખપી જનારા ભડવીર જવાનોની પાછળ વિલાપ કરતા તેમના પરિવારને મદદરૂપ થવું, એ સૌની નૈતિક ફરજ છે અને તે ફરજને નડીયાદની એક યુવતી સારી રીતે નિભાવતી આવી છે. વિધિ જાદવે ફરી એક વખત તાજેતરમાં જમ્મુ કાશ્મીરના ચંબા આંતરરાજ્ય માર્ગ દુર્ઘટનામાં શહીદ થયેલ ૧૦ વીર સૈનિકોના પરિવારોને પત્રના માધ્યમથી સાંત્વના પાઠવી દરેક શહીદ પરિવારને રૂ. ૫૦૦૦ ની આર્થિક સહાય પણ મોકલી હતી. મા ભોમની રક્ષા કાજે પોતાના પ્રાણની આહૂતિ આપનાર વીર જવાનોને વંદન કરવાનો દિવસ એટલે ૩૦ જાન્યુઆરી. ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ રોજ સત્યના સિદ્ધાંતો ખાતર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ શહીદી વ્હોરી, ત્યારથી પૂ.ગાંધીજી સાથે દેશ માટે બલિદાન આપનાર તમામ શહીદોને આ દિવસે કૃતજ્ઞતા અર્પણ કરવામાં આવે છે. નડિયાદ શહેરની વિધિ રાજેન્દ્રકુમાર જાદવને શહીદો પ્રત્યે વિશેષ લાગણી છે. વિધિ અવારનવાર શહિદોના પરિવારોની શુભેચ્છા મુલાકાત લઈ તેમના દુખમાં સહભાગી બનવાનુ સરાહનીય કામ કરે છે. આ સાથે જ ફુલ નહીં તો ફુલની પાંખડી સિદ્ધાંતને અનુસરીને પોતાના પોકેટ ખર્ચમાંથી શહીદના પરિવારને રૂ. ૫૦૦૦ની આર્થિક સહાય પણ કરે છે. તાજેતરમાં તા.૨૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ જમ્મુ કાશ્મીરના ડોડા જિલ્લાના ચંબા આંતરરાજ્ય માર્ગ પર ૯૦૦૦ ફૂટ ઊંચા પહાડી વિસ્તાર પર આંતકવાદી વિરોધી કાર્યવાહી માટે દેશની સેનાનું એક વાહન જઈ રહ્યું હતું જે ઊંડી ખીણમાં પડી જતા દેશના ૧૦ વીર સૈનિકો શહીદ થયાં હતા. જેમાં ઉત્તર પ્રદેશના ૨૮ વર્ષીય મોનું અને ૨૭ વર્ષીય રીંખીલ બલિયન, હરિયાણાના ૩૦ વર્ષીય સુધીર નરવાલ અને ૨૬ વર્ષીય મોહિત ચૌહાણ, પશ્ચિમ બંગાળના ૨૪ પ્રદ્યુમન લુહાર અને ૨૮ વર્ષીય સમીરાન સિંઘ, પંજાબના ૨૩ વર્ષીય જોબનજીત સિંઘ, બિહારના ૩૭ વર્ષીય હરે રામ કુંવર, ઝારખંડના ૩૨ વર્ષીય અજય લાકરા અને મધ્યપ્રદેશના ૩૮ વર્ષીય શૈલેન્દ્રસિંઘ ભડોદરિયાનું મૃત્યુ થયું હતું.

## ગુજરાત વિદ્યાપીઠ દ્વારા શહીદ દિને મહાત્મા ગાંધીને 'સ્વચ્છાંજલિ' અર્પણ કરાઈ



**ગાંધીનગર, તા. 31**

મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠ ખાતે ૩૦મી જાન્યુઆરી - ગાંધી નિર્વાણ દિન નિમિત્તે પૂજ્ય બાપુના સ્વચ્છતાના આદર્શોને ચરિતાર્થ કરી, ગાંધી ચીંધ્યા માર્ગે 'સ્વચ્છાંજલિ' અર્પી, શહીદ દિવસની સાર્થક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાપીઠના દરેક સંકુલ, ભવન અને વિભાગના સેવકો તથા વિદ્યાર્થીઓએ સક્રિયપણે જોડાઈને પોતાના કાર્યક્ષેત્ર અને આસપાસના માર્ગોની સઘન સફાઈ કરી હતી. આ સફાઈ અભિયાનનું એક વિશેષ સમિતિ દ્વારા ઝીણવટભર્યું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેમાં કચરા વ્યવસ્થાપન, પીવાના પાણીની સુવિધા, ધૂળમુક્ત વાતાવરણ અને શૌચાલયની સ્વચ્છતા જેવા માપદંડો ધ્યાને લેવાયા હતા. ખાસ કરીને, સુશોભનમાં પ્લાસ્ટિક અને કૃત્રિમ રંગોના ત્યાગ તેમજ હરિત વાતાવરણની જાળવણી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. મૂલ્યાંકનના અંતે શ્રેષ્ઠ કામગીરી બદલ ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, મુખ્ય કાર્યાલય અને ગુજરાત કુમાર વિનય મંદિરને વિજેતા જાહેર કરી ધનરાશી (રોકડ પુરસ્કાર) સાથે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. શહીદ દિવસની ગરિમાપૂર્ણ ઉજવણીના ભાગરૂપે પ્રાણજીવન વિદ્યાર્થી ભવન ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સર્વધર્મ પ્રાર્થના અને ગાંધીજીના અતિ પ્રિય એવા 'વૈષ્ણવજન' ભજન દ્વારા અંજલિ અપાઈ હતી. આ સાથે જ વિદ્યાર્થીઓ અને સેવકો દ્વારા સમૂહ કાંતણ પણ કરવામાં આવ્યું હતું. વહેલી સવારની પ્રાર્થના સભામાં ઉપસ્થિત બે મિનિટનું મૌન પાળી મહાત્મા ગાંધી અને દેશના અમર શહીદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

## તા.01.01.2026ની લાયકાતની તારીખના આધારે હાથ ધરવામાં આવેલી મતદાર યાદીની ખાસ સઘન સુધારણા (SIR)

**ગાંધીનગર, તા. 31**

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) હાથ ધરવામાં આવી છે. ગત તા. 27 ઓક્ટોબર 2025થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશની ગણતરીના તબક્કાની અસરકારક કામગીરી બાદ 19 ડિસેમ્બર 2025ના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી. મુસદ્દા યાદીમાં નાગરિકો પોતાના દાવાઓ અને વાંધાઓ રજૂ કરી શકે તે માટે અગાઉ તા. 18.01.2026ની સમયસીમા રખાઈ હતી જે બાદમાં ભારતના ચૂંટણીપંચે 30.01.2026 નિર્ધારીત કરી હતી. આ સમયગાળા દરમિયાન રાજ્યભરમાંથી નાગરિકો તરફથી કુલ 14,70,125 ફોર્મ્સ મળ્યા છે. જેમાં ફોર્મ નં 6ની કુલ સંખ્યા 7,25,920 છે, ફોર્મ નં 7ની કુલ સંખ્યા 1,83,235 છે જ્યારે ફોર્મ નં 8ની કુલ સંખ્યા 5,60,970 છે. જિલ્લાવાર મળેલા ફોર્મ્સની યાદી નીચે પ્રમાણે છે. ભારતના ચૂંટણીપંચ દ્વારા આપવામાં આવેલા હેતુ 'પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય અને પાત્રતા ન ધરાવતો મતદાર સામેલ ન થાય'ને સિદ્ધ કરવા માટે રાજ્યભરના મતદાર નોંધણી અધિકારીઓ તથા સહાયક મતદાર નોંધણી અધિકારીઓ આ તમામ ફોર્મની ચકાસણી કરીને તા. 10.02.2026 સુધીમાં નિકાલ કરશે. ઉલ્લેખનીય છે કે કોઈપણ કારણોસર જો રાજ્યના કોઈપણ નાગરિકો ફોર્મ ભરવામાં કે પછી તેને જમા કરાવવાનું ચૂકી ગયા હોય કે પછી મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની સમગ્ર પ્રક્રિયામાં ન જોડાઈ શક્યા હોય તો આગામી સમયમાં સતત સુધારણા અંતર્ગત તેઓ ફોર્મ ભરી શકશે અને મતદાર યાદીમાં તેમનું નામ ઉમેરવું, રદ કરવું કે સ્થળાંતર સહિતના ફેરફાર કરાવી શકશે.

### સવારથી લઈને સાંજ સુધીનો ચટપટો આહાર... મેદસ્વિતાનું કારણ..!

## આરોગ્યપ્રદ આહાર અને જીવનશૈલી અપનાવીને આપણે મેદસ્વિતાને અટકાવીએ

**ગાંધીનગર, તા. 31**

આજના ઝડપી જીવનમાં, મેદસ્વિતા એક વૈશ્વિક સમસ્યા બની ગઈ છે, જેનું મુખ્ય કારણ આપણો આહાર અને જીવનશૈલી છે. સવારથી લઈને સાંજ સુધીનો આહાર આપણા શરીરના વજન અને આરોગ્ય પર ઊંડી અસર કરે છે. જો આહાર અસંતુલિત હોય અથવા તેમાં પોષક તત્ત્વોનો અભાવ હોય, તો તે મેદસ્વિતાને આમંત્રણ આપે છે. આપણે જોઈશું કે કેવી રીતે આહારની આદતો મેદસ્વિતાનું કારણ બની શકે છે.

સવારનો નાસ્તો દિવસનો સૌથી મહત્ત્વપૂર્ણ ભોજન માનવામાં આવે છે. જો સવારે પૌષ્ટિક નાસ્તો ન લેવામાં આવે અથવા તેમાં શર્કરા અને ચરબીયુક્ત ખોરાક જેવા કે પેસ્ટ્રી, ડોનટ્સ કે સફેદ બ્રેડનો સમાવેશ હોય, તો તે શરીરમાં ઝડપથી શર્કરાનું સ્તર વધારે છે. આવો ખોરાક ઝડપથી ભૂખ લગાડે છે, જેના કારણે લોકો દિવસ દરમિયાન વધુ ખાવાનું વલણ રાખે છે. તેના બદલે, ઓટ્સ, ફળો, બદામ અને પ્રોટીનયુક્ત ખોરાક જેવા પૌષ્ટિક વિકલ્પો પસંદ કરવા જોઈએ, જે લાંબા સમય સુધી ઊર્જા પૂરી પાડે છે.

બપોરના ભોજનમાં ઘણીવાર ફાસ્ટ ફૂડ, તળેલા ખોરાક અથવા પ્રોસેસ્ડ ખોરાકનો સમાવેશ થાય છે, જેમાં કેલરીનું પ્રમાણ ઊંચું અને પોષક તત્ત્વો ઓછાં હોય છે. આવા ખોરાક શરીરમાં ચરબીનું સંચયન વધારે છે. ઉપરાંત, બપોરે અને સાંજે ખાવામાં આવતા નાસ્તામાં બિસ્કિટ, ચિપ્સ અથવા શર્કરાયુક્ત પીણાંનો વધુ પડતો ઉપયોગ પણ વજન વધવાનું કારણ બને છે. આવા ખોરાકમાં ટ્રાન્સ ફેટ અને ખાંડનું પ્રમાણ ઊંચું હોય છે, જે શરીરમાં ઈન્સ્યુલિન પ્રતિકાર વધારે છે અને મેદસ્વિતાને પ્રોત્સાહન આપે છે.

સાંજનું ભોજન જો મોડું અને ભારે હોય, તો તે પચવામાં સમય લે છે અને શરીરમાં ચરબીના સ્વરૂપે સંગ્રહાય છે. ખાસ કરીને, રાત્રે કાર્બોહાઈડ્રેટયુક્ત ખોરાક ખાવાથી શરીરનું મેટાબોલિઝમ ધીમું પડે છે. આધુનિક જીવનશૈલીમાં બેઠાડું જીવન, ઓછી શારીરિક પ્રવૃત્તિ અને તણાવ પણ આહારની ખરાબ આદતોને વધુ ખરાબ બનાવે છે. નિયમિત વ્યાયામનો અભાવ અને અનિયમિત ખાણીપીની આદતો મેદસ્વિતાનું જોખમ વધારે છે.

ગુજરાત સરકાર દ્વારા મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન રાજ્યના લોકોના સ્વાસ્થ્યને સુધારવા માટે મહત્વપૂર્ણ છે. આધુનિક જીવનશૈલીથી થતી બીમારીઓ જેમ કે ડાયાબિટીસ, હૃદયરોગ અને બ્લડપ્રેશરને ઘટાડવા માટે તે જાગૃતિ ફેલાવે છે. યોગ, સ્વસ્થ આહાર અને શારીરિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી, તે નાગરિકોને તંદુરસ્ત જીવન તરફ દોરે છે.જો સવારથી સાંજ સુધીનો આહાર સંતુલિત અને પૌષ્ટિક ન હોય, તો તે મેદસ્વિતાનું મુખ્ય કારણ બની શકે છે. આ માટે, દરેક ભોજનમાં ફળો, શાકભાજી, આખા અનાજ, પ્રોટીનનો સમાવેશ કરવો જોઈએ. નિયમિત શારીરિક પ્રવૃત્તિ, પૂરતી ઊંઘ અને તણાવનું સંચાલન પણ મેદસ્વિતાને નિયંત્રણમાં રાખવા માટે મહત્ત્વપૂર્ણ છે. આરોગ્યપ્રદ આહાર અને જીવનશૈલી અપનાવીને આપણે મેદસ્વિતાને અટકાવી શકીએ છીએ અને સ્વસ્થ જીવન જીવી શકીએ છીએ.

### પક્ષી-પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે ગુજરાતની વધુ એક સિદ્ધિ

# કચ્છના ગૌરવમાં વધારો: બન્નીનું રતન 'છારી-ઢંઢ' હવે સત્તાવાર રીતે 'રામસર સાઈટ' જાહેર: ગુજરાતનું પાંચમું અને કચ્છનું પ્રથમ આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતું વેટલેન્ડ બન્યું છારી-ઢંઢ

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર પર્યાવરણ સંરક્ષણ, જૈવ વૈવિધ્યતા અને વેટલેન્ડ સંવર્ધન માટે સતત પ્રયત્નશીલ છે -શ્રી અર્જુન મોઢવાડિયા

**નડિયાદ, તા. 31**

*કચ્છના ગૌરવમાં વધારો: બન્નીનું રતન 'છારી-ઢંઢ' હવે સત્તાવાર રીતે 'રામસર સાઈટ' જાહેર કરાઈ છે.ગુજરાતનું આ પાંચમું અને કચ્છનું પ્રથમ આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતું વેટલેન્ડ બન્યું છે છારી-ઢંઢ. ગુજરાત રાજ્ય માટે ગૌરવની વાત છે કે કચ્છ જિલ્લામાં આવેલ છારી ઢંઢ પક્ષી અભયારણ્યને આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતા રામસર વેટલેન્ડ્સની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. આ સાથે ગુજરાતમાં રામસર સાઈટ્સની સંખ્યા હવે વધીને પાંચ થઈ છે. આ અંગે વધુ માહિતી આપતા વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે છારી-ઢંઢ પક્ષી અભયારણ્યને રામસર સાઈટનો દરજ્જો મળવાથી પર્યાવરણ સંરક્ષણ, જૈવ વૈવિધ્યતા, સ્થાનિક વિકાસ અને વૈશ્વિક ઓળખ સહિતના ક્ષેત્રોમાં સકારાત્મક પરિવર્તન આવશે. શ્રી મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાત વેટલેન્ડ્સના સંરક્ષણ અને સંવર્ધનમાં હંમેશા અગ્રેસર રહ્યું છે. દેશના કુલ વેટલેન્ડ ક્ષેત્રફળના ૨૧ ટકા કરતાં વધુ હિસ્સો ગુજરાતનો છે, જે અન્ય રાજ્યો કરતાં સૌથી વધુ છે. ગુજરાતના વેટલેન્ડ્સ અંદાજે ૩.૫ મિલિયન હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા છે, જે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના ૧૭.૮ ટકા જેટલો ભાગ ધરાવે છે. મંત્રી શ્રી મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર પર્યાવરણ સંરક્ષણ, જૈવ વૈવિધ્યતા અને વેટલેન્ડ સંવર્ધન માટે સતત પ્રયત્નશીલ છે. રાજ્યમાં દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય, ખીજડિયા અભયારણ્ય, નળસરોવર અભયારણ્ય, છારી ઢંઢ, કચ્છનું નાનું રણ-ઘૂડખર અભયારણ્ય અને પોરબંદર પક્ષી અભયારણ્ય જેવા બહુવિધ વેટલેન્ડ આધારિત રક્ષિત વિસ્તાર છે. ગાંધીનગર સ્થિત ગીર ફાઉન્ડેશન ગુજરાતમાં વેટલેન્ડ ઈકોસિસ્ટમ્સની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે વૈજ્ઞાનિક સંશોધન, મોનિટરિંગ પ્રોગ્રામ્સ અને વેટલેન્ડ સંશોધન અને દસ્તાવેજીકરણમાં સક્રિયપણે સંકળાયેલું છે. તેમણે કહ્યું કે,કચ્છના ઈકો-ટૂરિઝમ અને પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે આજે એક સુવર્ણ અધ્યાય ઉમેરાયો છે. એશિયાના સૌથી મોટા ઘાસના મેદાન ગણાતા બન્ની વિસ્તારના છેડે આવેલ 'છારી-ઢંઢ' કન્ઝર્વેશન રિઝર્વને સત્તાવાર રીતે આંતરરાષ્ટ્રીય મહત્વની વેટલેન્ડ સાઈટ એટલે કે 'રામસર સાઈટ' તરીકે જાહેર કરવામાં આવી છે. નળ સરોવર, થોળ, ખીજડીયા અને વઢવાણા બાદ છારી-ઢંઢ હવે ગુજરાતની પાંચમી અને કચ્છની પ્રથમ રામસર સાઈટ બની છે. શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વધુમાં જણાવ્યું હતું કે, છારી-ઢંઢ પક્ષી અભયારણ્યને રામસર સાઈટ તરીકે મળેલી આંતરરાષ્ટ્રીય માન્યતા ગુજરાત માટે ગૌરવની બાબત છે. રાજ્યના પર્યાવરણીય સંરક્ષણના પ્રયાસોને વૈશ્વિક સ્તરે ઓળખ અપાવે છે. આ માન્યતા થકી છારી-ઢંઢ વેટલેન્ડનું દીર્ઘકાળીન સંરક્ષણ સુનિશ્ચિત થશે, પ્રવાસી તથા સ્થાનિક પક્ષીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન મજબૂત બનશે અને દુર્લભ તથા લુપ્તપ્રાય પ્રજાતિઓના સંરક્ષણ માટે



વિશેષ પગલાં લેવામાં આવશે. આ ઉપરાંત, રામસર દરજ્જાથી વિસ્તારમાં ઈકો-ટુરિઝમને પ્રોત્સાહન મળશે, જેના પરિણામે સ્થાનિક સમુદાય માટે રોજગાર અને આવકના નવા અવસર ઊભા થશે. પર્યાવરણ જાગૃતિ, શિક્ષણ પ્રવૃત્તિઓ અને સમુદાયની સહભાગિતામાં પણ નોંધપાત્ર વધારો થશે. વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી પ્રવિણ માળીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં પહેલેથી જ નળસરોવર, થોળ, ખીજડીયા અને વઢવાણા પક્ષી અભયારણ્યો રામસર સાઈટ તરીકે માન્યતા પ્રાપ્ત કરી ચૂક્યા છે. હવે છારી-ઢંઢ પક્ષી અભયારણ્યના સમાવેશથી રાજ્યની પર્યાવરણ સંરક્ષણ અને વેટલેન્ડ સંવર્ધનની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનશે. રાષ્ટ્રીય સ્તરે વાત કરીએ તો, ભારતના કુલ ૧૧૫ રાષ્ટ્રીય વેટલેન્ડ્સમાંથી ૮ રાષ્ટ્રીય વેટલેન્ડ્સ ગુજરાતમાં આવેલાં છે. ઉપરાંત, રાજ્યમાં ૧૯ વેટલેન્ડ્સ એવા છે જે મહત્વપૂર્ણ પક્ષી અને જૈવ વૈવિધ્યતા વિસ્તારો તરીકે ઓળખાય છે, જે પ્રવાસી તેમજ સ્થાનિક પક્ષીઓ માટે મહત્વપૂર્ણ આશ્રયસ્થાન પૂરૂં પાડે છે તેમ જણાવી મંત્રીશ્રીએ આ સિદ્ધિ બદલ સૌ ગુજરાતીઓને શુભેચ્છાઓઓ પાઠવી હતી. નોંધનીય છે કે,ઉત્તરપ્રદેશમાં પટના પક્ષી અભયારણ્ય અને ગુજરાતના છારી ઢંઢને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી તેની આજે કેન્દ્રીય પર્યાવરણ,વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે૦૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ વિશ્વ વેટલેન્ડ્સ દિવસ પહેલા ભારતના રામસર નેટવર્કમાં બે નવા વેટલેન્ડ્સનો સમાવેશ કરવાની જાહેરાત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતનું રામસર નેટવર્ક૨૦૧૪માં૨૬ સ્થળોથી વધીને હવે૯૮સ્થળોએ પહોંચી ગયું છે,જે ૨૭૬ ટકાથી વધુનો વધારો દર્શાવે છે.આ આંતરરાષ્ટ્રીય માન્યતા પર્યાવરણીય સંરક્ષણ અને વેટલેન્ડ્સ સંરક્ષણ પ્રત્યે ભારતની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે. નામની સાર્થકતા અને ભૌગોલિક મહત્વ: કચ્છી ભાષામાં 'છારી' એટલે ક્ષારવાળી અને 'ઢંઢ' એટલે છીછરું સરોવર. અંદાજે ૨૨૭ ચોરસ કિલોમીટર (૨૨,૭૦૦ હેક્ટર) વિસ્તારમાં ફેલાયેલું આ વેટલેન્ડ રણ અને ઘાસના મેદાનની વચ્ચે એક અદ્ભૂત નિવસનતંત્ર ધરાવે છે. વર્ષ ૨૦૦૮ માં તેને ગુજરાતનું પ્રથમ 'કન્ઝર્વેશન રિઝર્વ' જાહેર કરવામાં આવ્યું હતું. પક્ષીઓ અને વન્યજીવોનું સ્વર્ગ: છારી-ઢંઢ ખાતે પક્ષીઓની ૨૫૦થી વધુ પ્રજાતિઓ નોંધાયેલી છે. શિયાળા દરમિયાન અહીં સાઈબેરિયા, મધ્ય એશિયા અને યુરોપના ૨૫,૦૦૦ થી ૪૦,૦૦૦ જેટલા કોમન ક્રેન (કુંજ),મળતાવડી ટીટોડી અને ચોટીલી પેણ સ્થળાંતર કરીને આવે છે. આ ઉપરાંત લેસર ફ્લેમિંગો અને ગ્રેટર ફ્લેમિંગો (હંજ) તેમજ સારસ પણ અહીં જોવા મળે છે. આ ઉપરાંત, અહીં લુપ્તપ્રાય ડાલમેશિયન પેલિકન, ઓરિએન્ટલ ડાર્ટર, બ્લેક-નેક્ડ સ્ટોર્ક અને અનેક શિકારી પક્ષીઓ જોવા મળે છે. માત્ર પક્ષીઓ જ નહીં, પરંતુ આ વિસ્તાર ચિંકારા, રણ લોમડી (Desert Fox), હેણોતરો (કેરેકલ), રણ બિલાડી અને વરુ જેવા વન્યજીવોનું પણ મહત્વનું આશ્રયસ્થાન છે. વહીવટી તંત્રની સિદ્ધિ: આ આંતરરાષ્ટ્રીય માન્યતા મેળવવામાં ગુજરાતના ચિફ વાઈલ્ડ લાઈફ વોર્ડન ડૉ. જયપાલ સિંઘ, ગાંધીનગર વન્ય પ્રાણી પાંખની ટીમ, મુખ્ય વન સંરક્ષકશ્રી (કચ્છ વન વર્તુળ, ભુજ) તેમજ નાયબ વન સંરક્ષકશ્રી કચ્છ (પશ્ચિમ) વન વિભાગ, ભુજ દ્વારા કરવામાં આવેલી સતત કામગીરી નિર્ણાયક રહી છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર (વેટલેન્ડ ડિવીઝન)ના સતત માર્ગદર્શન હેઠળ વેટલેન્ડના સંરક્ષણ અને તેની જૈવ-વિવિધતા જાળવવા માટે કરવામાં આવેલા વૈજ્ઞાનિક પ્રયાસોને પરિણામે આ સિદ્ધિ મળી છે. પર્યટન અને સંરક્ષણ હકારાત્મક અસર: રામસર સાઈટનો દરજ્જો મળવાથી છારી-ઢંઢને હવે વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધિ મળશે,જેનાથી કચ્છમાં ઈકો-ટૂરિઝમનો વિકાસ થશે અને સ્થાનિક રોજગારીની તકો વધશે. સાથે જ,આ વિસ્તારના સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ ભંડોળ અને ટેકનિકલ સહાય મળવાનો માર્ગ પણ મોકળો થયો છે. કચ્છના આ અમૂલ્ય વારસાને જાળવી રાખવા અને પર્યાવરણીય સંતુલન જાળવવા વન વિભાગ કટિબદ્ધ છે.



**WPLના એલિમિનેટરમાં પહોંચી ગુજરાત જાયન્ટ્સ**

# મુંબઈને ઈતિહાસમાં પ્રથમ વખત હરાવ્યું; ઓસ્ટ્રેલિયાની જ્યોર્જિયા વેરહેમે ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યું

**મુંબઈ, તા.31**

ગુજરાત જાયન્ટ્સ (GG) એ વિમેન્સ પ્રીમિયર લીગ (WPL)ના એલિમિનેટરમાં પ્રવેશ કરી લીધો છે. ટીમે WPL ઈતિહાસમાં પહેલીવાર મુંબઈ ઈન્ડિયન્સને હરાવી અને નોકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ કર્યો. વડોદરામાં શુક્રવારે ગુજરાતે 11 રનથી મુકાબલો જીત્યો. ટીમ તરફથી લેગ સ્પિનર જ્યોર્જિયા વેરહેમે બેટિંગમાં 44 રન બનાવ્યા બાદ બોલિંગમાં 2 વિકેટ પણ લીધી.

ગાર્ડનર-વેરહેમે ટીમને મોટા સ્કોર સુધી પહોંચાડી

કોટામ્બી સ્ટેડિયમમાં ગુજરાતે બેટિંગ પસંદ કરી. ટીમે ત્રીજી ઓવરમાં બેથ મૂનીની વિકેટ ગુમાવી દીધી, તે માત્ર 5 રન જ બનાવી શકી. સોફી ડિવાઈને પછી અનુષ્કા શર્મા સાથે ટીમને 50 રન પાર પહોંચાડી. અનુષ્કા 33 અને ડિવાઈન 25 રન બનાવીને આઉટ થઈ. કેપ્ટન એશ્લે ગાર્ડનરે પછી જ્યોર્જિયા વેરહેમ સાથે ટીમને 167 રન સુધી પહોંચાડી. ગાર્ડનરે 46 અને વેરહેમે 44 રન બનાવ્યા. મુંબઈ તરફથી અમિલિયા કરએ 2 વિકેટ લીધી. શબનિમ ઈસ્માઈલ અને નેટ સિવર-બ્રન્ટને 1-1 વિકેટ મળી.કોટામ્બી સ્ટેડિયમમાં ગુજરાતે બેટિંગ પસંદ કરી. ટીમે ત્રીજી ઓવરમાં બેથ મૂનીની વિકેટ ગુમાવી દીધી, તે માત્ર 5 રન જ બનાવી શકી. સોફી ડિવાઈને પછી અનુષ્કા શર્મા સાથે ટીમને 50 રન પાર પહોંચાડી. અનુષ્કા 33 અને ડિવાઈન 25 રન બનાવીને આઉટ થઈ. કેપ્ટન એશ્લે ગાર્ડનરે પછી જ્યોર્જિયા વેરહેમ સાથે ટીમને 167 રન સુધી પહોંચાડી. ગાર્ડનરે 46 અને વેરહેમે 44 રન બનાવ્યા. મુંબઈ તરફથી અમિલિયા કરએ 2 વિકેટ લીધી. શબનિમ ઈસ્માઈલ અને નેટ સિવર-બ્રન્ટને 1-1 વિકેટ મળી.

મુંબઈની ખરાબ શરૂઆત

168 રનના ટાર્ગેટ સામે મુંબઈએ 37 રનમાં 3 વિકેટ ગુમાવી દીધી. હેલી મેથ્યુઝ 6, નેટ સિવર-બ્રન્ટ 2 અને સજીવન સાજના 26 રન બનાવીને આઉટ થઈ ગઈ. કેપ્ટન હરમનપ્રીત કૌરે ફરી એમેલિયા કર સાથે ટીમને 80 રન પાર પહોંચાડી. એમેલિયા 20 રન બનાવીને આઉટ થઈ. તેમના પછી અમનજોત કૌર 13 અને સંસ્કૃતિ ગુપ્તા ખાતું ખોલ્યા વગર આઉટ થઈ ગઈ. હરમનપ્રીતે ફિફ્ટી ફટકારીને ટીમને જીત અપાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે સફળ ન થઈ શકી. કેપ્ટન 82 રન બનાવીને નોટઆઉટ રહી અને ટીમે 11 રનથી મેચ ગુમાવી દીધી. ગુજરાત તરફથી સોફી ડિવાઈન અને વેરહેમે 2-2 વિકેટ લીધી. કાશવી ગૌતમ, એશ્લે ગાર્ડનર અને રાજેશ્વરી ગાયકવાડને 1-1 વિકેટ મળી.168 રનના ટાર્ગેટ સામે મુંબઈએ 37 રનમાં 3 વિકેટ ગુમાવી દીધી. હેલી મેથ્યુઝ 6, નેટ સિવર-બ્રન્ટ 2 અને સજીવન સાજના 26 રન બનાવીને આઉટ થઈ ગઈ. કેપ્ટન હરમનપ્રીત કૌરે ફરી એમેલિયા કર સાથે ટીમને 80 રન પાર પહોંચાડી. એમેલિયા 20 રન બનાવીને આઉટ થઈ. તેમના પછી અમનજોત કૌર 13 અને સંસ્કૃતિ ગુપ્તા ખાતું ખોલ્યા વગર આઉટ થઈ ગઈ. હરમનપ્રીતે ફિફ્ટી ફટકારીને ટીમને જીત અપાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે સફળ ન થઈ શકી. કેપ્ટન 82 રન બનાવીને નોટઆઉટ રહી અને ટીમે 11 રનથી મેચ ગુમાવી દીધી. ગુજરાત તરફથી સોફી ડિવાઈન અને વેરહેમે 2-2 વિકેટ લીધી. કાશવી ગૌતમ, એશ્લે ગાર્ડનર અને રાજેશ્વરી ગાયકવાડને 1-1 વિકેટ મળી.

ગુજરાતની મુંબઈ પર પ્રથમ જીત

મુંબઈ અને ગુજરાત વચ્ચે અત્યાર સુધીમાં 8 મેચ રમાઈ હતી, જેમાં તમામમાં મુંબઈએ જ બાજી મારી હતી. ગુજરાતને 9મી મેચમાં સફળતા મળી અને ટીમે ઈતિહાસ પલટીને પ્લેઓફમાં પણ એન્ટ્રી કરી લીધી. હવે મુંબઈની પ્લેઓફની આશાઓ યુપી વોરિયર્ઝની જીત પર ટકેલી છે.

ગુજરાત એલિમિનેટરમાં પહોંચી

ગુજરાત જાયન્ટ્સે ગ્રુપ સ્ટેજમાં પોતાની છેલ્લી મેચ જીતીને એલિમિનેટરમાં પ્રવેશ કર્યો. ટીમે 8 માંથી 5 મેચ જીતી અને 3 હારી. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ 6 મેચ જીતીને સીધી ફાઈનલમાં પહોંચી. હવે એલિમિનેટરની છેલ્લી ટીમનો નિર્ણય 1 ફેબ્રુઆરીએ દિલ્હી અને યુપી વચ્ચે રમાનારી મેચથી થશે. જો દિલ્હી છેલ્લી મેચ જીતી જશે તો ટીમ એલિમિનેટરમાં ગુજરાત સામે ટકરાશે. જો યુપી જીતશે તો તેમને પોતાનો રન રેટ મુંબઈ કરતા સારો રાખવો પડશે, તો જ ટીમ એલિમિનેટરમાં જશે. જો છેલ્લી મેચ જીતીને પણ યુપીનો રન રેટ ખરાબ રહ્યો તો મુંબઈની ટીમ એલિમિનેટરમાં પહોંચી જશે. ગુજરાત જાયન્ટ્સે ગ્રુપ સ્ટેજમાં પોતાની છેલ્લી મેચ જીતીને એલિમિનેટરમાં પ્રવેશ કર્યો. ટીમે 8 માંથી 5 મેચ જીતી અને 3 હારી. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ 6 મેચ જીતીને સીધી ફાઈનલમાં પહોંચી. હવે એલિમિનેટરની છેલ્લી ટીમનો નિર્ણય 1 ફેબ્રુઆરીએ દિલ્હી અને યુપી વચ્ચે રમાનારી મેચથી થશે. જો દિલ્હી છેલ્લી મેચ જીતી જશે તો ટીમ એલિમિનેટરમાં ગુજરાત સામે ટકરાશે. જો યુપી જીતશે તો તેમને પોતાનો રન રેટ મુંબઈ કરતા સારો રાખવો પડશે, તો જ ટીમ એલિમિનેટરમાં જશે. જો છેલ્લી મેચ જીતીને પણ યુપીનો રન રેટ ખરાબ રહ્યો તો મુંબઈની ટીમ એલિમિનેટરમાં પહોંચી જશે.

## ઈજાગ્રસ્ત પેટ કમિન્સ T20 વર્લ્ડ કપ ટીમમાંથી બહાર



**મુંબઈ, તા. 31**

ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સ 7 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા T20 વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયો છે. તે પીઠની ઈજામાંથી સાજા થઈ શક્યો નથી. તેની જગ્યાએ લેફ્ટી પેસર બેન ડ્વારશુઈસને તક આપવામાં આવી છે. કમિન્સ ઉપરાંત, મેથ્યુ શોર્ટ પણ પોતાની જગ્યા બચાવી શક્યો નથી. તેના સ્થાને મેટ રેનશોની પસંદગી કરવામાં આવી છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ શનિવારે ટીમની જાહેરાત કરી. મિચેલ માર્શને કેપ્ટનશીપ સોંપવામાં આવી છે. જ્યારે, ઝેવિયર બાર્ટલેટ, કૂપર કોનલી અને મેથ્યુ કુહનેમન જેવા યુવા ખેલાડીઓને તક આપવામાં આવી છે. ઓસ્ટ્રેલિયન ટીમ 11 ફેબ્રુઆરીએ કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમમાં આયર્લેન્ડ સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. હાલમાં, ઓસ્ટ્રેલિયન ટીમ પાકિસ્તાન સામે 3 T20 મેચની સિરીઝ રમી રહી છે. ટીમને પહેલી મેચમાં 22 રનની હારનો સામનો કરવો પડ્યો. સિરીઝની બીજી મેચ આજે સાંજે 4:30 વાગ્યે લાહોરમાં રમાશે. 3 ખેલાડીઓ વર્લ્ડ કપમાં ડેબ્યૂ કરશે સ્પિનર મેથ્યુ કુહ્નેમન, ઓલરાઉન્ડર કૂપર કોનોલી અને ફાસ્ટ બોલર ઝેવિયર બાર્ટલેટને પહેલીવાર T20 વર્લ્ડ કપ ટીમમાં સ્થાન મળ્યું છે. કૂપર કોનોલીની પસંદગી આશ્ચર્યજનક રહી, કારણ કે તેણે છેલ્લી 12 T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ભાગ લીધો ન હતો. ટીમ ડેવિડ, ગ્લેન મેક્સવેલ અને માર્કસ સ્ટોઈનિસ તેમની જગ્યા બચાવવામાં સફળ રહ્યા છે. ગ્લેન મેક્સવેલ અને કેમરૂન ગ્રીન જેવા અનુભવી ઓલરાઉન્ડરોનો સમાવેશ થાય છે. બોલિંગની જવાબદારી જોશ હેઝલવુડ, ઝેવિયર બાર્ટલેટ અને બેન ડ્વારશિસ જેવા બોલરો પર છે. એડમ ઝામ્પા અને નાથન એલિસ પણ બોલિંગ લાઈનઅપનો ભાગ છે. પેટ કમિન્સની વાપસી ટળી છેલ્લા કેટલાક સમયથી ઈજાથી પરેશાન પેટ કમિન્સનું નામ ટીમમાં સામેલ નથી. તે ટીમ સાથે પાકિસ્તાન પ્રવાસે પણ ગયો નહોતો. એવી આશા રાખવામાં આવી રહી હતી કે તે વર્લ્ડ કપ પહેલા ઠીક થઈ જશે.

**વર્લ્ડ નંબર-1 કાર્લોસ અલ્કારેઝ સામે થશે મુકાબલો; અલ્કારેઝની સેમિફાઈનલ 5:30 કલાક તો ચોકોવિચની 4:15 કલાક ચાલી**

# નોવાક ચોકોવિચ 11મી વાર ઓસ્ટ્રેલિયન ઓપનના ફાઈનલમાં પહોંચ્યો

**38 વર્ષીય ચોકોવિચે મેન્સ સિંગલ્સ કેટેગરીની સેમિફાઈનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન જૈનિક સિનરને 3-6, 6-3, 4-6, 6-4, 6-4 થી હરાવ્યો**

**મુંબઈ, તા.31**

સર્બિયાના દિગ્ગજ ટેનિસ સ્ટાર નોવાક ચોકોવિચે વર્ષના પહેલા ગ્રાન્ડસ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. જ્યાં તેનો સામનો વર્લ્ડ નંબર-1 કાર્લોસ અલ્કારેઝ સાથે 1 ફેબ્રુઆરીએ બપોરે 2 વાગ્યાથી થશે. 38 વર્ષીય ચોકોવિચે મેન્સ સિંગલ્સ કેટેગરીની સેમિફાઈનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન જૈનિક સિનરને 3-6, 6-3, 4-6, 6-4, 6-4 થી હરાવ્યો. ચોકોવિચે આ ટુર્નામેન્ટની ફાઈનલમાં 11મી વખત સ્થાન બનાવ્યું છે. તે 2023 પછી ખિતાબી રાઉન્ડમાં પહોંચ્યો છે. આ પહેલા તેમણે 10 ફાઈનલ રમી હતી અને બધી જીતી હતી. ચોકોવિચ 25મા ગ્રાન્ડ સ્લેમથી એક જીત દૂર સર્બિયન ખેલાડી નોવાક ચોકોવિચ પોતાની કારકિર્દીના 25માં ગ્રાન્ડ સ્લેમ અને 11માં ઓસ્ટ્રેલિયન ઓપન ટાઈટલથી એક જીત દૂર છે. હાલમાં તે માર્ગારેટ કોર્ટના 24 ગ્રાન્ડ સ્લેમ રેકોર્ડની બરાબરી પર છે. અલ્કારેઝ પહેલીવાર ફાઈનલમાં પહોંચ્યો વર્લ્ડ નંબર-1 કાર્લોસ અલ્કારેઝે પહેલીવાર ઓસ્ટ્રેલિયન ઓપનના ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. તેમણે ઈજા છતાં એલેક્ઝાન્ડર ઝ્વેરેવને પાંચ સેટના રોમાંચક મુકાબલામાં હરાવ્યો. આ સેમિફાઈનલ 5:30 કલાક જેટલી લાંબી ચાલી. રોડ લેવર એરિનામાં રમાયેલા આ મેરેથોન મુકાબલામાં અલ્કારેઝે 5 કલાક 27 મિનિટ સુધી ચાલેલી મેચમાં 28 વર્ષીય જર્મન ખેલાડીને 6-4, 7-6, 6-7, 6-7, 7-5 થી હરાવ્યો. હવે ફાઈનલમાં 6 વખત ગ્રાન્ડ સ્લેમ વિજેતા અલ્કારેઝનો સામનો ડિફેન્ડિંગ ચેમ્પિયન જેનિક સિનર અથવા નોવાક ચોકોવિચ (10 વખત ચેમ્પિયન)માંથી કોઈ એક સાથે થશે. મને મારા પર ખૂબ ગર્વ છે જીત પછી કાર્લોસ અલ્કારેઝ કહ્યું, હું હંમેશા કહું છું કે પરિસ્થિતિ ગમે તેવી હોય, પોતાના પર વિશ્વાસ રાખવો ખૂબ જ જરૂરી છે. ત્રીજા સેટની વચ્ચે હું ખૂબ સંઘર્ષ કરી રહ્યો હતો અને શારીરિક રીતે આ મારા કારકિર્દીની સૌથી મુશ્કેલ મેચોમાંથી એક હતી. તેણે આગળ કહ્યું, હું પહેલા પણ આવી મેચ રમી ચૂક્યો છું.



# જસ્ટિન બીબરનું 4 વર્ષ બાદ ગ્રેમી એવોર્ડ્સમાં કમબેક



**મુંબઈ, તા. 31**

2026ના ગ્રેમી એવોર્ડ્સ (સંગીત ક્ષેત્રનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ) આ સપ્તાહના અંતે લોસ એન્જલસમાં યોજાઈ રહ્યા છે, જેમાં સંગીતના સૌથી મોટા સ્ટાર્સ અને સરપ્રાઈઝિસથી ભરેલી રાતનું વચન આપે છે. એરેના ખાતે યોજાનાર આ શો યુએસના દર્શકો માટે રવિવાર, 1 ફેબ્રુઆરીના રોજ અને ભારતના ચાહકો માટે સોમવાર, 2 ફેબ્રુઆરીના રોજ લાઈવ પ્રસારિત થશે. બધાની નજર જસ્ટિન બીબર પર છે, જે ચાર વર્ષના વિરામ બાદ ચાર નોમિનેશન સાથે ભવ્ય વાપસી કરી રહ્યો છે. તેનું 2021 પછીનું પ્રથમ આલ્બમ 'સ્વેગ' આલ્બમ ઓફ ધ યર માટે નોમિનેટ થયું છે, તેમજ બેસ્ટ પોપ વોકલ પરફોર્મન્સ, બેસ્ટ પોપ વોકલ આલ્બમ અને બેસ્ટ R&B પરફોર્મન્સ માટે પણ નોમિનેશન મળ્યા છે. અવિસ્મરણીય પર્ફોર્મન્સ અને સંગીતના શ્રેષ્ઠ કલાકારોના સન્માનની રાત માટે દર્શકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વર્ષ 2022માં આયોજિત 64મા ગ્રેમી એવોર્ડ્સ બાદ, જસ્ટિન બીબર હવે ફરી એકવાર સંગીતની આ સૌથી મોટી રાત્રિએ પરફોર્મ કરવા જઈ રહ્યો છે. વર્ષ 2022 પછી તેની આ પ્રથમ મોટી લાઈવ ઉપસ્થિતિ હશે, જેની પુષ્ટિ ખુદ રેકોર્ડિંગ એકેડેમી દ્વારા કરવામાં આવી છે. નોંધનીય છે કે, આ છેલ્લી વખત હશે જ્યારે આ શોનું CBS પર લાઈવ પ્રસારણ થશે, કારણ કે આગામી વર્ષથી શોનું સ્ટ્રીમિંગ ડિઝની પર શિફ્ટ થવાનું છે. જસ્ટિન બીબરને તેના નવા આલ્બમ 'સ્વેગ' (Swag) માટે પ્રતિષ્ઠિત 'આલ્બમ ઓફ ધ યર' કેટેગરીમાં નોમિનેટ કરવામાં આવ્યો છે. આ આલ્બમ તેની કલાત્મક વાપસી તરીકે જોવામાં આવે છે. આ ઉપરાંત, તેને શ્રેષ્ઠ પોપ વોકલ પર્ફોર્મન્સ, શ્રેષ્ઠ પોપ વોકલ આલ્બમ અને શ્રેષ્ઠ R&B પર્ફોર્મન્સ જેવી મહત્વની કેટેગરીમાં પણ નામાંકન મળ્યું છે. આ ભવ્ય સમારોહમાં બીબર ઉપરાંત સબરીના કાર્પેન્ટર, ક્લિપ્સ અને ફેરલ વિલિયમ્સ જેવા કલાકારો પણ પોતાનું પર્ફોર્મન્સ આપશે. શોમાં એક ખાસ સેગમેન્ટ પણ રાખવામાં આવ્યો છે, જેમાં આ વર્ષના 'શ્રેષ્ઠ નવા કલાકાર' (બેસ્ટ ન્યુ આર્ટિસ્ટ) કેટેગરીના આઠ નોમિનીઝ- એડિસન રે, એલેક્સ વોરેન, કેટસેટ, લિયોન થોમસ, લોલા યંગ, ઓલિવિયા ડીન, સોમ્બર અને ધ મારિયાસ પોતાની પ્રતિભા રજૂ કરશે. ધ રેકોર્ડિંગ એકેડેમી દ્વારા વર્ષ 2026ના ગ્રેમી એવોર્ડ્સ માટેના નોમિનીઝની યાદી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી છે. આ એવોર્ડ્સના વિજેતાઓનો નિર્ણય એકેડેમીના મતદાન સભ્યો દ્વારા કરવામાં આવશે, જેમાં સંગીત જગતના વિવિધ નિષ્ણાતો જેવા કે કલાકારો, એન્જિનિયરો, ગીતકારો અને નિર્માતાઓનો સમાવેશ થાય છે.



# 'સિકંદર'ની નિષ્ફળતા પર રશ્મિકા મંદાનાએ મૌન તોડ્યું

**મુંબઈ, તા. 31**

સલમાન ખાન અને રશ્મિકા મંદાના સ્ટારર ફિલ્મ 'સિકંદર' વર્ષ 2025ની સૌથી મોટી ફ્લોપ ફિલ્મ હતી. 'સિકંદર'એ બોક્સ ઓફિસ પર ખૂબ જ ખરાબ પ્રદર્શન કર્યું અને ફિલ્મનો ખર્ચ પણ નીકળી શક્યો નહીં. હવે ફિલ્મની હિરોઈન રશ્મિકા મંદાનાએ ફિલ્મના ફ્લોપ થવા પર વાત કરી છે. રશ્મિકાએ તાજેતરમાં તેલુગુ પત્રકાર પ્રેમા સાથે સિકંદર વિશે વાત કરી. તેણે ફિલ્મ વિશે વાત કરતા કહ્યું- 'જ્યારે મુરુગદાસ સરે મને સ્ક્રિપ્ટ સંભળાવી હતી, ત્યારે તે ખરેખર ઘણી અલગ હતી. ચોક્કસ, પછી જે થયું તે ખૂબ જ અલગ હતું.' 'સામાન્ય રીતે ફિલ્મો સાથે આવું થાય છે. જ્યારે તમે કંઈક સાંભળો છો, ત્યારે તે એક વાર્તા હોય છે. પરંતુ ફિલ્મ બનાવતી વખતે, પર્ફોર્મન્સ, એડિટિંગ અને રિલીઝના સમયે વસ્તુઓ બદલાઈ જાય છે. ફિલ્મ બનવાની પ્રક્રિયામાં ફેરફાર ખૂબ જ સામાન્ય બાબત છે. સિકંદર સાથે પણ આવું જ થયું.' નોંધનીય છે કે, સિકંદર ફ્લોપ થયા પછી ફિલ્મના ડિરેક્ટર એ આર મુરુગદાસે ભાષા અને સલમાન ખાનને આ માટે જવાબદાર ઠેરવ્યો હતો. તેમણે પોતાના એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, 'મોટા સ્ટાર સાથે કામ કરવું સરળ નથી હોતું. દિવસના સીન માટે પણ રાત્રે શૂટ કરવું પડતું હતું, કારણ કે સલમાન રાત્રે 8 વાગ્યે સેટ પર આવતા હતા. અમને સવારે શૂટ કરવાની આદત છે, પરંતુ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવું થતું નથી.' ભાષા પર વાત કરતા તેમણે કહ્યું હતું- 'મારી માતૃભાષા તમિલમાં કામ કરવું એ મારી સૌથી મોટી તાકાત છે કારણ કે મને ખબર છે કે અહીં શું કામ કરે છે. સોશિયલ મીડિયા પર ટ્રેન્ડિંગ કેપ્શન અને ડાયલોગનો ઉપયોગ કરીને યુવા પ્રેક્ષકોને આકર્ષી શકાય છે. પરંતુ કમનનસીબે, હું તેને અન્ય ભાષાઓમાં, ખાસ કરીને હિન્દીમાં કરી શકતો નથી. ત્યાં ફિલ્મની સફળતા માટે હું ફક્ત સ્ક્રીનપ્લે પર જ નિર્ભર રહી શકું છું.' મુરુગદાસના આ આરોપો પર સલમાને 'બિગ બોસ 19'માં પ્રતિક્રિયા આપતા તેમના પર કટાક્ષ કર્યો હતો. સલમાને કહ્યું હતું કે, તે મોડો આવતો હતો કારણ કે તેની પાંસળી તૂટી ગઈ હતી અને તેને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી હતી, જેના કારણે તેને સુરક્ષાની જરૂર હતી. પછી એક્ટરે મુરુગદાસની તે સમયે રિલીઝ થયેલી ફિલ્મ 'મદ્રાસી' પર કટાક્ષ કરતા કહ્યું કે 'સિકંદર' કરતાં મોટી બ્લોકબસ્ટર હતી અને તેમાં એક્ટર સવારે 6 વાગ્યે આવતો હતો, તેમ છતાં ફિલ્મ નિષ્ફળ રહી, જ્યારે 'સિકંદર'નો પ્લોટ સારો હતો.

# 'કુંગ-ફુ કિંગ'ની અંતિમ વિદાયની તૈયારી! : જેકી ચેને 'ફાઈનલ મેસેજ' રેકોર્ડ કર્યો

**નવી ફિલ્મ 'અનએક્સપેક્ટેડ ફેમિલી'માં જેકી ચેન બિલકુલ અલગ રૂપમાં જોવા મળી રહ્યા છે. આ વખતે તેઓ એક એવા વૃદ્ધ વ્યક્તિનો કિરદાર નિભાવી રહ્યા છે**

**મુંબઈ, તા. 31**

કુંગ-ફુ ફિલ્મોના જાણીતા એક્ટર જેકી ચેને તાજેતરમાં ખુલાસો કર્યો છે કે, તેમણે એક એવું ગીત રેકોર્ડ કર્યું છે, જે તેમના મૃત્યુ પછી રિલીઝ કરવામાં આવશે. તેમણે આ ગીતને દુનિયા માટે પોતાનો છેલ્લો સંદેશ ગણાવ્યો. આ વાત તેમણે 28 ડિસેમ્બરે બીજિંગમાં તેમની નવી ડ્રામા ફિલ્મ 'અનએક્સપેક્ટેડ ફેમિલી'ના પ્રીમિયર દરમિયાન કહી. China.org.cn ના રિપોર્ટ અનુસાર, જેકી ચેને કહ્યું કે, 'ઉંમર વધવાની સાથે મેં પોતાના ઘણા નજીકના મિત્રો અને સ્વજનોને ગુમાવી દીધા છે. આ ઘટનાઓએ મને જીવન વિશે વિચારવા મજબૂર કર્યા. મેં અનુભવ્યું કે, જીવન ખૂબ ટૂંકું છે અને જે વાતો દિલમાં છે, તે સમયસર કહી દેવી જોઈએ.' આ જ વિચાર સાથે તેમણે એક ખાસ ગીત રેકોર્ડ કર્યું છે, જેને તેઓ પોતાનો છેલ્લો સંદેશ એટલે કે ફાઈનલ મેસેજ માને છે. આ ગીત રેકોર્ડ કરવા પાછળ તેમની ભાવના ખૂબ ઊંડી છે. જેકી ચેને જણાવ્યું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં થયેલા ઘણા લોકોના મૃત્યુએ તેમને શીખવ્યું કે કંઈપણ કાયમ માટે નથી હોતું. તેથી તેમણે વિચાર્યું કે દુનિયામાંથી વિદાય લેતા પહેલા તેઓ પોતાની ભાવનાઓ એક ગીત દ્વારા લોકો સુધી પહોંચાડવા માંગે છે. જોકે, તેમના પરિવાર અને તેમની ટીમે આ ગીતને હમણાં રિલીઝ ન કરવાની સલાહ આપી છે. તેથી એવું નક્કી કરવામાં આવ્યું છે કે, આ ગીત તેમના ચાહકો માટે તે જ દિવસે જાહેર કરવામાં આવશે, જ્યારે ચેન આ દુનિયાને અલવિદા કહેશે. પ્રીમિયર દરમિયાન જ્યારે દર્શકોએ તેમને આ ગીતની કેટલીક પંક્તિઓ ગાવા વિનંતી કરી, ત્યારે તેમણે હસતાં હસતાં ના પાડી દીધી. મજાકમાં તેમણે કહ્યું, 'જો હું અત્યારે ગાઈશ, તો તમે બધા રડવા લાગશો.' નોંધનીય છે કે, તેમની નવી ફિલ્મ 'અનએક્સપેક્ટેડ ફેમિલી'માં જેકી ચેન બિલકુલ અલગ રૂપમાં જોવા મળી રહ્યા છે. આ વખતે તેઓ એક એવા વૃદ્ધ વ્યક્તિનો કિરદાર નિભાવી રહ્યા છે, જે અલ્ઝાઈમર બીમારીથી પીડાઈ રહ્યા છે. તો તમે બધા રડવા લાગશો.' નોંધનીય છે કે, તેમની નવી ફિલ્મ 'અનએક્સપેક્ટેડ ફેમિલી'માં જેકી ચેન બિલકુલ અલગ રૂપમાં જોવા મળી રહ્યા છે. આ વખતે તેઓ એક એવા વૃદ્ધ વ્યક્તિનો કિરદાર નિભાવી રહ્યા છે, જે અલ્ઝાઈમર બીમારીથી પીડાઈ રહ્યા છે.



# ચાંદીમાં ₹1.10 લાખથી વધુનો કડાકો, ₹2.91 પર પહોંચી : સોનું પણ 20,000 રૂપિયા સસ્તું થયું, કારણ પ્રોફિટ બુકિંગ

**નવી દિલ્હી, તા.31**

30 જાન્યુઆરીએ સોના અને ચાંદીના બજારોમાં કડાકો બોલાયો. પ્રોફિટ બુકિંગને કારણે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર ચાંદીનો ભાવ 1.10 લાખ (27%) ઘટ્યો. હવે, 1 કિલો ચાંદી 2.91 લાખમાં ઉપલબ્ધ છે. એક દિવસ પહેલા, 29 જાન્યુઆરીએ ચાંદી પ્રતિ કિલો 4.01 લાખમાં ઉપલબ્ધ હતી. MCX પર સોનાનો ભાવ પણ 20,000 (12%) ઘટી ગયો. 10 ગ્રામ સોનું ઘટીને 1.49 લાખ થયું. 29 જાન્યુઆરીએ, સોનું 1.69 લાખ પર હતું.

MCX અને બુલિયન માર્કેટ વચ્ચે ભાવ કેમ અલગ છે?

MCX: આ સોના અને ચાંદીના વેપાર માટેનું એક ઓનલાઈન પ્લેટફોર્મ છે. શેરબજારની જેમ દર સેકન્ડે બોલી



લગાવવામાં આવે છે, જેના કારણે કિંમતોમાં સતત વધઘટ થાય છે.

બુલિયન માર્કેટ: આ એ જગ્યા છે, જ્યાં તમે ફિઝિકલ સોનું અને ચાંદી ખરીદો છો. સોનાના પરિવહન, પરિવહન અને સંગ્રહનો ખર્ચ સામેલ છે. IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતા, તેથી શહેરોના ભાવ એનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરિન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે એનો ઉપયોગ કરે છે.

છેલ્લા 10 દિવસમાં સોનું દરરોજ 2,688 અને ચાંદી 7,527 વધી

વર્ષે જાન્યુઆરીના 29 દિવસમાં જ સોનાની કિંમત 35,280 રૂપિયા વધી ગઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,33,195 રૂપિયાનું હતું, જે હવે 1,68,475 રૂપિયા થઈ ગયું છે. રિસર્ચ હેડ ડો. રેનિશા ચૈનાની અનુસાર જો અમેરિકી ટેરિફ અને મધ્યપૂર્વમાં તણાવ વધુ વધે છે, તો સોનું 2026માં 1,90,000 રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી જઈ શકે છે, જ્યારે ચાંદી 4 લાખ રૂપિયા સુધી જઈ શકે છે.

ચાંદી 29 દિવસમાં 1,26,743 રૂપિયા મોંઘી થઈ ગઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ એક કિલો ચાંદીની કિંમત 2,30,420 રૂપિયા હતી, જે હવે 3,57,163 રૂપિયા પ્રતિ કિલો પહોંચી ગઈ છે.

સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો

1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક, એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે એની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

અસલી ચાંદીની ઓળખ કરવાના 4 રીત

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે.

આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ખૂબ ઝડપથી પીગળશે.

સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવી શકે છે.

# ટોરેન્ટ ગ્રુપ-સમર્થિત UNM ફાઉન્ડેશન દ્વારા અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટની સતત ચોથા વર્ષે વડોદરામાં પ્રસ્તુતિ

**મુંબઈ, તા.31**

વડોદરા શહેરના કલારસિકો ફરી એકવાર કલાત્મક સર્જનની ભવ્યતામાં ડૂબકી લગાવશે. ટોરેન્ટ ગ્રુપ-સમર્થિત UNM ફાઉન્ડેશન દ્વારા અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટની સતત ચોથા વર્ષે વડોદરામાં પ્રસ્તુતિ કરવામાં આવશે. આ વર્ષે વડોદરા શહેર ખાતેના અભિવ્યક્તિના સંસ્કરણમાં અમદાવાદ અને વડોદરાના કલાકારો દ્વારા નાટ્ય, નૃત્ય અને સંગીતના કેટલાક ખૂબ પ્રશંસા પામેલા સર્જનો રજૂ કરવામાં આવશે. આ આવૃત્તિમાં વડોદરામાં પ્રથમ વખત, કલા રસિકોને વિઝ્યુઅલ આર્ટ્સ પ્રદર્શનમાં ઈન્ટરેક્ટિવ અને મલ્ટીમીડિયા કલા કૃતિઓ નિહાળવાની તક મળશે. આ પ્રસ્તુતિઓ તા. 31 જાન્યુઆરી અને 1 ફેબ્રુઆરી 2026ના રોજ અલેમ્બિક આર્ટ ડિસ્ટ્રિક્ટ, વડોદરા ખાતે યોજાશે. વિઝ્યુઅલ આર્ટ્સ પ્રદર્શન સાંજે 6:00 વાગ્યાથી શરૂ થશે, ત્યારબાદ સાંજે 7:30 વાગ્યે અને 8:30 વાગ્યે એમ બે પ્રસ્તુતિઓ રજૂ થશે. પ્રથમ દિવસે, એટલે કે 31 જાન્યુઆરી ના રોજ, બે પ્રસ્તુતિઓ



યોજાશે જેમાં વડોદરાના શિરાઝેદિન ઘીયા કલેક્ટિવ દ્વારા 'ફકીરનામા: ટેલ્સ ઓફ અ મોડર્ન ફકીર' નામની સંગીત પ્રસ્તુતિ રજૂ કરવામાં આવશે, ત્યારબાદ અમદાવાદની શ્રુત ચાંગાવવાલા દ્વારા પોતાની નૃત્ય પ્રસ્તુતિ 'ધ બ્લુ અવર' રજૂ કરવામાં આવશે. બીજા દિવસે, એટલે કે 1 ફેબ્રુઆરી ના રોજ, અમદાવાદના ગૌરાંગ રાવલ દ્વારા નાટ્ય પ્રસ્તુતિ 'એ.કે.' રજૂ થશે, ત્યાર બાદ વડોદરાના સમીરખાનની કલેક્ટિવ દ્વારા સંગીત પ્રસ્તુતિ 'ઈક ખ્વાબ સી' રજૂ કરવામાં આવશે. આ તમામ પ્રસ્તુતિઓ અમદાવાદ ખાતે નવેમ્બર- 2025માં યોજાયેલા 'અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટ'ની સાતમી આવૃત્તિમાં 'સ્ટોરીઝ વેટિંગ ટુ બી ટોલ્ડ' થીમ હેઠળ રજૂ કરાયેલ પર્ફોર્મન્સમાંથી પસંદ કરવામાં આવ્યા છે. આ તમામ પ્રસ્તુતિઓનું ક્યુરેશન પ્રખ્યાત ક્યુરેટર્સ દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં ગોપાલ અગ્રવાલ (નૃત્ય), તપસ રૈલિયા (સંગીત), ગુરલીન બજ (નાટ્ય) અને જયુ ઠક્કર (વિઝ્યુઅલ આર્ટ) નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, કલાકારોને અમૂલ્ય માર્ગદર્શન પૂરૂ પાડનાર અનુભવી માર્ગદર્શકોમાં કૃતિ મહેશ (નૃત્ય), રાજત ધોળકિયા (સંગીત), સૌમ્ય જોશી (નાટ્ય) અને અંજન દલાલ (વિઝ્યુઅલ આર્ટ) નો સમાવેશ થાય છે.

# માત્ર 30 મિનિટ મોડા સૂવાથી 172 બીમારીઓનું જોખમ! : સ્લીપ પેટર્ન ખોરવાતાં હાર્ટ એટેકનું રિસ્ક અઢી ગણું વધ્યું

**મુંબઈ, તા.31**

સાયન્સ જર્નલ 'હેલ્થ ડેટા સાયન્સ'માં પ્રકાશિત એક સ્ટડી અનુસાર, રોજ અલગ-અલગ સમયે સૂવું શરીર માટે એટલું જ નુકસાનકારક છે, જેટલું ઓછી ઊંઘ લેવી. લગભગ 7 વર્ષ સુધી ચાલેલી આ સ્ટડીમાં ઊંઘ અને બીમારીઓ વચ્ચે ગાઢ સંબંધ સામે આવ્યો છે. 88,461 લોકો પર કરવામાં આવેલી આ સ્ટડીમાં વેરેબલ ડિવાઈસની મદદથી દરેકની ઊંઘની પેટર્નને ટ્રેક કરવામાં આવી. વેરેબલ ડિવાઈસ સ્માર્ટ વોચ જેવું એક ઈલેક્ટ્રોનિક ગેજેટ છે, જે કુલ ઊંઘનો સમય, સૂવા-જાગવાનો સમય, હાર્ટ રેટ અને શરીરની અન્ય એક્ટિવિટીઝને ટ્રેક કરે છે. હેલ્થ સ્ટડીમાં જાણવા મળ્યું કે રોજ અલગ-અલગ સમયે સૂવાથી, મોડી રાત સુધી જાગવાથી અને ઈરરેગ્યુલર બોડી ક્લોકથી 172 બીમારીઓનું જોખમ વધી જાય છે. આથી ફિઝિકલ હેલ્થમાં આજે આપણે આ સ્લીપ સ્ટડી વિશે વાત કરીશું. સાથે જ જાણીશું કે-

સ્લીપ પેટર્ન બગડવાથી કઈ બીમારીઓનું જોખમ વધે છે?

સ્લીપ સાયકલ કેવી રીતે ઠીક કરવી?

નિષ્ણાત: ડૉ. નવનીત સૂદ, સિનિયર કન્સલ્ટન્ટ, પલ્મોનોલોજી, ધર્મશિલા નારાયણા સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલ, દિલ્હી

પ્રશ્ન- 'હેલ્થ ડેટા સાયન્સ' માં પ્રકાશિત નવી 'સ્લીપ સ્ટડી' શું કહે છે? તેને અત્યાર સુધીની સૌથી અધિકૃત સ્લીપ સ્ટડી શા માટે કહેવામાં આવી રહી છે?

જવાબ- આ સ્ટડી પરથી જાણવા મળ્યું કે ઊંઘની પેટર્ન અને રોગો વચ્ચે સીધો સંબંધ છે.

આ સ્ટડી અત્યાર સુધીની સૌથી અધિકૃત એટલા માટે માનવામાં આવી રહી છે કારણ કે પહેલાની મોટાભાગની સ્ટડીઝ સબ્જેક્ટિવ સ્લીપ મેઝરમેન્ટ પર આધારિત હતી, એટલે કે લોકો પોતે જણાવતા હતા કે તેઓ કેટલું સૂવે છે. અહીં ઓબ્જેક્ટિવ મેઝરમેન્ટથી ડેટા લેવામાં આવ્યો, જે વધુ સચોટ છે. એટલે કે વેરેબલ ડિવાઈસથી ડેટા ટ્રેક કરવામાં આવ્યો. સાથે જ આ સ્ટડી યુકે બાયોબેંક જેવા મોટા ડેટાબેઝ પર આધારિત છે અને નેશનલ હેલ્થ એન્ડ ન્યુટ્રિશનલ એક્ઝામિનેશન સર્વે (NHANES) ડેટાથી પણ વેલિડેટ કરવામાં આવી છે.

પ્રશ્ન- અનિયમિત, ઓછી અને ખરાબ ગુણવત્તાવાળી ઊંઘથી કયા રોગોનું જોખમ કેટલા ગણું વધે છે?

જવાબ- અભ્યાસમાં જાણવા મળ્યું કે અનિયમિત ઊંઘ (દરરોજ અલગ-અલગ સમયે સૂવું), 6 કલાકથી ઓછી ઊંઘ અને ખરાબ ગુણવત્તાવાળી ઊંઘ (રાત્રે વારંવાર આંખ ખુલવી) અથવા ઓછી કાર્યક્ષમ ઊંઘથી ઘણા રોગોનું જોખમ વધે છે. કુલ 172 રોગોનું જોખમ વધે છે અને તેમાંથી 92 રોગો સીધા ઊંઘથી પ્રભાવિત થાય છે. ઓછી ઊંઘથી હાર્ટ એટેક, ડાયાબિટીસ અને સ્થૂળતાનું જોખમ 1.5 થી 2 ગણું વધી જાય છે. ખરાબ ઊંઘથી સોજો વધે છે, જે લિવર સિરોસિસનું જોખમ 2.57 ગણા સુધી વધારી શકે છે. નીચે આપેલા ગ્રાફિક પરથી સમજો કે અનિયમિત ઊંઘથી કયા રોગોનું જોખમ કેટલા ગણું વધે છે.

પ્રશ્ન- લીવર, કિડની અને હૃદય શરીરના મહત્વપૂર્ણ અંગો છે. ખરાબ ગુણવત્તાવાળી ઊંઘ તેમને નુકસાન પહોંચાડે છે. શું તેનો અર્થ એ છે કે ઊંઘ ખરાબ હોવી એ જીવલેણ સ્થિતિ છે?

જવાબ- હા, ખરાબ ગુણવત્તાવાળી ઊંઘ ખરેખર જીવલેણ હોઈ શકે છે. અભ્યાસ પરથી જાણવા મળ્યું કે ખરાબ ઊંઘથી સોજો વધે છે, જે આ અંગોના ફિલ્ટરિંગ અને કાર્યક્ષમતાને બગાડે છે.

આ સ્થિતિ જીવલેણ છે કારણ કે તેનાથી સમસ્યાઓ ધીમે ધીમે વધતી જાય છે. શરૂઆતમાં થાક લાગે છે, પરંતુ લાંબા ગાળે તે અંગોના નિષ્ફળતાનું કારણ બની શકે છે.

# ફાસ્ટેગ માટે KYV પ્રક્રિયા આવતીકાલથી પૂરી થશે:વાહન માલિકોને વારંવાર અપડેટ નહીં કરવું પડે, બેંકો પોતે ડેટા વેરિફાય કરશે

**મુંબઈ, તા.31**

નવી કાર, જીપ અને વાન માટે આવતીકાલ (1 ફેબ્રુઆરી) થી ફાસ્ટેગ જારી કરતી વખતે હવે KYV (નો યોર વ્હીકલ) પ્રક્રિયાની જરૂર રહેશે નહીં. નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ નવી કાર માટે KYV પ્રક્રિયા બંધ કરવાનો નિર્ણય લીધો છે.

આ સાથે જે કાર પર પહેલાથી જ ફાસ્ટેગ લાગેલું છે, તેમના માલિકોને પણ હવે રૂટિન KYV કરાવવાની જરૂર રહેશે નહીં. આનાથી વાહન માલિકોને માન્ય દસ્તાવેજો હોવા છતાં લાંબી વેરિફિકેશન પ્રક્રિયા માટે રાહ જોવી પડશે નહીં.

સરકારના આ પગલાનો ઉદ્દેશ્ય ફાસ્ટેગ સક્રિય થયા પછી થતી મુશ્કેલીઓને દૂર કરવાનો છે. અગાઉ, વપરાશકર્તાઓને વારંવાર ફરિયાદ રહેતી હતી કે ટેગ સક્રિય થયા પછી પણ બેંક અથવા ઓથોરિટી દ્વારા વેરિફિકેશનના નામે વિલંબ કરવામાં આવે છે. નવી ગાઈડલાઈન પછી હવે ફાસ્ટેગને વારંવાર અપડેટ કરવાની જરૂરિયાત સમાપ્ત થઈ જશે.




ઓથોરિટી અનુસાર, KYVની પ્રક્રિયાને સંપૂર્ણપણે સમાપ્ત કરવામાં આવી નથી, પરંતુ તેને 'જરૂરિયાત આધારિત' બનાવવામાં આવી છે. હવે KYV ત્યારે જ માંગવામાં આવશે જ્યારે કોઈ ફાસ્ટેગના ખોટા ઉપયોગ, ખોટી રીતે જારી થવા અથવા તેના ગુમ થવા અંગેની કોઈ ફરિયાદ મળશે. સામાન્ય રીતે કામ કરી રહેલા ફાસ્ટેગ માટે હવે કોઈપણ પ્રકારના દસ્તાવેજની ફરીથી માંગ કરવામાં આવશે નહીં. NHAIએ ફાસ્ટેગ જારી કરનાર બેંકો માટે પણ નિયમોમાં ફેરફાર કર્યા છે. હવે બેંકોએ ફાસ્ટેગ એક્ટિવેટ કરતા પહેલા વાહન પોર્ટલના ડેટાબેઝ દ્વારા વાહનનું પ્રી-એક્ટિવેશન વેલિડેશન કરવું ફરજિયાત રહેશે.સરકારના આ પગલાનો ઉદ્દેશ્ય ફાસ્ટેગ સક્રિય થયા પછી થતી મુશ્કેલીઓને દૂર કરવાનો છે. અગાઉ, વપરાશકર્તાઓને વારંવાર ફરિયાદ રહેતી હતી કે ટેગ સક્રિય થયા પછી પણ બેંક અથવા ઓથોરિટી દ્વારા વેરિફિકેશનના નામે વિલંબ કરવામાં આવે છે. નવી ગાઈડલાઈન પછી હવે ફાસ્ટેગને વારંવાર અપડેટ કરવાની જરૂરિયાત સમાપ્ત થઈ જશે. ઓથોરિટી અનુસાર, KYVની પ્રક્રિયાને સંપૂર્ણપણે સમાપ્ત કરવામાં આવી નથી, પરંતુ તેને 'જરૂરિયાત આધારિત' બનાવવામાં આવી છે. હવે KYV ત્યારે જ માંગવામાં આવશે જ્યારે કોઈ ફાસ્ટેગના ખોટા ઉપયોગ, ખોટી રીતે જારી થવા અથવા તેના ગુમ થવા અંગેની કોઈ ફરિયાદ મળશે. સામાન્ય રીતે કામ કરી રહેલા ફાસ્ટેગ માટે હવે કોઈપણ પ્રકારના દસ્તાવેજની ફરીથી માંગ કરવામાં આવશે નહીં. NHAIએ ફાસ્ટેગ જારી કરનાર બેંકો માટે પણ નિયમોમાં ફેરફાર કર્યા છે. હવે બેંકોએ ફાસ્ટેગ એક્ટિવેટ કરતા પહેલા વાહન પોર્ટલના ડેટાબેઝ દ્વારા વાહનનું પ્રી-એક્ટિવેશન વેલિડેશન કરવું ફરજિયાત રહેશે. એનો અર્થ એ છે કે બેંકો પોતે જ સરકારી ડેટામાંથી વાહનની માહિતી ચકાસશે, જેથી ગ્રાહકને પછીથી ઓફિસોના ધક્કા ન ખાવા પડે. આ ડિજિટલ ઓટોમેશન પ્રક્રિયાને વધુ પારદર્શક અને ઝડપી બનાવશે. NHAIના એક અધિકારીએ જણાવ્યું કે આ સુધારો સામાન્ય રોડ યુઝર્સના સમયની બચત માટે લાવવામાં આવ્યો છે. અવારનવાર જોવા મળ્યું છે કે માન્ય વાહન દસ્તાવેજો હોવા છતાં પણ યુઝર્સને પોસ્ટ-ઈશ્યુઅન્સ KYVને કારણે ટોલ પ્લાઝા પર અથવા પેમેન્ટ દરમિયાન મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ ફેરફાર પછી ટોલ પેમેન્ટનો અનુભવ વધુ 'સીમલેસ' (અડચણ વિનાનો) થઈ જશે. એનો અર્થ એ છે કે બેંકો પોતે જ સરકારી ડેટામાંથી વાહનની માહિતી ચકાસશે, જેથી ગ્રાહકને પછીથી ઓફિસોના ધક્કા ન ખાવા પડે. આ ડિજિટલ ઓટોમેશન પ્રક્રિયાને વધુ પારદર્શક અને ઝડપી બનાવશે. NHAIના એક અધિકારીએ જણાવ્યું કે આ સુધારો સામાન્ય રોડ યુઝર્સના સમયની બચત માટે લાવવામાં આવ્યો છે. અવારનવાર જોવા મળ્યું છે કે માન્ય વાહન દસ્તાવેજો હોવા છતાં પણ યુઝર્સને પોસ્ટ-ઈશ્યુઅન્સ KYVને કારણે ટોલ પ્લાઝા પર અથવા પેમેન્ટ દરમિયાન મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ ફેરફાર પછી ટોલ પેમેન્ટનો અનુભવ વધુ 'સીમલેસ' (અડચણ વિનાનો) થઈ જશે.

# બજેટમાં અપેક્ષાઓ: સોનું-ચાંદી સસ્તાં થઈ શકે છે:ડ્યૂટી ઘટાડીને 4% કરવામાં આવે એવી શક્યતા; 2025માં ચાંદી 167%, સોનું 75% મોંઘું

**મુંબઈ, તા.31**

1 ફેબ્રુઆરીએ રજૂ થનારા બજેટ પછી સોનું-ચાંદી ખરીદવું સસ્તું થઈ શકે છે. સરકાર આના પર લાગતી કસ્ટમ ડ્યુટી 6%થી ઘટાડીને 4% કરી શકે છે. જો આવું થશે, તો સોનું પ્રતિ 10 ગ્રામ આશરે 3 હજાર અને ચાંદી 6 હજાર રૂપિયા સસ્તી થઈ શકે છે. વર્ષ 2025માં સોનું 75% અને ચાંદી 167% વધ્યા છે. અત્યારે એટલે કે જાન્યુઆરી 2026માં 10 ગ્રામ 24 કેરેટ સોનું 1.50 લાખ અને એક કિલો ચાંદી 3.30 લાખ રૂપિયામાં મળી રહી છે. સોના-ચાંદી મોંઘા થવાના 5 કારણો 1. યુદ્ધ અને અનિશ્ચિતતા: દુનિયામાં વધતા તણાવને કારણે રોકાણકારોએ જોખમ ઘટાડવા માટે સોનાને 'સેફ એસેટ' માન્યું. ફાઈનાન્શિયલ સર્વિસીસ ફર્મ જેપી મોર્ગનના મતે, અનિશ્ચિતતા જ કિંમતોનું સૌથી મોટું ડ્રાઈવર રહી. 2. નબળો ડોલર: યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો. સોનું-ચાંદી ડોલરમાં ટ્રેડ થાય છે, તેથી ડોલર ઘટતા જ તેની કિંમતો ઉછળી ગઈ. 3. કેન્દ્રીય બેંકોની ખરીદી: ડિસેમ્બર 2025 સુધી વિશ્વભરની કેન્દ્રીય બેંકો



પાસે હવે કુલ 32,140 ટન સોનું હતું. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ મુજબ, 2022માં કેન્દ્રીય બેંકોએ 1,082 ટન, 2023માં 1,037 ટન અને 2024માં રેકોર્ડ 1,180 ટન સોનું ખરીદ્યું. વર્ષ 2025માં પણ સેન્ટ્રલ બેંકોની ખરીદી 1 હજાર ટનને પાર થવાની આશા છે. 4. ચાંદીની ઈન્ડસ્ટ્રિયલ ડિમાન્ડ: ચાંદીનો 50%થી વધુ ઉપયોગ સોલર પેનલ, EV બેટરી અને ચિપ્સ બનાવવામાં થાય છે. ડિમાન્ડ વધવાને કારણે ચાંદીએ સોના કરતા પણ વધુ રિટર્ન આપ્યું. 5. સપ્લાયમાં અછત: માઈનિંગ દ્વારા સોના-ચાંદીનો પુરવઠો મર્યાદિત રહ્યો, જ્યારે માંગ વધતી ગઈ. સપ્લાયની આ અછતથી સોના-ચાંદીના ભાવમાં ઉછાળો આવ્યો છે. સોના-ચાંદીમાં અત્યારે રોકાણ કરવું કે બજેટ પછી? નાણાકીય નિષ્ણાતોના મતે 1 ફેબ્રુઆરી 2026ના બજેટ પહેલા એકસાથે મોટી ખરીદી કરવાથી બચવું જ યોગ્ય વ્યૂહરચના છે. તેની જગ્યાએ હપ્તામાં રોકાણ કરવાની રીત અપનાવવી જોઈએ, જેથી કિંમતોમાં થતા ભારે ઉતાર-ચઢાવના જોખમને ઘટાડી શકાય. વીન માથુર (આનંદ રાઠી શેયર્સ): બજારની અનિશ્ચિતતાને જોતા 'તેજી પાછળ ભાગવાને બદલે ઘટાડા પર ખરીદી' કરવી જોઈએ. નવનીત દામાણી (મોતીલાલ ઓસવાલ): 2026ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળી શકે છે, પરંતુ લાંબા ગાળાનો ટ્રેન્ડ પોઝિટિવ છે. સોના-ચાંદીમાં રોકાણની 2 રીતો ફિઝિકલ ગોલ્ડ-સિલ્વર: ભરોસાપાત્ર જ્વેલર્સ અથવા બેંકમાંથી સોના-ચાંદીના સિક્કા અથવા બાર ખરીદી શકો છો. રોકાણની દૃષ્ટિએ 24 કેરેટ સોનાને સૌથી શ્રેષ્ઠ માનવામાં આવે છે. જોકે, તેને ઘરમાં રાખવા પર ચોરીનો ડર રહે છે. બેંક લોકરમાં રાખવા પર અલગથી ભાડું આપવું પડે છે. ગોલ્ડ-સિલ્વર ETF: આના માટે તમારી પાસે એક ડીમેટ એકાઉન્ટ હોવું જરૂરી છે. જેવી રીતે તમે કંપનીઓના શેર ખરીદો છો, તેવી જ રીતે તમે સ્ટોક માર્કેટમાંથી ગોલ્ડ અથવા સિલ્વર ETFના યુનિટ્સ ખરીદી શકો છો. અહીં ચોરીનો કોઈ ડર નથી અને શુદ્ધતાની 100% ગેરંટી હોય છે. સવાલ 1: બજેટમાં સોના-ચાંદી પર ડ્યુટી કેમ ઘટાડી શકે છે સરકાર? જવાબ: સરકાર સોનાની સ્મગલિંગ રોકવા માટે ડ્યુટી ઘટાડી શકે છે. હાલમાં 6% ઈમ્પોર્ટ ડ્યુટી અને 3% GSTને મેળવીને કુલ 9% ટેક્સ બેસે છે.

# બજેટ પહેલાં રઘુરામ રાજનની 3 ચેતવણી : દુનિયા અને ભારત બંને બહુ ખતરનાક દોરમાંથી પસાર થઈ રહ્યાં છે

**નવી દિલ્હી, તા.31**

તમને યાદ હશે 15 ડિસેમ્બર 2022ના દિવસે રાહુલ ગાંધીએ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ના પૂર્વ ગવર્નર રઘુરામ રાજનનો ઈન્ટરવ્યૂ લીધો હતો. ત્યારે રઘુરામ રાજને કહેલું કે ભારતની નિકાસ ઓછી છે. વિકાસમાં અવરોધ છે. લોકશાહી આપણી તાકાત છે એટલે ભારતે આફત વચ્ચે અવસર શોધવો જોઈએ. આ વાતને ચાર વર્ષ વીતી ગયાં. રઘુરામ રાજનનો એ ઈન્ટરવ્યૂ જોઈએ તો થાય કે રાજનની વાત તો સાચી હતી. ભારતનું યુનિયન બજેટ 1 ફેબ્રુઆરીએ નાણામંત્રી નિર્મલા સીતારમણ રજૂ કરવાનાં છે, એ પહેલાં રઘુરામ રાજને PTI સાથેની વાતચીતમાં કેટલાક મુદ્દા પર વિસ્તૃત ચર્ચા કરી છે. વાત એમ છે કે દુનિયા એવા વળાંક પર ઊભી છે, જ્યાં એક ખોટો નિર્ણય દુનિયાના કોઈપણ દેશને વર્ષો પાછળ ધકેલી શકે છે. યુદ્ધ, ટ્રેડવોર, ટેરિફ, ખર્ચનો જંગી પહાડ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની તેજ રફતાર અને મહાસત્તા માટે ખેંચતાણ. આ બધા વચ્ચે ભારત એવા ત્રિભેટે ઊભું છે કે તેણે બહુ સમજીવિચારીને નિર્ણય લેવા પડશે. ખાસ કરીને બજેટમાં ભારતના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને બજેટ પહેલાં ચેતવણી આપી છે, જેને હળવાશથી લેવા જેવી નથી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે દુનિયા અને ભારત બંને બહુ ખતરનાક દોરમાંથી પસાર થઈ રહ્યાં છે. આ સમય માત્ર આંકડાનો નથી, લોન્ગ ટર્મ વિઝનનો છે. એવું બજેટ આપવું પડશે, જે આવનારા એક વર્ષ માટે નહિ, પણ 10થી 15 વર્ષ માટે



ભારતને મજબૂત રીતે તૈયાર કરે. 1 ફેબ્રુઆરી, રવિવારે નિર્મલા સીતારમણ બજેટ રજૂ કરશે. રઘુરામ રાજનને આશા છે કે આ બજેટ માત્ર રાહત કે જાહેરાતો પૂરતું સીમિત ન રહે, પણ ત્રણ મોટા ટાર્ગેટ પૂરા કરે. આ બજેટ આવનારા દાયકાનો આર્થિક પાયો મજબૂત બનાવનારું હોવું જોઈએ. ભારતને વધારે આત્મનિર્ભર બનાવનારું હોવું જોઈએ. એવું બજેટ હોવું જોઈએ, જે ભારતના ગ્રોથને નવી રફતાર આપે. ભારત આર્થિક રીતે પણ એવો દેશ બને કે દુનિયાના દેશો મિત્રતા કરવા ઈચ્છે. ભારત આજે ત્રણ મોટાં સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. જિયોપોલિટિકલ ટેન્શન : રશિયા, યુક્રેન યુદ્ધ ત્રણ વર્ષથી ચાલે છે. મિડલ ઈસ્ટમાં તો ટેન્શન છે જ. હવે અમેરિકા-ઈરાન વચ્ચે પણ ટેન્શન વધતું જાય છે. ત્રીજું, અમેરિકા અને ચીન જેવા મહાશક્તિશાળી દેશોની દુશ્મની વધી રહી છે. ભારતનો ચીન સાથે સીમા તણાવ છે. ટેરિફના કારણે અમેરિકાથી અંતર થઈ ગયું છે. ભારત હજી પણ ગ્લોબલ સપ્લાય ચેનનો ભાગ નથી, કારણ કે ભારત કોઈ અમીર માર્કેટ પાસે નથી. બીજા દેશોની અનિશ્ચિતતાવાળી નીતિઓએ ભારત માટે તક ઊભી કરી છે. જો ભારત સાચી દિશામાં સુધારાનાં પગલાં ભરે છે તો મેન્યુફેક્ચરિંગ, સર્વિસ સેક્ટર અને ટેક્નોલોજી આ બધાં સેક્ટરમાં ભારત પોતાની ગ્લોબલ સપ્લાય ચેનમાં આગળ વધારી શકે છે. તેમણે સૂચન કર્યું કે ભારતે ચીન પરની નિર્ભરતા ઘટાડવી જોઈએ અને યુરોપ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, પશ્ચિમ એશિયા અને પૂર્વ એશિયાઈ દેશો સાથે તેના વેપાર સંબંધોને મજબૂત બનાવવા જોઈએ. ટ્રેડવોર અને ટેરિફ : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર વધારાનો 50% ટેરિફ લગાવી દીધો છે. EU સાથે મધર ઓફ ઓલ ડીલ કરવાથી અમેરિકા વધારે ગુસ્સામાં છે. તેનો સામનો કરવા ભારતે તૈયાર રહેવું પડશે. ગ્લોબલ સપ્લાય ચેનનો ઉલ્લેખ કરતાં રાજને કહ્યું હતું કે ભારતને વિશ્વ સાથે વધુ સારી રીતે સંકલન કરવા માટે કેટલાક ટેરિફ ઘટાડવાની જરૂર પડી શકે છે.

# સૌથી મોટી બેટરીવાળો સ્માર્ટફોન 'રીયલમી P4 પાવર' લોન્ચ:ફુલ ચાર્જ પર 21 કલાક બેટરી ચાલશે, 50MP કેમેરાથી સજ્જ મોબાઈલની કિંમત ₹25,999થી શરૂ

**નવી દિલ્હી, તા.31**

ટેક કંપની રિયલમીએ ભારતીય બજારમાં પોતાની P-સીરીઝનો નવો સ્માર્ટફોન 'રિયલમી P4 પાવર' લોન્ચ કર્યો છે. આ ફોન ભારતમાં અત્યાર સુધીનો સૌથી મોટી બેટરીવાળો સ્માર્ટફોન છે. તેમાં 10001mAhની બેટરી આપવામાં આવી છે. ફુલ ચાર્જ પછી 21 કલાક સુધી ચાલનારા મોબાઈલમાં 50 મેગાપિક્સલ કેમેરા અને 144Hz રિફ્રેશ રેટવાળી ટચ સ્ક્રીન મળશે. રિયલમી P4 પાવરને બે વેરિઅન્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. તેની શરૂઆતની કિંમત 25,999 રૂપિયા છે. ફોનનું વેચાણ 5 ફેબ્રુઆરીથી શરૂ થશે અને લોન્ચ ઓફરમાં 2,000 રૂપિયાનું ડિસ્કાઉન્ટ પણ મળશે. મોટી બેટરી હોવા છતાં કંપનીએ તેની ડિઝાઈનને મોર્ડન રાખવાનો પ્રયાસ




કર્યો છે. ફોનને IP68 અને IP69 રેટિંગ મળ્યું છે, જે તેને ધૂળ અને પાણીની સાથે-સાથે હાઈ પ્રેશરવાળા પાણીના છાંટાઓથી પણ બચાવે છે.

ફ્રન્ટમાં 4D કર્વ+ સ્ક્રીન આપવામાં આવી છે, જેના બેઝલ્સ ખૂબ ઓછા છે. તેમાં સેન્ટર પંચ-હોલ કેમેરા અને ઈન-ડિસ્પ્લે ફિંગરપ્રિન્ટ સેન્સર મળે છે.

રીયરમાં પ્રીમિયમ ફિનિશ આપવામાં આવી છે, જેનાથી હાથમાં સારી ગ્રિપ મળે છે. નીચેની તરફ ટાઈપ-C ચાર્જિંગ પોર્ટ અને સિમ ટ્રે આપવામાં આવી છે.

મોટી બેટરીના કારણે તેનું વજન સામાન્ય ફોન કરતાં થોડું વધારે છે, પરંતુ તેનું વજન વિતરણ (વેઈટ ડિસ્ટ્રિબ્યુશન) વધુ સારું કરવામાં આવ્યું છે.

# PSI ભરતીમાં 8679 ઉમેદવાર ક્વોલિફાઇડ

## 1023 ઉમેદવારને 5 ફેબ્રુઆરીથી ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે બોલાવાશે

**ગાંધીનગર, તા.31**

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી બિનહથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) ભરતી 2024-25 અંગે મહત્ત્વની જાહેરાત કરવામાં આવી છે. બંને પરીક્ષા પૂર્ણ થયા બાદ ક્વોલિફાઈડ થયેલા 8679 ઉમેદવારનું લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે, જે પૈકીના 1023 ઉમેદવારને 5 ફેબ્રુઆરીથી ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે બોલાવાશે, જેના કોલલેટર 2 ફેબ્રુઆરીથી ડાઉનલોડ કરી શકાશે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા બિનહથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) ભરતી 2024-




25 અંગે મહત્ત્વની જાહેરાત કરવામાં આવી છે. ભરતી જાહેરનામા ક્રમાંક GPRB/202324/1 અંતર્ગત હાથ ધરાયેલી આ ભરતીપ્રક્રિયામાં શારીરિક કસોટીમાં ક્વોલિફાઈડ થયેલા ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. આ ભરતીપ્રક્રિયામાં કુલ 1,02,935 ઉમેદવારોએ લેખિત પરીક્ષા (પેપર-1 અને પેપર-2) આપી હતી. પરીક્ષા નિયમો મુજબ પેપર-1ના Part-A અને Part-Bમાં અલગ-અલગ 40 ટકા ગુણ મેળવેલા ઉમેદવારોમાંથી કુલ 49,591 ઉમેદવારોનાં પેપર-2 (વર્ણનાત્મક)ની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી પેપર-2માં 40 કે તેથી વધુ ગુણ મેળવેલા કુલ 8679 ઉમેદવારોને ક્વોલિફાઈડ જાહેર કરવામાં આવ્યા છે. ભરતી નિયમો અનુસાર, ઉપલબ્ધ ખાલી જગ્યાના આધારે મેરિટ યાદી તૈયાર કરવામાં આવી છે. આ મેરિટ મુજબ ટોચના 1,023 ઉમેદવારને દસ્તાવેજ ચકાસણી માટે બોલાવવામાં આવશે. ક્વોલિફાઈડ ઉમેદવારોની યાદી તા. 29 જાન્યુઆરી 2026ના રોજ ગુજરાત પોલીસ ભરતી બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે. દસ્તાવેજ ચકાસણીની પ્રક્રિયા તા. 5 ફેબ્રુઆરી 2026થી તા. 10 ફેબ્રુઆરી 2026 દરમિયાન ગાંધીનગર સ્થિત ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ખાતે યોજાશે. ઉમેદવારોને દસ્તાવેજ ચકાસણી માટેના કોલલેટર OJAS વેબસાઈટ પરથી તા. 2 ફેબ્રુઆરી 2026ના રોજ બપોરે 2 વાગ્યા બાદ ડાઉનલોડ કરી શકાશે. અનામત જાતિના ઉમેદવારોને પણ ભરતી બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવેલી સૂચનાઓ મુજબ ફરજિયાત દસ્તાવેજ સાથે હાજર રહેવાનું રહેશે. ભરતીપ્રક્રિયાના આગામી તબક્કા અંગે ઉમેદવારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# હોસ્પિટલના ICUમાં મહિલા દર્દીની છેડતી, CCTV:મેલ નર્સ વારંવાર યુવતીના બોડીના સેન્સિટિવ પાર્ટને ટચ કરતો

**અમદાવાદ, તા.31**

27 જાન્યુઆરીના રોજ અમદાવાદ શહેરના સાબરમતી વિસ્તારમાં આવેલી મેટીસ હોસ્પિટલના કર્મચારી દ્વારા મહિલા દર્દીની છેડતી કરાઈ હોવાનો કિસ્સો સામે આવ્યો હતો. વહેલી પરોઢે જ્યારે યુવતી હોસ્પિટલમાં અર્ધબેભાન હાલતમાં હતી ત્યારે કર્મચારી તેની પાસે ગયો હતો અને અડપલા કર્યા હતા. આ સમગ્ર ઘટનાના CCTV પણ સામે આવ્યા છે. સાબરમતી પોલીસે CCTVના આધારે તપાસ કરી આરોપીની ધરપકડ કરી છે. સાબરમતી વિસ્તારમાં રહેતી યુવતીએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, તે છેલ્લા ઘણા સમયથી માતા-પિતા સાથે પિયરમાં રહે છે અને



તેના લગ્ન અનિલ (નામ બદલાવ્યું છે) નામના યુવક સાથે થયા હતા. અનિલ સાથે મનમેળ નહી આવતા તે પોતાના માતા-પિતા પાસે રહે છે. છેલ્લા ઘણા સમયથી અનિલ સાથેની બબાલને લઈને યુવતીને લાગી આવ્યુ હતું અને તેણે ઉંઘની દવા લઈને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. યુવતીની તબીયત ખરાબ થતા તેને સાબરમતી મેટીસ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. યુવતીની હાલત વધુ ખરાબ હોવાથી તેને આઈસીયુ વોર્ડમાં દાખલ કરાઈ હતી. યુવતી આઈસીયુમાં અર્ધબેભાન હાલતમાં હતી. સૂઈ રહી હતી ત્યારે કોઈ વ્યકિતએ તેના શરીર પર હાથ ફેરવીને છેડતી કરી હતી. યુવતીએ જોરથી બુમ પાડતા છેડતી કરનાર શખસ ત્યાંથી નાસી ગયો હતો.

# સદભાવના મેડિકલમાં ડુપ્લીકેટ દવા વેચાણની પોલીસમાં થયેલી અરજીનો મામલો

### રાજકોટ ભાજપના 'ચાણક્ય'એ ધમકી આપ્યાનો આક્ષેપ

**રાજકોટ, તા.31**

રાજકોટમાં રાહતભાવે દવાનું વેચાણ કરતા સદભાવના મેડિકલમાં ડુપ્લીકેટ દવાનું વેચાણ થતું હોવાના આક્ષેપ સાથેની થોડા મહિના પહેલા અરજી કરવામાં આવી હતી. જેને હવે રાજકીય રંગ લાગ્યો છે. ભાજપ સાથે જ સંકળાયેલા અને રાજકોટ કેમિસ્ટ એસોસિએશનના પ્રમુખ અને રાજકોટ ભાજપના 'ચાણક્ય' ગણાતા રમેશ રૂપાપરા આમને સામને આવી ગયા છે. રૂપાપરાએ આ મામલે એસોસિએશનના મંત્રીને ધમકી આપ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જ્યારે રમેશ રૂપાપરાએ કહ્યું છે કે, અમે સદભાવના મેડિકલમાં સસ્તા ભાવે દવાનું વેચાણ કરી રહ્યા હોવાથી કેમિસ્ટ એસોસિએશન તે બંધ કરાવવા માગે છે. રાજકોટ કેમિસ્ટ એસોસિયેશનના પ્રેસિડેન્ટ અને ઓલ ઈન્ડિયા કેમિસ્ટ એસોસીએશનના વાઈસ પ્રેસિડેન્ટ મયુરસિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે, અમને પેશન્ટ દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી કે સદભાવના મેડિકલ સ્ટોર માંથી લીધેલી દવા ડુપ્લીકેટ હોવાની સંભાવના છે. એક જાગૃત નાગરિક તરીકે તેના



દ્વારા એસોસિયેશનને જાણ કરવામાં આવી હતી. જે દવાનું સેમ્પલ લઈ કંપનીમાં મોકલી આપ્યુ હતુ. કંપની દ્વારા એવો રિપોર્ટ આપવામાં આવ્યો કે આ દવા ડુપ્લીકેટ છે અને તેથી સદભાવના મેડિકલ સ્ટોર સામે એક્શન લેવાના થાય છે. જેથી મુંબઈની મેકલોઈડ ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા માલવિયા નગર પોલીસ મથકમાં અરજી કરવામાં આવી હતી. મયુરસિંહે વધુમાં જણાવ્યું હતું કે, ભાજપના રમેશભાઈ રૂપાપરા કે જેઓ સદભાવના મેડિકલ સ્ટોર સાથે જોડાયેલા છે તેમને એવું લાગ્યું કે કેમિસ્ટ એસોસિએશન દ્વારા આ બધું કરવામાં આવી રહ્યું છે. જેથી 28 જાન્યુઆરીના સાંજે 5:30 વાગ્યા આસપાસ બે વ્યક્તિઓ અમારા એસોસિયેશનના મંત્રી અનિલભાઈ દેસાઈના આદિનાથ ડીસ્ટ્રીબ્યુશનની બહાર રેકી કરવા માટે આવ્યા હતા.

# હર્ષ સંઘવીની ટકોર તો દાદાએ સુરતીઓના વખાણ કર્યા:'મન ફાવે ત્યાં પિચકારીઓ મારવાનું બંધ કરો'

### DyCM, મુખ્યમંત્રીના હસ્તે 342 કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

**સુરત, તા.31**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સુરતની મુલાકાતે આવ્યા હતા. જ્યાં તેમણે કરોડો રૂપિયાના વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન સુરત શહેરના વિકાસની સાથે સાથે નાગરિકોની 'સિવિક સેન્સ' (નાગરિક શિસ્ત) ચર્ચાનો વિષય બની હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતીઓને જવાબદાર બનવા ટકોર કરી હતી. તો બીજી તરફ મુખ્યમંત્રીએ સુરતીઓની બદલાયેલી આદતોના વખાણ કરીને સૌનો સાથ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. કાર્યક્રમમાં સંબોધન કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતીઓને તેમના ઘરની જેમ જ શહેરની મિલકતો સાચવવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, સરકાર ઓડિટોરિયમ, બ્રિજ, લાયબ્રેરી અને સ્કૂલો તો બનાવે છે, પણ આ પ્રોજેક્ટ્સ આપણી મહેનતનું પરિણામ છે. આપણે આને માત્ર 'સરકારી પ્રોજેક્ટ' માનીને ગમે ત્યાં પિચકારીઓ મારીએ કે વેફર-બિસ્કિટના પડીકા નાખીએ તે યોગ્ય નથી. જેટલું આપણે આપણું ઘર



સાચવીએ છીએ, તેટલી જ જવાબદારી આ જાહેર મિલકતો સાચવવાની પણ આપણી જ છે. હર્ષ સંઘવીના નિવેદન બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખૂબ જ હળવી શૈલીમાં સુરતીઓની પ્રશંસા કરતા કહ્યું કે, લોકોમાં મોટો બદલાવ આવ્યો છે. હવે લોકો ગાડીમાંથી પડીકી ફેંકતા કે પિચકારી મારતા પહેલા હજાર વાર વિચારે છે. તેમને ડર હોય છે કે જો કોઈ જોઈ જશે તો સામેવાળી વ્યક્તિ ગુસ્સે થશે અથવા ટોકશે. મુખ્યમંત્રીએ સ્વીકાર્યું કે વર્ષો જૂની આદતો છૂટતા થોડો સમય લાગે છે, પરંતુ સુરત બદલાઈ રહ્યું છે. વડાપ્રધાનના 'સૌનો પ્રયાસ' મંત્રને યાદ કરતા તેમણે કહ્યું કે, 2047 સુધીમાં વિકસિત ભારત બનાવવા માટે નાગરિકોએ પણ પોતાની ફરજ જોરશોરથી નિભાવવી પડશે. એટલું જ નહિ મુખ્યમંત્રીએ સુરતીઓ સાથે સુરતની પણ પ્રશંસા કરી મુંબઈ સાથે સરખામણી કરતા તેઓએ કહ્યું કે, સુરત અને સુરતની વાત જ કંઈક અલગ હોય ને? કારણ કે બોમ્બેથી નજીક આવી ગયું છે ને? એટલે કોઈ પણ ફેસિલિટી, કેવી રીતે રહેણી-કરણી... પણ એક વસ્તુમાં બહુ મોટો ચેન્જ કરી દીધો છે તમે. બોમ્બેને પાછળ પાડી દીધું છે સ્વચ્છતામાં! અને સ્વચ્છતા તો સુરતની ગજબ કરી છે તમે. સ્વચ્છતામાં હવે જે તમારા માટે ચેલેન્જ છે એ માત્ર એને મેઈન્ટેન કરવાની છે કે ભાઈ હવે આ રહેવું જોઈએ સ્વચ્છ. આપણે નથી કહેતા કે આપણે ક્યાંય ફરવા-બરવા ગયા હોઈએ, ગમે તેટલો ધમાલી છોકરો હોય આપણો, પણ એને ફાઈવ સ્ટારમાં લઈ જાવને તો એનેય ડિસિપ્લિન આવી જાય કે હારું કંઈક લોચો પડશે તો અહીં કંઈક થશે એવું લાગે છે. એટલે એવું તમારે દરરોજ રાખવું પડે તો પછી આપણા ત્યાં થોડા ધમાલી તો હોય ને પાછા, એ લોકો પણ વિચારે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરત મહાનગરપાલિકાના કુલ રૂ. 342.81 કરોડના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરીને શહેરની પ્રગતિને નવો વેગ આપ્યો છે. સુરતવાસીઓની સુખાકારીમાં વધારો કરવાના હેતુથી આયોજિત આ કાર્યક્રમમાં રાજ્ય સરકારની મક્કમતા જોવા મળી હતી. આ ભવ્ય ભેટ દ્વારા શહેરના ખૂણેખૂણે માળખાગત સુવિધાઓ પહોંચાડવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો છે, જે સુરતને ગ્લોબલ સિટી બનાવવાની દિશામાં એક મહત્વનું કદમ છે.ડભોલી વિસ્તારમાં રૂ. 70 કરોડના ખર્ચે નવનિર્મિત 'અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ' આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહ્યું હતું. મુખ્યમંત્રીએ આ અત્યાધુનિક ઓડિટોરિયમનું લોકાર્પણ કરતા જણાવ્યું હતું કે, આ સુવિધા સુરતના કલા જગત અને સાંસ્કૃતિક વારસાને એક નવું અને સક્ષમ પ્લેટફોર્મ પૂરું પાડશે.

### કારચાલકે કપલને ટક્કર મારી, બ્રિજ પરથી પટકાતાં પતિનું મોત

# અમદાવાદમાં ટૂ-વ્હીલર પર જતું દંપતી ભોગ બન્યું; વડોદરામાં હાઈવે પર ટ્રકમાં લક્ઝરી બસ ઘૂસી

**અમદાવાદ, તા.31**

અમદાવાદના બલોલનગર બ્રિજ પર ગત(30 જાન્યુઆરી)એ મોડીરાત્રે એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. પતિ-પત્ની એક્ટિવા પર જઈ રહ્યાં હતાં ત્યારે પાછળથી પૂરઝડપે એક કારચાલકે એક્ટિવાને ટક્કર મારતા એક્ટિવાચાલક યુવક બ્રિજ પરથી નીચે પડ્યો હતો, જેમાં કિશન વછેટા નામના એક્ટિવાચાલકનું મોત થયું છે, જ્યારે તેમનાં પત્ની કોમલને ઈજા પહોંચી છે. ઉલ્લેખનીય છે કે બ્રિજ પર લાગેલા CCTV પણ બંધ છે. આ અંગે મૃતકના મિત્રએ આક્રોશ વ્યક્ત કરતાં કહ્યું હતું કે બ્રિજ ઉપર પતરાં કે ઝાળી નાખી હોત તો મારા મિત્રનો જીવ બચી જાત. કોર્પોરેશનની બેદરકારીને કારણે મારા મિત્રનો જીવ ગયો છે. વડોદરા પાસેથી પસાર થતો નેશનલ હાઈવે 48 જાણે મોતનો હાઈવે બની ગયો હોય એમ એક બાદ એક ગમખ્વાર અકસ્માત સર્જાઇ રહ્યા છે. ગઈકાલે કરજણ-ધાવટબ્રિજ બાદ આજે(31 જાન્યુઆરી) ફરી બામણગામ પાટિયા પાસે અકસ્માત સર્જાયો છે, જેમાં એક ખાનગી લક્ઝરી બસ આગળ જતી ટ્રકમાં



ધડાકાભેર ટકરાઈ હતી. અકસ્માતમાં ડ્રાઈવરનું ઘટનાસ્થળે મોત થયું છે અને 20થી વધુ લોકોને નાનીમોટી ઈજાઓ પહોંચી છે, જ્યારે બેથી વધુ લોકો ગંભીર હોવાનું સામે આવ્યું છે. સતત બીજા દિવસે અકસ્માતના કારણે બે દિવસમાં ત્રણનો ભોગ લેવાયો છે. જનતાનગરમાં આવાસ યોજનાના મકાનમાં રહેતો કિશન વછેટા નામનો 28 વર્ષનો યુવક પત્ની કોમલ સાથે બલોલનગરથી ન્યૂ રાણીપ થઈ ચાંદખેડા તરફ જતો હતો. આ દરમિયાન બલોલનગરબ્રિજ પર કિશનના એક્ટિવાને એક ફોર-વ્હીલરચાલકે પૂરઝડપે ટક્કર મારી હતી.

# સટ્ટો, ટોર્ચર ને અંતે આત્મહત્યા:સસરાના ઓળખીતા સાથે લાખોની લેતીદેતી શંકાના ઘેરામાં

**ગાંધીનગર, તા.31**

ગત 28 જાન્યુઆરીએ કડી નર્મદા કેનાલમાંથી 25 વર્ષીય એક યુવકનો મૃતદેહ મળ્યો હતો. આ મૃતદેહ ગાંધીનગરના સુઘડ ખાતે શિખર બંગ્લોઝમાં રહેતા બિલ્ડરના પુત્ર ઋષભ પટેલની હતી. ઋષભ પટેલે લગ્નજીવનના 13 દિવસમાં જ નર્મદા કેનાલમાં ઝંપલાવી આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી હતી. ગાંધીનગરના બિલ્ડર પુત્રના આપઘાત કેસમાં હવે સટ્ટો અને ટોર્ચરિંગનો પણ ખુલાસો થયો છે. આ ઉપરાંત સસરાના ઓળખીતા સાથે લાખોની લેતીદેતી પણ શંકાના ઘેરમાં આવી છે. આ તમામ પાસાઓને લઈને હવે બિલ્ડર પુત્રના આપઘાતનું રહસ્ય વધુ ઘેરાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, પુત્રના મોત



મામલે પિતાએ ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં પૂર્વ કોર્પોરેટરના પુત્ર સહિત ચાર શખસો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે અને 2 ફેબ્રુઆરી સુધીના કોર્ટમાંથી રિમાન્ડ મેળવી ઘનિષ્ઠ તપાસ હાથ ધરી છે. ગાંધીનગર કન્સ્ટ્રક્શન વ્યવસાય સાથે સંકળાયેલા 25 વર્ષીય ઋષભ પટેલની આત્મહત્યા કેસમાં ઈન્ફોસિટી પોલીસ સ્ટેશને મૃતકના પિતા પ્રવિણભાઈએ ચાર શખસોના નામજોગ આત્મહત્યા દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાઈ છે. પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે, આરોપીઓ મૃતક ઋષભના સસરાના ઓળખીતા છે. પૈસાની લેવડ દેવડમાં બે ત્રણ મહિનાથી માનસિક અને શારીરિક હેરાનગતિ કરતા ઋષભે અંતિમ પગલું ભર્યું હતું. ચાર આરોપીઓમાંથી એક મનિષ ઉર્ફે સ્પ્લેન્ડર પૂર્વ કોર્પોરેટર તારાબેન પટેલનો દીકરો હોવાનું ખૂલ્યું છે. હાલ પોલીસે મહિપાલસિંહ નામના એક આરોપીની ધરપકડ કરી છે અને બાકીના આરોપીઓને ઝડપી પાડવાની કવાયત તેજ કરી છે. આ અંગે ગુનો દાખલ થતા જ ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનના પીઆઈ વી.આર. ખેર સહિતની ટીમે ઘનિષ્ઠ તપાસનો દોશ શરૂ કરી તાબુંલ પાન પાર્લરના સંચાલક મહિપાલસિંહ રાઠોડની ધરપકડ કરી છે.

# અમદાવાદમાં ઘરના બદલામાં પૈસા માગતાં માતાએ ઈન્કાર કર્યો, ના સાંભળતા જ પુત્ર પિશાચ બન્યો

**અમદાવાદ, તા.31**

અમદાવાદમાં કળિયુગના કપાતરે માથામાં દંડા મારી માને પતાવી દીધી. પ્રોપર્ટીના વિવાદમાં ઘરના બદલામાં પૈસા માગતાં માતાએ ઈન્કાર કર્યો હતો. ના સાંભળતા જ પુત્ર પિશાચ બની ગયો અને માતાની હત્યા કરી નાખી. ગઈકાલે (30 જાન્યુઆરી) મકરબા વિસ્તારમાં આવેલા ઓડાના મકાનમાં રહેતાં કપિલાબેન દેવીપૂજક ઘરે હાજર હતાં ત્યારે તેમનો દીકરો અજય આવ્યો હતો. માતા-પુત્ર વચ્ચે એક ઘરને લઈને વિવાદ ચાલતો હતો, જેથી અજયે ઘરના બદલામાં પૈસા માગ્યા હતા. જોકે કપિલાબેને પૈસા આપવાની ના પાડી હતી, જેથી અજય ઉશ્કેરાયો હતો. અજયે કપિલાબેન સાથે ઉગ્ર રીતે વાત કરી હતી, એ બાદ કપિલાબેનને બાજુમાં પડેલા દંડા વડે માથામાં ફટકા માર્યા હતા. કપિલાબેનને માથામાં ગંભીર ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. આ બનાવમાં કપિલાબેનનું સારવાર દરમિયાન મોત થયું છે. બનાવની જાણ થતાં આનંદનગર પોલીસ સ્થળ પર પહોચી હતી. પોલીસે સ્થળ પરથી હત્યા કરનાર અજયની ધરપકડ કરી છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલીને વધુ તપાસ હાથ ધરી છે. ગઈકાલે અમદાવાદમાં વધુ એક હત્યાની ઘટના સામે આવી હતી, જેમાં સરખેજ ફતેહવાડી કેનાલ RCC રોડ પર આવેલી હમીદાનગર સોસાયટીમાં રહેતા 32 વર્ષીય આમિર મુકીમ નામની વ્યક્તિની હત્યા કરવામાં આવી હતી. ચાકુના ઘા મારી યુવકની પતાવી દીધો હતો.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599




